بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૦૯**

ઝિલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૦-૧૪૩૧

વર્ષ : ૦૬, અંક : ૧૨, સળંગ અંક : ૭૨



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | સનાતન સંસ્થાનું મુસ્લિમોને બદ્‌નામ કરવાનું કાવત્રુ ! | ૦૨ |
| ૦૨ | ક઼લમી ક્ષેત્રે ગુજરાતી આલિમ તબક઼ો આગળ આવે ! *(તંત્રી લેખ....)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૭ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૦૯ |
| ૦૫ | શિફા શરીફ | ૧૧ |
| ૦૬ | ક઼ાનૂને શરીઅત | ૧૪ |
| ૦૭ | "દુરૂદે મુક઼દસ" નામની કિતાબની હક઼ીક઼ત શરીઅતની રોશનીમાં | ૧૬ |
| ૦૮ | બાળકોની કેળવણીમાં માં બાપનો શું રોલ હોવો જોઈએ ?! | ૧૯ |
| ૦૯ | ગુજરાતી તલબામાં ઈલ્મી ઉણપના સબબો અને ઈલાજ | ૨૩ |
| ૧૦ | તા'ઝીયાની હક઼ીક઼ત ઈતિહાસના આઈનામાં | ૨૫ |
| ૧૧ | હઝરત મૌલાના શાકિર અલી નૂરીથી એક મુલાકાત | ૩૦ |
| ૧૨ | સુન્નતે નબવીનું મહત્વ અને આપણે | ૩૬ |
| ૧૩ | નજદી વહાબીઓએ બનાવેલા નવા મસ્આ (સઈના સ્થાન)માં સઈનો હુકમ | ૩૯ |
| ૧૪ | લેખ હરીફાઈનું પરિણામ | ૪૩ |
| ૧૫ | મશાઈખે કિરામનાં સોનેરી કથનો | ૪૪ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## મહમાને મદીના

રઝા : હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી-મુંબઈ

મુઝકો તયૂબહ્ બુલા હી લેતે હૈં
અપના મંગતા બના હી લેતે હૈં
મેરે હાલાત ઉનપે હૈં રોશન
જબ તો બિગળી બના હી દેતે હૈં
જબ તળપતા હે દીદકો કોઈ
અપના જલ્વા દિખા હી દેતે હૈં
કોઈ હુસ્ને અમલ નહીં ફિર ભી
મેરે આકા નિભા હી લેતે હૈં
મૈં કિસી ઔર સે ન માંગું કભી
માંગને સે સિવા હી દેતે હૈં
મુઝકો બખ્શિશકા દેને પરવાના
અપના મેહમાં બના હી લેતે હૈં
**'શાકિરે'** બેનવાકા રખને ભરમ
અપને દર પર બુલા હી લેતે હે

## પીળુ પત્રકારત્વ તે આનુ નામ ! સર્વ મીડિયા ખામોશ છે !

# સનાતન સંસ્થાનું મુસ્લિમોને બદ્‌નામ કરવાનું કાવત્રુ !

*કાર્યાલય*


અત્યાર સુધી દેશના ખૂણામાં ક્યાંય પણ બોમ્બ ફૂટે તો આખુ મીડિયા તંત્ર (પ્રિન્ટ તથા ઈલેકટ્રોનિક) હોબાળો મચાવી દેતું કે ત્રાસવાદીઓ ફલાણી મુસ્લિમ સંસ્થાના સભ્યો છે અને આખી મુસ્લિમ કૌમની લાગણી દુભાય તેવા અંદાઝમાં અખ્બારો ભરાઈ જતાં અને ક્યાંની ક્યાં સ્ટોરી રચાઈ જતી ! કોમવાદી પક્ષોના વડા સસ્તી લોકપ્રિયતા પામવા માટે કોમી લાગણી ઉશ્કેરાય તેવાં નિવેદનો કરતા. કટ્ટરવાદી સંસ્થાઓ તેના વિરુદ્ધમાં રાજ્ય બંધ કે ભારત બંધનાં એલાનો આપતી. જ્યારે તા. ૧૬–૯–૨૦૦૯ના રોજ ગોવા મડગાંવમાં બોમ્બ ગોઠવવા સ્કૂટર પર લઈને જતાં રસ્તામાં થયેલા વિસ્ફોટથી હિંદુ સનાતન સંસ્થાના બે સભ્યો માર્યા ગયા જેમનાં નામ અલગૌંડા પાટિલ અને યોગેશ અયક હતાં. તો એ સમાચાર આવ્યા ગયા થઈ મીડિયાએ ભૂલાવી દીધા ! મુસ્લિમોને બદ્‌નામ કરી કોમવાદની આગ દેશભરમાં ઉશ્કેરવા તથા દેશની શાંતિને અંજપામાં ફેલાવવા માટે દીવાળીની આગલી સાંજે ગોવામાં જાહેર સ્થળે બોમ્બ ગોઠવવા જતાં એઓ મૃત્યુ પામ્યા. આ કાવત્રાખોરોની યોજના હતી કે વિસ્ફોટ સ્થળે મુસ્લિમો સાથે જોડાયેલી વસ્તુઓ જેમ કે દિલ્હીની ખાન માર્કેટમાંથી ખરીદેલ બોટલ, મુસ્લિમોમાં પ્રચલિત અત્તરની બોટલ, ઉર્દૂ ભાષામાં લખાણ ધરાવતો ચોખાનો ખાલી થેલો વગેરે વસ્તુઓ મૂકી તપાસને ગેર માર્ગે દોરવી જેથી મુસ્લિમોનો વાંક જણાતાં દેશમાં કોમી તણાવ સર્જાય. પોલીસ રિપોર્ટમાં દર્શાવાયું છે કે સદ્‌નસીબે સમગ્ર ઘટનાનો પર્દાફાશ થઈ જતાં આ યોજના નિષ્ફળ નિવડી. વિસ્ફોટમાં કટ્ટરવાદી હિંદુ સંગઠન સનાતન સંસ્થાની સંડોવણી ખુલતાં પોલીસે સંસ્થાના આશ્રમ પર દરોડા પાડયા હતા જ્યાંથી વાંધાજનક વસ્તુઓ કબજે કરવામાં આવી હતી. આ અગાઉ માલેગાંવ તથા દેશના અન્ય કેટલાક વિભાગોમાં થયેલા વિસ્ફોટોમાં પણ કટ્ટરવાદી હિંદુ સંગઠનની સંડોવણીનો પર્દાફાશ થયો હતો. અગાઉ આ રીતે વિસ્ફોટ કરી આવાં તત્વોએ કેટલાય નિર્દોષ મુસ્લિમોને જેલમાં નાખ્યા હશે તેનો અંદાજો આ પરથી થઈ શકે છે.

આશ્ચર્ય છે કે આપણુ પ્રિન્ટ મીડિયા તથા ઈલેકટ્રોનિક મીડિયા એક મામૂલી સમાચાર બન્યા હોય તેમ લગભગ ખામોશ છે ! ગોવા વિસ્ફોટની શું તપાસ ચાલે છે, શું બહાર પડી રહ્યું છે, તેનાથી જાણે આંખ આડા કાન કરી રહ્યું છે, જ્યારે કે જો બોમ્બ બીજે ઠેકાણે ફૂટયા હોત તો નજીક કોઈ પણ ધર્મના લોકો હોત તેમને મરવાનું તથા ઈજા પામવાનું નિશ્ચિત હતું. આને કહે છે પીળુ (પક્ષપાતી) પત્રકારત્વ !

વાત કેટલી ગંભીર છે કે ગોવાના ગૃહ પ્રધાન રવિ નાઈકે ખૂદ જણાવ્યું કે, કટ્ટરવાદી હિંદુ સંગઠન સનાતન સંસ્થા કેવળ ગોવા માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ખતરારૂપ છે. ગોવામાં દિવાળીની પૂર્વ સંધ્યાએ થયેલા બોમ્બ વિસ્ફોટમાં સનાતન સંસ્થા સાથે સંકળાયેલા પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. નાઈકે જણાવ્યું હતું કે **આ સંસ્થાથી ફક્ત ગોવાને જ નહીં પરંતુ સમગ્ર ભારતને ખતરો છે.** શુક્રવારે એક સ્થાનિક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં નાઈકે જણાવ્યું હતું કે, સંસ્થાએ પહેલાં મહારાષ્ટ્રમાં કાવતરું રચ્યું હતું અને હવે ગોવામાં ઘણા ક્ષેત્રોમાં વિસ્ફોટ કરવાના પ્રયત્નો કર્યા હતા. ગોવા વિસ્ફોટની તપાસ માટે રચાયેલ વિશેષ તપાસ ટીમે (એસ.આઈ.ટી.) સંસ્થાના ત્રણ સભ્યોની ધરપકડ કરી હતી જેમાં એક એમબીએનો વિદ્યાર્થી અને એક એન્જિનિયર સામેલ છે. આ અગાઉ પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી. *(ગુ. ટુ ડે, તા. ૧૪–૧૧–૦૯)* આટલું છતાં આ સંસ્થા પર હજી પ્રતિબંધ મૂકવાની તો કોઈ વાત જ નથી થઈ !

જો મીડિયા તથા પત્રકારોને માનવતાની ખરેખર લાગણી હોય અને તેઓ દેશમાં શાંતિ તથા એકતા તથા દેશની પ્રગતિ ચાહતા હોય તો તેમણે સાચા સમાચારો નિઃસંકોચ તથા પક્ષપાત વિના રજૂ કરવા જોઈએ જેથી પબ્લિક ગલત ફહમીઓનો શિકાર ન બને અને દેશનું તંત્ર મજબૂત બને.

બદ્અક઼ીદગી તથા કુસંસ્કારકતાથી ઉમ્મતને બચાવવા...



# ક઼લમી ક્ષેત્રે ગુજરાતી આલિમ તબક઼ો આગળ આવે !

**તંત્રી લેખ**

વર્તમાનકાળમાં લેખન તથા સંપાદન ક્ષેત્રે ગુજરાતીઓમાં ક઼લમકારોની ઉણપ વર્તાઈ રહી છે. ગુજરાતમાં બહુમતિ સુન્નીઓની જ છે, કેટલાયે લાખો સુન્નીઓમાં ખિદમત માટે ગણત્રીનાં જ માસિકો બહાર પડે છે જે વિશાળ રણમાં બે ચાર છાંટા સમાન છે, તેમાંય સચોટ અને સમયાનુરૂપ, સંજોગોને અનુલક્ષીને પબ્લિકની ઈસ્લાહ માટે ધારદાર લખાણો રજૂ કરનારાં માસિકો કેટલાં ?! કેટલાં માસિક તો જાણે છાપવા પૂરતાં જ છપાય છે જેમાં કાંઈક તલાશ કરનારાઓને સમયના તકાઝા મુજબ અવનવુ જાણવા મળે તથા કોઈક ગાઈડ લાઈન મળે એવાં લખાણો જવલ્લે જ જોવા મળે છે. એ જ પ્રમાણે પ્રકાશન સંસ્થાઓ જુઝ છે તેમાંય અમુક જ અસરકારક તથા જરૂરી પ્રકાશનો પ્રસિદ્ધ થતાં હોય છે. અમારી દષ્ટિએ આલિમ થનાર તબક઼ો કે જેમને ઈલ્મે દીન સાથે ખાસ લગાવ છે તથા જેઓ ઈલ્મે દીનની ખિદમત કાજે જ આલિમ થયા છે તેઓ જો આ ક્ષેત્ર તરફ મુખ કરે તો આ કમી પૂર્ણ થઈ શકે છે.

### ★ ફ઼િત્નાના સમયમાં આપણી જિમ્મેદારીને સમજો ! ★

આજે સર્વ બાતિલ ફ઼િર્ક઼ા વહાબી, દેવબંદી, શીઆ, અહલે હદીષ, ક઼ાદયાની સુદ્ધાં તેમજ ઈસ્લામના ખુલ્લા વિરોધીઓ પોતાની બદ્અક઼ીદગીના પ્રચાર માટે પુષ્કળ સાહિત્યનો ફેલાવો કરી રહ્યા છે. કુર્આનની આયતો તથા હદીષો રજૂ કરી નબી કરીમ ﷺને "આપણા જેવા માનવી" સાબિત કરવા મથામણ કરી રહ્યા છે, અલ્લાહના રસૂલ ﷺની તા'ઝીમને શિર્ક ઠરાવી રહ્યા છે, ૧૪૦૦ વરસથી ચાલી આવતા અહલે સુન્નતના અક઼ીદા તથા રસ્મો રિવાજને ચેલેંજ કરી રહ્યા છે ! વિવિધ ગામો તથા મસ્જિદો પર કબજો જમાવી રહ્યા છે, ઈસ્લામ વિરુદ્ધ સાહિત્યો છપાય છે, અખ્બારોમાં એવા લેખો છપાય છે, અને તેમની છેતરામણી તરકીબોથી કેટલાય અહલે સુન્નત ભાઈઓ શંકાકુશંકામાં પડી જાય છે, તો કેટલાય રાહ પરથી ભટકી જાય છે ! વળી આજની યુવા પેઢી ઈસ્લામી રંગથી વિમુખ થઈને અધર્મીઓનો તથા ઈસ્લામના દુશ્મનોનો રૂપરંગ અપનાવી દીનથી માઈલો દૂર જઈ રહી છે, ઈસ્લામી પાકીઝા સંસ્કૃતિથી ધૃણા કરીને પશ્ચિમી યહૂદી ઈસાઈઓનું નગ્નતાભર્યું કલ્ચર અપનાવી મનમાં ગર્વ અનુભવી રહી છે ! જો આ પ્રવાહને રોકવામાં નહીં આવે, ઉમ્મતે મુસ્લિમાને આ બધી ગુમરાહીઓથી બચાવવામાં નહીં આવે તો કાલે ક઼યામતના દિવસે આપણે એનો જવાબ આપવો પડશે ! માટે કોઈ એવું ન સમજે કે, "આપણે બધી શું ફિકર ! આપણે આપણને સાચવીને બેસી રહીએ તો બસ !" નહીં ! અચૂક આપણી પકડ થશે જ કે જ્યારે ફ઼િત્નાનો સમય હતો, મારા દીન પર, મારા નબીની ઈજ્જત પર, ઈસ્લામના ક઼ાનૂનો પર હુમ્લા થતા હતા ત્યારે તમે શું કર્યું ? જેથી આપણે સુસ્તી કરી તો ત્યાં શું જવાબ બનશે ?! વળી એ વાત સમજી લો અને દિમાગમાં કાંઈ પણ ભ્રમ હોય તો કાઢી નાખો કે 'બદ્અક઼ીદગી' તથા 'કુસંસ્કારકતા'નું પુર હવે આપણા ઉંબરામાં અથડાઈ રહ્યું છે ! બદ્અક઼ીદગી તથા કુસંસ્કારકતાના મુબલ્લિગો શું તમારે દરવાજે ટકોરા મારતા તમે નથી સાંભળતા ! કોણ બદ્મઝહબોના વચ્ચે નથી રહેતો ?! કોના ઘરમાં ટી.વી. નથી ?! (ઈલ્લા માશાઅલ્લાહ !) છતાં તમે કઈ રીતે ચૈનની નિદ્રામાં પોઢી રહ્યા છો ! ગંભીરતાથી વિચારો !

જેઓ ઈલ્મે દીનથી સજ્જ છે અને તેનો જોઈએ તેવો લાભ સુન્ની પબ્લિકને દરેક રીતે વિશાળ કક્ષાએ નથી પહોંચાડી શકતા, કેવળ મર્યાદિત ડ્યૂટી કરીને ફાજલ સમય શાંતિથી જીવવામાં પસાર કરે છે અને ગુજરાતી હોવા છતાં ગુજરાતી લખવાથી લાચારી દર્શાવે છે તેનું દષ્ટાંત અગાઉ પણ અમે દર્શાવી ચૂક્યા તે એ કે, "એક ઝાડ ઉછર્યું, ખૂબ ફુલ્યુ ફાલ્યુ ફેલાયું, ખૂબ ફળો લાગ્યાં અને જમીન પર વેરાયાં અને સૂકાઈને નાશ પામ્યાં પણ તેની આસપાસ

સજ્જડ કાંટાળી વાડ હોવાથી કોઈને તેનો લાભ ન થયો !" એવું ન થાય જેથી એ લઘુતાગ્રંથિમાંથી તેઓ બહાર આવે કે અમને માતૃભાષા ગુજરાતી લખવામાં મહારત નથી ! કેમ કે જ્યારે તમે ઉર્દૂ અરબી લખતાં વાચતાં શીખી ગયા તો તમારી માતૃભાષામાં નિષ્ણાત થવું કોઈ મુશ્કેલ કામ નથી. તમે કદમ ઉપાડો તો મંઝિલ તમારા તરફ દોડતી જણાશે, ઈન્શાઅલ્લાહ ! Practic makes a man perfact.

## ★ કલમનું મહત્વ કુર્આન હદીષની રૂએ ★

અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી ફર્માવે છે કે ખાલિકે કાઈનાતનાં અસંખ્ય એહસાનો તથા ઈનામો જે રસૂલે અકરમ ના સદકા તથા વસીલાથી આપણને મળ્યાં એમાં આ બે નેઅમતો ખૂબ મહાન છે ! માનવ તરીકે સર્જન તથા કલમથી લખવું. જેમ કે રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "પઢો ! તમારા રબના નામથી જેણે પેદા કર્યા. માનવને લોહીના ટીપાથી પેદા કર્યો. પઢો ! અને તમારો રબ ખૂબ જ કૃપાળુ છે જેણે કલમથી લખવાનું શીખવાડયું, માણસને શીખવાડયું જે જાણતો ન હતો." *(સૂ. અલક, ૧ થી ૫)* કલમની શક્તિ, તેના મહત્વ તથા ફાયદાને દરેક દૌરમાં માનવામાં આવ્યો છે. તેના થકી મોટા મોટા યુદ્ધો જીતાયાં છે અને મહાન મહાન કારનામાં અંજામ આપવામાં આવ્યાં છે. કલમની મહાનતાનો દરેક ઈલ્મ તથા કમાલવાળા માનવે સ્વીકાર કર્યો છે, અને એના સંબંધે ગર્વની વાત એ છે કે ખૂદ ખાલિકે કાઈનાત પણ લખાણની કસમ યાદ ફર્માવે છે : "કલમ તથા તેના લખાણની કસમ !" *(સૂ. કલમ–૧)*

આગલી કૌમો તથા મિલ્લતોના બનાવો તથા કિસ્સા, તેમની હાલતો, તેમની આદતો તથા પ્રકૃતિઓ, તેમની દીની તથા ઈલ્મી અને રાજકીય તથા સામાજિક પ્રવૃત્તિઓ તથા દાસ્તાનોનો આજે આપણને જે કાંઈ ઈલ્મ છે તે આ જ કલમની બરકતોનું પરિણામ છે. જો ઈલ્હામી તૌર પર ઈન્સાનની અંદર આ કાબેલિયત રાખવામાં ન આવતી અને કલમનો આ ફયુઝાન ન હોત તો હકીકત તથા મઅરેફતનાં કેટલાય ઝરણાં સૂકાઈ ચૂક્યાં હોત, હિકમત તથા શાણપણની ન જાણે કેટલીયે મેહફિલો ઉજડી ચૂકી હોત, અને ઈલ્મો ફઝ્લના ન જાણે કેટલાયે ચિરાગ બુઝાઈ ચૂક્યા હોત.

આ કલમનો જ કમાલ છે કે માનવ ચિંતન તથા દષ્ટિબિંદુને જીવંત રાખીને તેનો ફેલાવો કરે છે પછી તેને કાયમી ખ્યાતિથી નવાઝીને અમર કરી આપે છે. આ કલમનું જ આકર્ષણ તથા ખેંચાણ છે કે માનવ દિમાગ પર અસર નાખીને તેના દિલને પ્રભાવિત કરીને તેને મજબૂત કરે છે. અને આ તેની જ ખડી કરેલી ક્રાંતિ છે કે જેનાથી વર્તમાનકાળની સર્વ સભ્ય તથા પ્રગતિ પામેલ કૌમો લાભાવંત તથા માલામાલ થઈ રહી છે.

રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે : "તમે લખાણ થકી ઈલ્મને સુરક્ષિત કરી લો." એટલે કે તમારે ઈલ્મને મેહફૂઝ તથા તેને સલામત રાખવો છે અને તેનાથી લાભ પામવો છે તો લખાણને વસીલો બનાવીને પોતાની આવનારી પેઢીના માટે પોતાના ઈલ્મ તથા હિકમતનો ખજાનો જમા કરતા જાવ.

જરા વિચારો કે રિસાલતકાળમાં ન રેડિયો હતો ન ટેલીવિઝન, ન ટેપ રેકોર્ડ હતું, ન કોઈ એવું સાંભળવાનું યંત્ર, લખાણ જ તે ઝરીયો છે કે કુર્આને હકીમ આજે કાગળના પૃષ્ઠો પર આપણી નજરો સમક્ષ છે. અને લખાણનો જ કમાલ છે કે રસૂલે અકરમ ﷺના આદેશો તથા ફર્માનો તથા આપની આદતો તથા ખૂબીઓ તથા મહાન ગુણોથી આપણે વાકેફ થઈ શક્યા. સહાબાએ કિરામ, તાબઈન, તબેઅ તાબઈન, મુજતહિદ ઈમામો તથા સાલેહીન અવલિયાના અઝીમુશ્શાન ઈતિહાસથી આપણે માહિતગાર થઈ શક્યા. તફસીર તથા હદીષ, અકીદા તથા કલામ, ફિક્હ તથા ફતાવા, ઉસૂલ તથા ભાષાના કાયદા, મંતિક તથા ફિલોસોફી તથા અન્ય ઈલ્મો વિદ્યાઓનો વારસો આપણા સુધી પહોંચી શક્યો જેની રોશનીમાં આપણા જ્ઞાનનો કાફલો પોતાની મંઝિલ પ્રતિ કૂચ કરી રહ્યો છે. *(હિજાઝ જદીદ, ઓક્ટોબર–૧૯૮૮)*

## ★ રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરીનો આક્રોશ ! ★

સમય તથા સંજોગોના તકાઝાઓ (**Demand**)ને લક્ષમાં રાખીને હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ પોતાની કૌમના આમ તથા ખાસ લોકોને ગફલતની નિદ્રાથી જગાડવા માટે આ પ્રમાણે પયગામ આપ્યો હતો :–

"એક અરસાથી બૂમો પાડી રહ્યો છું કે જીવંત રહેવું હોય તો વિચારવા તથા વર્તવાની સ્ટાઈલ બદલવી પડશે. લોખંડની તલ્વારનો જમાનો ખત્મ થઈ ગયો, હવે કલમની તલ્વારથી યુદ્ધો જીતવામાં આવી રહ્યાં છે. પહેલાં કોઈ

મર્યાદિત વિસ્તારમાં કુફ્ર તથા ગુમરાહી ફેલાવવાના માટે વરસોનાં વરસોનો સમય જતો હતો અને હવે પ્રેસના થકી કેવળ થોડાક કલાકોમાં બદ્‌માશીનું એક વિશ્વવ્યાપી પુર ઉમટી શકે છે ! જરા આંખ ઉઠાવીને જુઓ ! આજે હિંદુસ્તાનનો દરેક ફિર્કો કલમની શક્તિ અને પ્રેસના માધ્યમથી કેટલો શસ્ત્રસજ્જ થઈ ચૂક્યો છે કે એના હુમ્લાઓથી આપણા દીનની સલામતી ખતરામાં પડતી જઈ રહી છે. બલ્કે અમુક એવી જમાઅતોનો નિર્દેશ હું કરી શકુ છું જેના અસ્તિત્વનો છેડો ભૂતકાળથી નથી મળતો પરંતુ આ અજનબીપણુ છતાં કેવળ કલમના માધ્યમ થકી તે જમીન પર તોફાનની જેમ ફેલાતી જઈ રહી છે ! અને તેનું અજનબી સાહિત્ય સેંકડો વરસની આપણી વિશ્વસનીય કિતાબોને ખૂબ જ ઝડપભેર પાછળ છોડતુ જઈ રહ્યું છે. ચિંતનયુક્ત દિમાગના ઘડતરમાં કલમને જે મહત્વ ઉપલબ્ધ છે તેનો ઈન્કાર નથી કરી શકાતો અને એ હકીકતથી પણ ઈન્કાર શક્ય નથી કે વૈચારિક મજબૂતી વિના કોઈપણ જમાઅત તોફાનોનો સામનો નથી કરી શકતી. પ્રેસનો જ આ કરિશ્મો છે કે ફિત્નો સવારે જન્મ લે છે, બપોરે જવાન થાય છે અને સાંજ પડતાં પડતાં આબાદીઓના માટે એક દર્દનાક આપત્તિ બની જાય છે.

આપણી જમાઅતની દાસ્તાન એટલી શાનદાર છે કે બસ ! માતમ કરવાનું મન થાય છે, પ્રથમ તો આપણે ત્યાં વાંચવાનો શોખ ખૂબ જ ઓછો છે અને કાંઈક છે પણ તો જમાઅતની ભલાઈની ભાવના નામ માત્રની છે. આપણે ત્યાં જે કામને સૌથી અધિક મહત્વ આપવામાં આવે છે તે તકરીરોનું સ્ટેજ છે. આ ક્ષેત્રે આપણે લાખો રૂપિયા નિઃસંકોચ લૂટાવી દઈએ છીએ અને આપણને જરાય થાક નથી લાગતો ! અલ્બત્ત કલમના થકી દીનની ખિદમતના સવાલ પર સુસ્તપણાનો તમાશો જોવા લાયક હોય છે." *(માહનામા જામે નૂર–કલકત્તા, ઈ.સ. ૧૯૬૯, પેજ–૨, ૩)*

આજે જમાનો તથા તેનો મિજાઝ ઘણે અંશે બદલાય ચૂક્યો છે, નવા નવા રોજ ઉભરતા તકાઝાઓની ભીડ લાગી છે. આખુ જગત એ હકીકતના સ્વીકારની સાથે એના પર અમલ કરતુ થઈ ગયું છે કે જીવન સંગ્રામનું સૌથી કામયાબ તથા અસકારક હથિયાર કલમ અને કેવળ કલમ છે. દરેક ભણેલો ગણેલો માણસ એનાથી સારી પેઠે વાકેફ જ નહીં બલ્કે પોતાના માથાની આંખો વડે સવાર સાંજ જોઈ રહ્યો કે જે વિચાર મંચ (મક્તબે ફિક્ર)નું સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે તેનો સ્વીકાર આમ થઈ રહ્યો છે, અને દિલોનો ઝુકાવ એના પ્રતિ વળી રહ્યો છે.

છતાં અત્યારે પણ આપણી સમક્ષ આપણી જમાઅતના જે હાલાત છે તે ઘણા અંશે આ મેદાનમાં આપણી ગફલત તથા સુસ્તીની ચાડી ખાય રહ્યા છે જેના નિવેડા માટે વિના વિલંબે આપણે ધ્યાન કરવાનું છે. કલમના ઘોડાને અમલના મેદાનમાં ઉતારીને આપણે આપણી ઉચ્ચ સુઝબુઝ, ઈલ્મ તથા દાનિશનાં મોતીઓ લૂટાવવાં જોઈએ. આ અમલનું ક્ષેત્ર આપણાથી એનો તકાઝો પણ કરે છે અને આપણી રાહ પણ જોઈ રહ્યું છે.

### ★ આ'લા હઝરતની કેડી જ કામયાબીથી મિલાવી શકે છે ! ★

એક અફસોસનાક હકીકત એ પણ છે કે જે હસ્તી તથા શખ્સિયતના નામ પર આજે સામાન્યતઃ સર્વ ખતીબો તથા વાઈઝો પોતાની તકરીરોમાં ગરમી તથા બયાનમાં જોશ પેદા કરે છે તેના જ અમલી બંધારણની વિરુદ્ધ જમાઅતના મોટા ભાગના આલિમો પોતાના ખિતાબતની બઝ્મને સંવારવા તથા સજાવવામાં વ્યસ્ત જોવા મળે છે. અને આપણી બદ્‌નસીબીથી જાણે આપણે એને જ સર્વસ્વ સમજી લીધું છે. જ્યારે કે જમાઅતની હૈસિયતથી આપણે કાર્યોની વહેંચણીના ઉસૂલ પર આપણુ કામ આગળ વધારવું જોઈએ અને જેનામાં જે ચીજની તરી આવતી કાબેલિયત હોય તેના માથે તેના શોખ પ્રમાણે દીન તથા અમલી ખિદમતોના વિભાગ સુપ્રત કરવા જોઈએ.

કેટલાક કાબેલિયતવાળા શખ્સો સંશોધન માંગતા વિષયોની મહેનત તથા કળતરથી બચવા માટે એ જ બેહતર સમજે છે કે કલમની કાંટાળી વાદીમાં કદમ રાખવામાં ન આવે કેમ કે એમાં લોહી અધિક બળે છે અને નઝરાણાની ઉમ્મીદ ઓછી હોય છે બલ્કે બીજા કામની સરખામણીમાં કાંઈ પણ નહીં ! જ્યારે એથી ઉલ્ટુ તકરીર તથા ખિતાબતના સ્ટેજ પર જલ્દીથી ખ્યાતિ પણ છે અને ઈજ્જત માન સન્માન પણ મળે છે, અવામ વાહ વાહ પણ કરે છે અને કેશ પણ હાથ લાગે છે, સારાંશ કે તે સર્વ કાંઈ મળે છે જેની સામાન્યતઃ જીવનને જરૂરત છે, જેના કારણે આજકાલ અરબી મદ્રસાઓના તલબાનું સર્વ ધ્યાન એ તરફ જ કેન્દ્રિત છે. અને આ તરફ ખેંચાણ ઈખ્લાસ તથા દિયાનતની ઉણપના કારણે આખી જમાઅતના માટે તબાહી તથા બર્બાદી અને એક મહાન ખોટ તથા નુકસાનનો સબબ બનતુ જઈ રહ્યું છે. *(નુકૂસે ફિક્ર, પેજ–૫૮, યાસીન અખ્તર મિસ્બાહી)*

## ★ તક઼રીરની 'અંજુમન' જેમ ક઼લમની હરીફાઈ પણ રાખો ! ★

આજે મોટાભાગે દારુલ ઉલૂમોમાં તક઼રીર નઅત શીખવા તેની પ્રેક્ટિસ માટે અંજુમન દર અઠવાડિયે થાય છે પરંતુ લખાણની પ્રેક્ટિસ કે લેખક પેદા કરવાની કોશિશ સંબંધે મહિનામાં એકવાર પણ કોઈ લેખ હરીફાઈ કે એક પેરેગ્રાફ પણ કોઈ વિષયે લખવાની તાકી઼દ તલબાને થતી નથી, તો જેઓ તા'લીમ માટે આવ્યા છે તેમને એ દિશામાં વાળવાની કોશિશ જ નહીં થાય તો ક્યાંથી ક઼લમકારો પેદા થવાના ?! ''મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !''ની બૂમો પાડનારા આ'લા હઝરતની જિંદગીને પણ એક નજરે જુએ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જ્યારથી સમજણા થયા ત્યારથી જીવનના છેલ્લા શ્વાસ સુધી દીની અહકામ તથા મસાઈલની તેહકી઼ક઼ અને કાગળ તથા ક઼લમ તરફ જ સૌથી વધુ ધ્યાન કર્યું. અને એ કામનો એમને એટલો શોખ હતો કે અંદાઝા પ્રમાણે આપની લખેલી કિતાબોના પેજીસ (મોટી સાઈઝના)ની વહેંચણી જીવનના દિવસો પર કરવામાં આવે તો સરેરાશ દરરોજ આપના જીવનમાં આપે ૫૫ પેજીસ કૌ઼મને આપ્યાં છે ! એમણે આ કામ ખૂદ કર્યું અને જરૂરતના મુજબ પોતાના ખલીફા તથા શાગિર્દોને એ પ્રમાણેની દીની ઈલ્મી ખિદમતો સોંપતા રહ્યા. પણ આપણી હાલત એ છે કે અંગત લાભ તથા ફાયદાની હવસમાં આપણે દીન તથા મિલ્લતની, કૌ઼મની ખિદમતની ભાવનાઓ તથા એહસાસોને ઘણે ખરે અંશે મૃતપાય કરી દીધા છે.

જરૂરત એ વાતની છે કે અમુક ક઼ાબેલિયત ધરાવતા હોંસલામંદ ક઼મલકાર હવે ખુલીને મેદાનમાં આવીને એને પોતાનુ ઓઢણુ તથા બિછાનું બનાવી લે અને ક઼લમની બરકતોથી કૌ઼મને આબાદ કરવા માટે અરબી મદ્રસાના નવયુવાન તલબાને તા'લીમ આપીને તેને પોતાના સહાયક બનાવી તૈયાર કરતા જાય. અરબી મદ્રસાઓના તે મોહતરમ ઉસ્તાઝો પોતાનો સહીહ કિરદાર આ ક્ષેત્રે નિભાવે જેઓ લેખન સંપાદન ક્ષેત્રથી ખૂદ પણ દિલચશ્પી ધરાવે છે અને પોતાના ક઼ાબેલિયતવાળા તલબાને પણ આ રાહ પર લગાડીને તેમને કૌ઼મ  તથા મિલ્લતના માટે ફાયદાકારક બનાવવા ચાહે છે.

## ★ જેણે જે કર્યું દીન માટે તેને ખુદા જઝા આપે ! ★

અલ્લાહનો શુક્ર છે કે વિતેલા જમાનામાં ગુજરાતીમાં ઘણા મશહૂર ક઼લમકારો થઈ ગયા જેમણે અહલે સુન્નતની સુરક્ષા માટે ખૂબ જ જદ્દો જેહદ કરી છે જેમાંના કેટલાક અલ્લાહને પ્યારા થઈ ગયા જેમ કે મર્હૂમ અબ્દુલ ગફ્ફાર ચોલા (જામનગર), મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા (મોડાસા), મર્હૂમ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી, મર્હૂમ મૌલાના હસન આદમ કોલવનવી.... વગેરે તેમની ક઼બ્રો પર અલ્લાહ રહ઼મતો નૂરની વર્ષા વરસાવે, તથા કેટલાક ક઼લમકારો જીવનની સંધ્યાએ પહોંચીને હવે નવાંગતુક ક઼લમકારોની ડોળા ફાડી ફાડીને રાહ જોઈ રહ્યા છે અને ખુદાથી દુઆ કરી રહ્યા છે કે આ ક્ષેત્રે સુન્નિયતને બચાવવાવાળા, કૌ઼મને ઝિંદા કરવાવાળા નવા ક઼લમકારો ઉમેરાય જેથી ઈત્મિનાનથી તેઓ જીવનના અંતિમ શ્વાસો પૂર્ણ કરે. એમાં જેમ કે જનાબ હાજી ઉષ્માનભાઈ ખત્રી (તંત્રી : તયબાહ માસિક) કે ૮૩ વરસે પણ અસંખ્ય કમજોરીઓ બીમારીઓ છતાં ક઼લમને ચલાવ્યે જાય છે. તે ઉપરાંત હઝરત મૌલાના સૈયદ ક઼મરુદીનબાવા કારંટવી સાહબ તથા હઝરત સૈયદ અહમદશા બુખારી (કચ્છ) કે જેમણે પોતાની યુવાનીના સમયમાં બાતિલ ફિર્ક઼ાઓને દમ મારવા નથી દીધો. તે ઉપરાંત હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી પાકટ વયે પણ હજી યુવાનને શરમાવે તે રીતે સુન્નિયત માટે જદ્દો જેહાદ કરી રહ્યા છે. ઉપરાંત જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી તથા અન્ય ઘણા થયા છે. આ સુન્ની ક઼લમકારો માટે દુઆ છે કે રબ્બે કરીમ તેમને તેના હબીબે પાક ﷺના સદક઼ામાં બંને જહાનમાં આબાદ રાખે અને ખુલૂસ દિલે મરતા દમ સુધી અહલે સુન્નતની સલામતી તથા કૌ઼મો મિલ્લતની ઈસ્લાહના માટે ખુલૂસ દિલે, નિઃસ્વાર્થપણે કામ કરવાની તૌફીક઼ આપે, તાદેર તેમનો સાયો આપણા ઉપર રહે. નવયુવાન ક્રાંતિકારી ક઼લમકારોમાં હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)નું નામ પ્રથમ ક્રમે છે કે જેમણે ક્રાંતિકારી તક઼રીરો ઉપરાંત એક અણમોલ તોહફો 'તોહફાએ નજાત' નામથી ૧૫ ભાગોમાં ભેટ ધર્યો છે અને હાલ હનફી ફિક઼્હ પ્રમાણે હદીષોનો ખજાનો વુઝૂ, નમાઝ, રોઝા.....વગેરે સંબંધે અરબી, ઉર્દૂ, ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવા જઈ રહ્યા છે જેના લગભગ ૨૦૦૦ પેજીસ લખાય ચૂક્યા છે જે વર્તમાન બાતિલ ફિર્ક઼ાઓની બોલતી બંધ કરવા તથા અહલે સુન્નતની હિદાયત માટે અણમોલ ખજાનો પુરવાર થશે. ઈન્શાઅલ્લાહ ! તથા અન્ય નવયુવાન સર્વ ક઼લમકારોને અમો મુબારકબાદ આપીએ છીએ, બસ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને કેવળ અહલે સુન્નતની ખિદમત જ કેન્દ્રમાં રાખીને, નિરર્થક વાદ વિવાદથી બચીને પોઝિટિવલી કામ કરવાની તૌફીક઼ આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ بِالطَّاغُوْتِ وَيُؤْمِنْ بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۙ لَا انْفِصَامَ لَهَا ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٥٦﴾ اَللّٰهُ وَلِيُّ الَّذِيْنَ اٰمَنُوْا ۙ يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۗ وَالَّذِيْنَ كَفَرُوْٓا اَوْلِيٰٓـــُٔهُمُ الطَّاغُوْتُ ۙ يُخْرِجُوْنَهُمْ مِّنَ النُّوْرِ اِلَى الظُّلُمٰتِ ۗ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٥٧﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِىْ حَآجَّ اِبْرٰهٖمَ فِىْ رَبِّهٖٓ اَنْ اٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ ۘ اِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّيَ الَّذِىْ يُحْىٖ وَيُمِيْتُ ۙ قَالَ اَنَا اُحْىٖ وَاُمِيْتُ ۗ قَالَ اِبْرٰهٖمُ فَاِنَّ اللّٰهَ يَاْتِىْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَاْتِ بِهَا مِنَ الْمَغْرِبِ فَبُهِتَ الَّذِىْ كَفَرَ ۗ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿٢٥٨﴾

**ત.....ર્જુ.....મો.........**

"કોઈ જબરદસ્તી નથી દીનમાં[૩૪૩] બેશક ! ખૂબ જ સ્પષ્ટ થઈ ગઈ છે ગુમરાહી હિદાયતથી, તો જે ઈન્કાર કરે શૈતાનનો[૩૪૪] અને ઈમાન લાવે અલ્લાહની સાથે તો તેણે પકડી લીધું મજબૂત વર્તુળ જે તૂટનાર નથી, અને અલ્લાહ તઆલા સર્વ કાંઈ સાંભળનાર જાણનાર છે, અલ્લાહ મદદગાર છે[૩૪૫] ઈમાનવાળાઓનો, કાઢી લઈ જાય છે તેમને અંધકારમાંથી નૂરની તરફ. અને જેમણે કુફ્ર કર્યું તેમના સાથી શૈતાન છે, કાઢી જાય છે તેમને નૂરથી અંધકારોની તરફ, એ જ લોકો દોઝખી છે, તેઓ એમાં હમેશાં રહેનાર છે. શું ન જોયું તમે (હે હબીબ ! ﷺ) અને જેણે ઝઘડો કર્યો[૩૪૬] ઈબ્રાહીમ સાથે તેના રબના બારામાં એ કારણે કે આપી હતી તેને અલ્લાહે બાદશાહી, જ્યારે કે કહ્યું ઈબ્રાહીમ (علیہ السلام)એ (તેને) કે મારો રબ તે છે જે જીવડાવે છે તથા મારે છે. તેણે કહ્યું, હું પણ જીવાડી શકુ છું અને મારી શકું છું. ઈબ્રાહીમ علیہ السلامએ કહ્યું, કાઢે છે સૂરજને પૂર્વથી તો કાઢી લાવ એને પશ્ચિમથી ! (આ સાંભળીને) હોશ ઉડી ગયા એ કાફિરના, અને અલ્લાહ તઆલા હિદાયત નથી આપતો જાલિમ કૌમને."

**તફસીર...............**

૩૪૩. ઈસ્લામના દુશ્મનોએ ઈસ્લામ પર લોકોને જબરદસ્તી મુસલમાન બનાવવાનો જે ઈલ્ઝામ લગાડી રાખ્યો છે તેને કુર્આને પ્રથમ જ રદિયો આપી દીધો હતો કે દીનના મામલામાં બળ તથા જબરદસ્તીનો તો સવાલ જ ઉભો નથી થઈ શકતો, કેમ કે દીનનો પાયો છે ઈમાન, અને ઈમાનનો સંબંધ દિલ સાથે છે અને દિલ બળજબરી સામે ઝુકવાનું સમજતુ જ નથી. તેમજ ઈસ્લામ દીનની હૈસિયતથી ઈન્સાનની આંત્રિક તથા દિલી સુધારણા કરવા ચાહે છે. જો કોઈના ગળામાં તમે બળજબરીથી ફંદો નાખી દો તો શું તેની રૂહાની સુધારણા થઈ જશે ? અને શું ઈસ્લામનો મક્‌સદ હાંસલ થઈ જશે ? અને જો નહીં, અને યક઼ીનન ! નહીં, તો પછી એવી વ્યક્તિને મુસલમાન કરવામાં ઈસ્લામને શું દિલચસ્પી હોઈ શકે છે ! આ તો થયો આક્ષેપનો માન્યતાની રૂએ ખુલાસો, હવે તેના તમો અમલી પાસા પર નજર કરો. ૧૪૦૦ સદીઓ ગુજર્યા પછી પણ આજે હિંદ તથા પાકના મેદાનોમાં, મરાકશના રણોમાં, હિમાલયની ટોચો અને ઔક઼િયાનૂસ સમુદ્રના દૂર દૂરના દ્વિપોમાં, યૂરોપનાં ભરચક શહેરોમાં અને એશિયાના

મોટાભાગના દેશોમાં દરરોજ પાંચવાર અઝાનના અવાજો ગુંજી રહ્યા છે, શું જે દીનને જુલ્મો સિતમથી સ્વીકારવામાં આવ્યો હોય એની સાથે લોકોની અક઼ીદતનો આવો આલમ હોય શકે છે ! બલ્કે અહીં તો ઈસ્લામના ચાહકોને સતાવવામાં આવ્યા, તેમના પર જુલ્મના પહાડો તોડવામાં આવ્યા, તેમને ફાંસીના માંચડે જાહેરમાં લટકાવવામાં આવ્યા, પ્રોપેગન્ડાઓનાં તોફાનો ઉમટી ઉમટીને આવ્યાં, પરંતુ પોતાનું માથુ પટકી પટકીને રહી ગયાં પણ એ અલ્લાહના બંદાઓને જે અક઼ીદત પોતાના રબથી હતી, જે ઈશ્ક઼ પોતાના મેહબૂબ અને પ્યારા રસૂલ ﷺથી હતો, જે દીવાનગીભરી રાહત આ દીને બરહક્ક઼થી હતી તેમાં કોઈ કમી ન થઈ. પરંતુ એક અન્ય ચીજ પણ દૃષ્ટિ સમક્ષ રાખશો કે ઈસ્લામ જેવી રીતે એ માન્ય નથી રાખતો કે કોઈને જબરદસ્તી મુસલમાન બનાવવામાં આવે એ જ પ્રમાણે તે એ પણ સહન નથી કરતો કે કોઈ એને માનનારાઓ ઉપર સખ્તી કરીને તેમને ઈસ્લામથી હટાવે અથવા જેઓ ખુશીથી ઈસ્લામની બિરાદરીમાં જોડાવા ચાહે છે તેમને એવું કરીને જબરદસ્તી રોકવામાં આવે. અને જો ક્યાંક એવી સ્થિતિ ઉપસ્થિત થઈ જાય તો એ વખતે ઈસ્લામ પોતાના માનવાવાળાઓને હુકમ આપે છે કે આવા સંજોગોમાં તે જાલિમ શક્તિનો સામનો કરે, અને આ જ ઈસ્લામની જેહાદ વિશે માન્યતા છે. કેટલાક ઈસ્લામના ટીકાકારો જેહાદને اكراه فى الدين (દીનમાં જબરદસ્તી) ગણાવે છે અને એના પર પોતાની નાપસંદગીને પ્રદર્શિત કરે છે તેઓ સાંભળી લે કે ઈસ્લામ તેમની ખુશ્નૂદીનો પરવાનો હાંસલ કરવાના માટે પોતાના માનવાવાળાઓને દીન તથા ઈમાનના દુશ્મનોના જુલ્મો સિતમના શિકાર થવાની ઈજાઝત આપશે નહીં.

૩૪૪. 'તાગૂત' તુગ્યાનથી છે જેનો અર્થ સરકશી (નાફર્માની) છે. તાગૂત ભવિષ્યવેત્તાઓને પણ કહેવામાં આવે છે જેઓ ગયબદાનીના જૂઠા દાવા કરીને લોકોને પોતાના પ્રપંચમાં ફસાવ્યા કરે છે. એ 'શૈતાન' માટે પણ વપરાય છે. અને એ શખ્સ પણ તાગૂત છે જે કોઈ ગુમરાહ મઝહબ, ગલત માન્યતા તથા નુકસાનકર્તા અમલને ઉપસ્થિત કરનારો તથા તેનો કર્તાહર્તા હોય, હોય. પરંતુ કુર્આનની આ આયતને તમો પઢો يريدون ان يتحاكموا الى الطاغوت وقد امروا ان يكفروا به એનાથી તમને તાગૂતના અન્ય પ્રકારો પણ જાણવા મળશે, એટલે કે એ પણ તાગૂત છે જે અલ્લાહના હુકમોની વિરુદ્ધ છે અને પોતાના ઘડી કાઢેલા ક઼ાનૂનો પ્રમાણે લોકો વચ્ચે ફૈંસલા કરે. તાગૂત એકવચન તથા બહુવચન બંનેના માટે વપરાય છે.

૩૪૫. قال الخطابى الولى الناصر ينصر عباده المؤمنين એટલે કે અલ્લાહ તઆલા ઈમાનવાળાઓનો મદદગાર છે, તેમને તે પોતાની તૌફીક઼ તથા મદદ થકી દરેક પ્રકારની ગુમરાહીના અંધકારોમાંથી કાઢીને હિદાયતની રોશનીમાં પહોંચાડે છે. કેમ કે ગુમરાહીઓ વિવિધ પ્રકારની હોય છે એટલે 'ઝુલ્માત' શબ્દ (બહુવચનના) વડે એને દર્શાવ્યું અને 'હિદાયત' એક જ છે એટલા માટે ત્યાં એકવચનનો શબ્દ વાપર્યો.

૩૪૬. તે શખ્સ જેનાથી હઝરત ઈબ્રાહીમ عليه السلامનો વાર્તાલાપ થયો તે નમરૂદ હતો જે ઈરાક઼નો બાદશાહ હતો અને જેની સત્તા દૂર દૂર સુધી ફેલાયેલી હતી. સત્તા તથા હુકૂમતના નશામાં તેણે પોતાના હક઼ીક઼ી માલિકને ભૂલાવી દીધો અને ખૂદ ખુદાઈનો દાવો કરી આપ્યો. હઝરત ઈબ્રાહીમ عليه السلامએ જ્યારે શિર્ક તથા બેદીની વિરુદ્ધ જેહાદ શરૂ કર્યો અને તે માટીના નાચીઝ પૂતળાને રબ માનવાથી સ્પષ્ટ ઈન્કાર કરી આપ્યો તો નમરૂદે ભરી મજલિસમાં આપનાથી આપના રબના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું, મારો રબ તો તે છે જે દરેક ચીજને જીવંત કરનાર તથા મારનાર છે. નમરૂદે કહ્યું, એ તો હું પણ કરી શકુ છું ! જેથી તેણે બે માણસોને બોલાવ્યા જેમાંથી એક તે હતો જેને ફાંસીનો હુકમ થઈ ચૂક્યો હતો અને બીજો નિર્દોષ હતો, તેણે નિર્દોષને ક઼ત્લ કરી આપ્યો અને જેને ક઼ત્લ કરવાનો હતો તેને છોડી મૂક્યો અને આ રીતે હક઼ીક઼તથી નાવાકેફ લોકો સમક્ષ જૂઠી ખુદાઈની ઈજ્જત સાચવી લીધી. તો હઝરત ઈબ્રાહીમ عليه السلامએ એક ભરપૂર વાર કર્યો. હઝરત સદરુલ અફાઝિલ મુરાદાબાદીના શબ્દો અહીં ઘણા જ સમૃદ્ધ છે કે મૌત તથા જીવનને પેદા કરવાનું તો તારા મુક઼દ્દરમાં નથી હે રબૂબિયતના જૂઠા દાવેદાર ! તું એનાથી પણ સહેલુ કામ કરી બતાવ ! જે એક હરકતવાળા શરીરની હરકતને બદલવું છે, એ પણ ન કરી શકે તો પછી ખુદાઈનો દાવો ક્યા મોઢે કરે છે ?!

**હદીષ** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જે હિદાયતની તરફ બોલાવે તેને સર્વ અમલ કરનારાઓના જેમ સવાબ મળશે અને એનાથી તેમના પોતાના સવાબોમાંથી કાંઈ ઓછુ ન થશે[૧] અને જે ગુમરાહીની તરફ બોલાવે તો તેના પર સર્વ અનુસરણ કરનારા ગુમરાહોના જેટલો ગુનોહ થશે અને એ તેમના ગુનાહોમાંથી કાંઈ ઓછુ કરશે નહીં[૨]. *(મુસ્લિમ)*

એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે, **"ઈસ્લામ ગરીબીથી શરૂ થયો, અને જેવો શરૂ થયો હતો એવો જ ફરી થઈ જશે, ગરીબોને ખુશખબરી થાય[3]**. *(મુસ્લિમ)*

એમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે યક઼ીનન ! ઈમાન મદીનાની તરફ એવું પલટી આવશે જેમ કે સાપ પોતાના દરની તરફ[૪]. *(મુસ્લિમ તથા બુખારી)*

અને અમે હઝરત અબૂ હુરૈરહ્ની હદીષ **ذرونی** الخ-- કિતાબુલ હજ્જમાં અને હઝરત મુઆવિયા તથા જાબિરની હદીષો **لا یزال من امتی** الخ-- તથા **لا یزال تائفة من امتی** الخ-- ઈન્શાઅલ્લાહ ! બાબુષ્ષવાબ હાઝિહિલ ઉમ્મતીમાં વર્ણન કરીશું[૫].

હઝરત રબીઆ જર્શીથી[૬] રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં આવનાર આવ્યો અને હુઝૂર ﷺને કહ્યું કે યોગ્ય છે કે તમારી આંખો તો સૂઈ જાય, આપના કાન સાંભળે અને દિલ સમજતુ રહે[૭]. ફર્માવે છે કે મારી આંખો સૂઈ ગઈ અને કાન સાંભળતા રહ્યા, દિલ સમજતુ રહ્યું[૮]. ફર્માવે છે કે મને કહેવામાં આવ્યું કે સરદારે ઘર બનાવ્યું, ત્યાં ખ્વાન (દસ્તરખ્વાન) તૈયાર કર્યું અને બોલાવનાર મોકલ્યો, તો જેણે બોલાવનારની દા'વત ક઼બૂલ કરી તે ઘરમાં આવ્યો, ખ્વાનથી ખાધુ એનાથી સરદાર રાજી થયો[૯] અને જેણે પોકારનારનું ન માન્યું, તે ન ઘરમાં આવ્યો ન તેણે ખ્વાનથી ખાધુ તો આક઼ા (માલિક) તેના પર નારાજ થયો[૧૦]. ફર્માવ્યું કે અલ્લાહ સૈયદ છે અને મુહમ્મદ બોલાવનાર, ઘર ઈસ્લામ છે અને ખ્વાન જન્નત છે[૧૧]. *(દારમી)*

## સ....મ....જૂ....તી....

૧. આ હુકમ નબી ﷺ અને તેમના સદક઼ાથી સર્વ સહાબા, મુજતહિદ ઈમામો, આગલા પાછલા ઉલમા સર્વને સમાવે છે. દા.ત. કે **કોઈની તબ્લીગથી એક લાખ નમાઝી બને તો તે મુબલ્લિગને દરેક વખતે એક લાખ નમાઝોનો સવાબ થશે** અને તે નમાઝીઓને પોત પોતાની નમાઝોનો સવાબ થશે. **એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અકરમ ﷺનો સવાબ મખ્લૂક઼ના અંદાઝાથી બહાર છે.** રબ તઆલા ફર્માવે છે : **وَاِنَّ لَکَ لَاَجۡرًا غَیۡرَ مَمۡنُوۡنٍ** એ જ પ્રમાણે **તે લેખકો જેમની કિતાબોથી લોકો હિદાયત પામી રહ્યા છે તો ક઼યામત સુધી લાખોનો સવાબ તેમને પહોંચતો રહેશે.** આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી. **لَیۡسَ لِلۡاِنۡسَانِ اِلَّا مَاسَعٰی** કેમ કે એ સવાબોની અધિકતા તેના તબ્લીગ કરવાના અમલનું પરિણામ છે.

૨. એમાં ગુમરાહીઓને ખડી કરનારા, પ્રચાર કરનારા સૌ સામેલ છે, **ક઼યામત સુધી તેમને દરેક સમયે લાખો ગુનાહો પહોંચતા રહેશે.** આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી : **وَعَلَیۡهَا مَا اکۡتَسَبَتۡ** કેમ કે એ

તેના પોતાના કૃત્ય એટલે બુરાઈના પ્રચારની સજા છે.

**૩.** ગુર્બત (ગરીબી)નો શાબ્દિક અર્થ છે એકલાપણુ તથા અંજપો. એટલા માટે મુસાફિર તથા આર્થિક તંગીવાળાને ગરીબ કહેવામાં આવે છે કે મુસાફિર સફરમાં એકલો અને તંગદસ્ત બેકસ હોય છે. એટલે કે **ઈસ્લામને શરૂમાં થોડા લોકોએ સ્વીકાર્યો અને અંતમાં પણ થોડાક જ લોકોમાં રહી જશે, આ બંનેવ જમાઅતો ઘણી મુબારક છે.** અલ્હમ્દુલિલ્લાહ ! થોડા મુસલમાન વધારે પર ગાલિબ (સરસાઈ પામનાર) આવતા રહ્યા અને આવતા રહેશે. થોડુક સોનુ ઘણા બધા લોખંડ પર, થોડુ મુશ્ક ઘણી બધી માટી પર સવાર છે. એ પણ જોવામાં આવ્યું કે **ગરીબ મિસ્કીન લોકો ઈસ્લામ પર કાયમ રહે છે, મોટાભાગે માલદાર ભટકી જાય છે.**

**૪.** આવું આખર જમાનામાં થશે કે મુસલમાનોને દુનિયામાં ક્યાંક અમ્ન (શાંતિ) મળશે નહીં તો તેઓ પોતાનું ઈમાન બચાવવાના માટે મદીનાની તરફ ભાગશે. મદીના શરૂમાં પણ મુસલમાનોનુ અમ્ન સ્થાન બન્યું અને ભાવિમાં પણ બનશે, કેમ ન બને કે અહીં બંને આલમની પનાહ ﷺ જલ્વાફર્મા છે. લગભગ આ બનાવ દજ્જાલની નજીકમાં થશે. સાપ સાથે સરખામણી આપવામાં એ તરફ નિર્દેશ છે કે **જેવી રીતે સાપને કોઈ પનાહ નથી આપતુ એવી જ રીતે આખર જમાનામાં લોકો ઈસ્લામને સાપની જેમ તકલીફ આપનાર સમજશે.** એનાથી જાણવા મળે છે કે મદીના પાક ઈસ્લામથી કદી ખાલી થશે નહીં.

**૫.** એટલે કે એ ત્રણેવ હદીષો મસાબીહમાં અહીં જ હતી પરંતુ અમે (લેખકે) નિસ્બતના હિસાબે તે પ્રકરણોમાં વર્ણન કરી.

**૬.** આપનું નામ રબીઆ ઈબ્ને અમ્ર છે. યમનના ઈલાકામાં જર્શ સ્થળના રહેવાસી છે. અમીર મુઆવિયાના જમાનામાં નાસકના મુફતી રહ્યા છે. તેમની સહાબિયતમાં મતભેદ છે પણ સહીહ એ છે કે આપ સહાબી છે.


**૭.** એટલે કે હુઝૂર જાગતા હતા. એક ફરિશ્તાએ આવીને અર્ઝ કરી, આ વાક્યોથી હુઝૂર પર ઊંઘ છવાઈ ગઈ, પછી ઊંઘમાં તે વાત થઈ જે આગળ આવી રહી છે. એનાથી જાણવા મળ્યું કે ફરિશ્તાઓના અમુક વાક્યો આપણને સૂવડાવી દે છે, અમુક વાક્યો આપણને મૃત્યુ આપે છે. સૂરનો અવાજ સૌને જીવંત કરી આપે છે. હદીષ પોતાના જાહેર અર્થ પર જ છે, કોઈ અર્થઘટન (તાવીલ)ની જરૂરત નથી. એ પણ જાણવા મળ્યું કે **હુઝૂરની ઊંઘ ગફલત નથી પેદા કરતી એટલા માટે સૂવાથી આપનું વૂઝુ નથી તૂટતુ.** અને આપની ઊંઘ અલ્લાહની વહી છે એટલા માટે ફરિશ્તાએ સૂવડાવીને આ વાતચીત કરી એટલા માટે કે જેથી ભાળ મળે કે અન્ય લોકો હુઝૂરની ઊંઘ પર ઈમાન લાવે.

**૮.** એટલે કે ફરિશ્તાની આ વાતચીતની મારા પર એ અસર થઈ કે હું સૂઈ ગયો જેમ કે માંના હાલરડાથી બાળકને ઊંઘ આવે છે અથવા અમુક ચીજોને જોવાથી બેહોશી છવાઈ જાય છે.

**૯.** એટલે કે પોકારનારની વાત માની લેવાથી ત્રણ ફાયદા થયા : ઘરની સૈર, નેઅમતો ખાવી, બાદશાહની ખુશ્નૂદી, એ સર્વ બહાર (લાભો) એ પોકારનારના દમથી છે.

**૧૦.** એટલે ન માનનારાનો દીન પણ તબાહ થયો, દુનિયા બર્બાદ થઈ, ખાવાથી મેહરૂમી રહી, બાદશાહનો વિરોધ ગળે પડયો.

**૧૧.** એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : (૧) અલ્લાહને સૈયદ કહી શકીએ છીએ, માલિક તથા મૌલાના અર્થમાં. (૨) કોઈ શખ્સ કેવળ અમલો વડે ખુદાને રાજી નથી કરી શકતો જ્યાં સુધી કે હુઝૂર ﷺની ગુલામી ન કરે. (૩) કેવળ ઈસ્લામ જ નજાતનો ઝરીયો છે. અમુક જાહિલોએ કહ્યું છે કે કોઈપણ દીનમાં રહીને નેકીઓ કરી લેવામાં આવે તો નજાત (મુક્તિ) થઈ જશે, તે આ હદીષની પણ વિરુદ્ધ છે અને કુર્આનની પણ વિરુદ્ધ છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ કેમ કે આ હદીષમાં જન્નતને ઈસ્લામમાં દેખાડવામાં આવી છે.



# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## અલ્લાહ તઆલાનો દીદાર

આપણા કેટલાક મશાયખે દીદારે ઈલાહી વિશેની નીતિ અપનાવેલ છે અને તેમણે કહ્યું છે કે આ હુકમની કોઈ સ્પષ્ટ દલીલ મળી નથી પરંતુ તેનું જાહેર થવું જાઈઝ છે. કાઝી અબુલ ફઝલ અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ વાત સ્પષ્ટ અને સાચી છે અને તેમાં કોઈપણ પ્રકારની શંકા કે વહેમ નથી. અલ્લાહ તઆલાના દીદાર દુનિયામાં અક્કલથી જાઈઝ છે. આ એવી વાત નથી જેને અસંભવ (મુહાલ) કહી શકાય. આ દુનિયામાં જાઈઝ હોવાની દલીલ એ છે કે હઝરત મૂસા علیہ السلامએ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી આનો સવાલ કર્યો હતો. એ વાત વાસ્તવમાં અસંભવ છે કે નબી એ વાતથી બેખબર રહ્યા કે અલ્લાહ તઆલાથી કોઈ વસ્તુનો સવાલ કરવો જાઈઝ છે અને કઈ ચીજનો સવાલ કરવો જાઈઝ નથી. જેથી હઝરત મૂસા علیہ السلامએ એ ચીજનો સવાલ કર્યો હતો જેનું જાહેર કરવું જાઈઝ છે અને અસંભવ નથી, પરંતુ તેનું પ્રગટ અને જોવાનો સંબંધ તે ગૈબથી છે જેને કોઈ જાણતું નથી સિવાય તે હઝરાત કે જેને અલ્લાહ તઆલાએ આ ઈલ્મ અર્પણ કરેલ છે.

જેથી તો અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامથી ફર્માવ્યું હતું કે તું મને નહીં જોઈ શકે કેમ કે તું મારા દીદારને બર્દાશ્ત કરી શકશે નહીં. પછી તેમને એવી વસ્તુના દૃષ્ટાંતના સાથે એ વાત સમજાવી દીધી જે મૂળભૂત રીતે હઝરત મૂસા علیہ السلامથી વધુ તાકતવર હતી અને તે વસ્તુ પહાડ છે.

એમાંથી કોઈ વસ્તુ પણ એવી નથી જે દુનિયામાં બારી તઆલાના દીદારને અસંભવ બતાવતી હોય, બલ્કે તેમાં એક પ્રકારની સ્વીકૃતિ છે. અને શરીઅતે મુતહ્હરામાં તેનું અશક્ય અથવા નિષેધ હોવાની કોઈ કતઈ દલીલ નથી કેમ કે દરેક મૌજૂદનો દીદાર જાઈઝ અને સંભવ (અશક્ય ન હોય) છે.

لَا تُدْرِكُهُ الْاَبْصَارُ "જે હઝરતોએ દીદારના અસંભવ હોવાનો ઈર્શાદ ખુદાવંદી لَا تُدْرِكُهُ الْاَبْصَارُથી દલીલ પકડી છે આ દલીલ નથી કેમ કે આ આયતના અર્થમાં મતભેદ છે અને તેનો તકાઝો એ નથી કે દુનિયામાં દીદાર અસંભવ છે, અને આ આયતથી કેટલાક હઝરાતોએ ખૂદ દીદારનું જાઈઝ હોવું તથા અશક્ય ન હોવા માટે દલીલ કરી છે.

આયતે કરીમા لَا تُدْرِكُهُ الْاَبْصَارُની તફસીરમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કાફિરોની આંખો તેનું પ્રત્યક્ષીકરણ કરી શકતી નથી. એક કથન એ છે કે આંખો તેનું પ્રત્યક્ષીકરણ એટલે ઘેરાવ કરી શકતી નથી. આ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہનું કથન છે. એ પણ કહેવામાં આવ્યું છે કે આંખો તેનું પ્રત્યક્ષીકરણ કરી શકતી નથી પરંતુ જોવાવાળો તેનું પ્રત્યક્ષીકરણ કરે છે. આ વાક્યના અર્થોમાંથી કોઈ અર્થનો એ તકાઝો નથી કે દીદાર મનાઈ અથવા અસંભવ છે.

આવી રીતે તે હઝરાતના માટે لَنْ تَرَانِیْ અને تُبْتُ اِلَیْكَમાં પણ દલીલ નથી જેવું કે અમે આ પહેલાં બયાન કરી ગયા છીએ. અને એ માટે કે આ હુકમ ખાસ કરીને પોતાના (ઉમૂમ) સામાન્યપણા પર નથી જેથી જેણે આનો મતલબ એ બયાન કર્યો છે કે તું મને દુનિયામાં જોઈ શકતો નથી. તો આ એક અર્થ છે અને તેમાં જાહેરનો નિષેધ નથી અને આ છે તો હઝરત મૂસા علیہ السلامના સંબંધી. પછી જ્યારે અર્થોના દરવાજા ખુલી જાય અને શંકા વિવશ બનતી જાય ત્યારે તેને રોકવાના રસ્તા બંધ થઈ જાય છે.

હઝરત મૂસા علیہ السلامના કથન تُبْتُ اِلَیْكَનો મતલબ

એ છે કે મેં પોતાના આ સવાલથી જે મારા માટે નસીબ ફર્માવેલ ન હતું તારા પ્રતિ રજૂ થયો. હઝરત અબૂબક્ર હઝલી رحمۃ اللہ علیہએ બારી તઆલાના ઈર્શાદ لَنۡ تَرَانِیۡની તફસીરમાં કહ્યું છે કે દુનિયામાં કોઈપણ શખ્સની એ તાક઼ાત નથી કે તેઓ મારી તરફ જોઈ શકે અને જેઓ મારી તરફ જોશે તે મરી જશે.

મેં જોયું છે કે કેટલાક નેક પૂર્વજો અને પાછળથી આવનારા ઉલમાએ આનો અર્થ એ બયાન કરેલ છે કે અલ્લાહ તઆલાના દીદાર દુનિયામાં એ માટે નિષેધ છે કે દુનિયાવાળાની રચના અને શરીરની શક્તિઓ કમજોર છે. આફતો તથા ફનાથી તેના અંગો પરિવર્તન સ્વીકારનાર બની રહ્યાં છે જેથી તેમના અંદર દીદારની શક્તિ નથી. જયારે આખેરતમાં તેમને બીજી રચનાથી ઘડવામાં આવશે, કાયમી દૃઢ શક્તિ આપવામાં આવશે, આંખો અને દિલોને પૂરું નૂર આપવામાં આવશે ત્યારે તે વખતે બારી તઆલાના દીદારની કુવ્વતથી ઈજ્જત પામશે.

આનાથી મળતો આવતો ભાવાર્થ મેં હઝરત માલિક બિન અનસ (વફાત : હિ.સ. ૧૭૯ ઈ.સ. ૭૯૫)થી જોયો છે. તેમણે ફર્માવ્યું છે કે દુનિયામાં અલ્લાહ તઆલાને એ માટે જોઈ શકાતો નથી કે તે બાક઼ી છે અને બાક઼ીને ફાની (નાશ પામનાર) વસ્તુ જોઈ શકતો નથી. જ્યારે આખેરતમાં બાક઼ી (ક઼ાયમી રહેનાર) રહેવાવાળી આંખો આપવામાં આવશે ત્યારે તે બાક઼ી આંખોથી તે ઝાતે બાક઼ીને જોવામાં આવશે.

આ કલામ કેટલો ખૂબસૂરત અને ઉમદા છે, વળી તેમાં અસંભવ હોવાની કોઈ દલીલ પણ નથી. તેના સિવાય તેની કમજોર તાક઼તના કારણે અલ્લાહનો દીદાર પ્રાપ્ત થતો નથી. જેથી અલ્લાહ તઆલા પોતાના બંદામાં જેને શક્તિ અર્પે અને અલ્લાહ દીદારના બોજને સહન કરવાની શક્તિ આપે ત્યારે તેના હક્ક઼માં આ વસ્તુ નિષેધ રહેતી નથી.

હઝરત મૂસા علیہ السلام અને સૈયદના મુહમ્મદ રસૂલ صلی اللہ علیہ وسلمને જોવાની શક્તિ અને પ્રત્યક્ષીકરણમાંથી પસાર થવાનું ઝિક્ર પહેલાં આવી ગયેલ છે. આ જે અલ્લાહે આપેલી શક્તિ દ્વારા તેમને પ્રત્યક્ષીકરણ કર્યું અને જોયું, જે પણ જોયું તે અલ્લાહ તઆલા જ જાણે છે.

ક઼ાઝી અબૂબક્ર મુહમ્મદ બિન તબીબ અશ્અરી અલ્બાકલાની رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૪૦૩, ઈ.સ. ૧૦૧૨)એ ઉલ્લેખ કરેલ બંને આયતો (અધિકાર આપવાવાળા કેટલાક) અર્થોનો જવાબ આપતાં ફર્માવ્યું છે કે હઝરત મૂસા علیہ السلامએ અલ્લાહ તઆલાને જોયો છે એ માટે તો બેહોશ થઈને પડી ગયા હતા અને પહાડે પોતાના રબને જોયો હતો, એ માટે ફાટીને ચૂરેચૂરા થઈ ગયો હતો, કેમ કે અલ્લાહ તઆલાએ પહાડના અંદર પ્રત્યક્ષીકરણ પૈદા કરી દીધેલ હતું. વલ્લાહુ અઅ્લમ તેમણે આ અર્થ આ આયતે કરીમાથી કાઢેલ છે.

وَلٰکِنِ انۡظُرۡ اِلَی الۡجَبَلِ فَاِنِ اسۡتَقَرَّ مَکَانَہٗ فَسَوۡفَ تَرٰنِیۡ

"હા ! પેલા પહાડ તરફ જો ! તે જો પોતાની જગ્યાએ જામેલો રહ્યો તો તરત થોડીવાર તું મને જોઈ શકીશ."

આ પછી અલ્લાહ جل جلالہએ ફર્માવ્યું :–

فَلَمَّا تَجَلّٰی رَبُّہٗ لِلۡجَبَلِ جَعَلَہٗ دَکًّا وَّ خَرَّ مُوۡسٰی صَعِقًا "પછી જ્યારે તેના પરવરદિગારે પહાડ પર પોતાનું નૂર ચમકાવ્યું (ત્યારે) તેને ટુકડે ટુકડા કરી નાખ્યા અને મૂસા બેહોશ થઈને જમીન પર આવી ગયા."

પહાડ પર તજલ્લી ફર્માવવાનો મતલબ એ છે કે તેના પર ઝહૂર થયો અને આ કથનના પ્રમાણે પહાડને દીદાર પ્રાપ્ત થયો. ઈમામ જઅફર સાદિક઼ બિન ઈમામ મુહમ્મદ બાક઼ર رحمۃ اللہ علیہએ દર્શાવ્યું કે, તજલ્લી ફર્માવવાના પહેલાં હઝરત મૂસા علیہ السلامને પહાડની તરફ મગ્ન કરી દીધા હતા. જો એવું ન હોતું તો હઝરત મૂસા علیہ السلام જાનથી હાથ ધોઈ બેઠા હોતા અને એવા બેહોશ હોતા કે ક્યારેય હોશમાં આવવાનું નસીબમાં ન થતું. આ કથન પણ તે વાત પર દલીલ કરે છે કે હઝરત મૂસા علیہ السلامને અલ્લાહના દીદારની ઈજ્જત પ્રાપ્ત થઈ હતી.

પહાડના વિશે કેટલાક તફસીરકારોએ કહ્યું છે કે તેને અલ્લાહના દીદાર પ્રાપ્ત થયા હતા. જે ઉલ્માએ કિરામ આ વાતને સ્વીકારે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمને દીદારની ઈજ્જત પ્રાપ્ત થઈ હતી તેમણે પહાડની અલ્લાહના દીદાર થવા પર તેના પર દલીલ કરી છે

કેમ કે તેમણે તેને અલ્લાહના દીદારના સ્વીકારની દલીલ બનાવી છે. જ્યારે ઉપરની આયતમાં આપણા નબી કરીમ ﷺના માટે મનાઈ અથવા વાજિબ હોવાનો કોઈ આદેશ નથી.

આ કથન કે બેશક ! આપે (અલ્લાહ તબારક વ તઆલાને) પોતાની આંખોથી જોયા છે. એ વાસ્તવિક દલીલ અથવા આદેશ નથી, કેમ કે આ કથનનો આધાર સૂરએ નજમની જે બે આયતો પર છે તેના અર્થમાં ઉલ્માની વચ્ચે વિવાદ છે. અને બંને બાજુ શંકા શક્ય છે અને નબી કરીમ ﷺનો એના અનુસંધાનમાં કોઈ કતઈ તથા મુતવાતિર પવિત્ર હુકમ પણ નથી.

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની હદીષ પણ તેમની પોતાની માન્યતાની ખબર આપે છે અને તેમણે તેની સનદો નબી કરીમ ﷺની તરફ કરેલ નથી, જેથી આ અકીદાના પ્રમાણે અમલ વાજિબ થાય. આ આયતની તફસીરમાં હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہની હદીષ પણ તેના જેવી છે. હઝરત મઆઝ رضی اللہ عنہની હદીષમાં તાવીલનો અવકાશ છે અને મતન (અસલ લખાણ) તથા સનદ બંનેના લેહાઝથી અનિશ્ચિત છે. હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہની બીજી હદીષ જુદી, શંકાવાળી તથા કઠિન છે. વળી તેમાં મરવી છે કે نُوْرٌ اَنّٰی اَرَاہُ તે નૂર છે તેને હું કેવી રીતે જોઉં !

કેટલાક મશાઈખે તેની રિવાયત આ પ્રમાણે કરી છે : نُوْرٌ اِنِّی اَرَاہُ "નૂરાનીને હું જોઉં છું." છેલ્લી હદીષમાં છે કે જ્યારે મેં સવાલ કર્યો ત્યારે ફર્માવ્યું, رَاَیْتُ نُوْرًا "મેં નૂરને જોયું." આમાંથી કોઈ એક રિવાયત એવી નથી જે દીદાર(ની માન્યતા)ના સહીહપણા પર દલીલ કરી શકાય.

### ★ રઅય્તુ નૂરનનું સ્પષ્ટીકરણ ★

જો **રઅય્તુનૂરન** ફર્માવવું સહીહ છે ત્યારે તેનો મતલબ એ થયો કે નબી કરીમ ﷺએ ખબર આપી છે કે તેમણે અલ્લાહ તઆલાને જોયો નથી પરંતુ તેમણે એક નૂર જોયું હતું જે બારી તઆલાથી પડદો બનીને આડ બની ગયું. અને આ કથન કે **નૂરુન અન્ની અરાહુ** પણ તેની તરફ પાછો જાય છે કેમ કે નૂરના પડદાની મૌજૂદગીમાં કેવી રીતે જોયું જ્યારે કે તેણે દૃષ્ટિને ઢાંકી રાખી હતી. અને આ તેના જેવું છે જેવું કે છેલ્લી હદીષમાં છે કે તેનો હિજાબ નૂર છે. અને બીજી હદીષમાં છે કે મેં તેને આંખો વડે જોયો નથી બલ્કે દિલની સાથે બે વખત જોયો છે અને પછી આ આયત તિલાવત કરી. ثُمَّ دَنٰی فَتَدَلّٰی "પછી તે જલ્વો નજીક થયો પછી ખૂબ નજીક આવ્યો."

અલ્લાહ તઆલાએ જેની આંખને જોવાની શક્તિ અર્પી છે તે દિલને પણ આ શક્તિ આપવા પર કુદરત ધરાવે છે, અને જે રીતે ઈચ્છે. અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. જો કોઈ હદીષ આ પ્રકરણમાં એવી મળી જાય જે હુકમ હોય ત્યારે તેના પર અકીદો રાખવા અને તેની તરફ જવું વાજિબ છે, જ્યારે ન તેમાં કોઈ હાલત બદલવું હોય અને કતઈ આડ જે તેને રદ કરે છે અને અલ્લાહ તઆલા જ સવાબની રાહની તૌફીક બખ્શવાવાળો છે.

**શાદી વિવાહ અને મુહર્રમ**

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન વ ખલીફાએ મુરસલીન નીચેના મસ્અલામાં કે :–

**(૧)** કેટલાક સુન્નીઓ મુહર્રમની દસમીના રોજ ન તો દિવસભર રોટી પકાવે છે ન ઝાડુ મારે છે, બલ્કે કહે છે કે તા'ઝીયાં દફન કર્યા બાદ રોટી પકાવવામાં આવશે. **(૨)** એ દસ દિવસોમાં કપડાં નથી ઉતારતા. **(૩)** મુહર્રમના મહિનામાં કોઈ શાદી વિવાહ નથી કરતા. **(૪)** એ દિવસોમાં ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા ઈમામ હુસૈન رضی اللہ عنہના સિવાય કોઈની ન્યાઝ ફાતેહા નથી અપાવતા. આ બાબતો જાઈઝ છે કે નાજાઈઝ?

**જવાબ** : પ્રથમ ત્રણ વાતો સોગ છે અને સોગ **હરામ** છે, અને ચોથી વાત **જેહાલત** છે. દરેક મહિનામાં દરેક તારીખ પર દરેક વલીની ન્યાઝ તથા દરેક મુસલમાનની ફાતેહા થઈ શકે છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૦, અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ)*

*–હવાલો : શીઆ મઝહબ, સંપાદક : હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ હાશમી અશરફી જીલાની કછોછવી, પેજ–૫૩*

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### મસ્બુકે નમાઝ પઢવાની રીત

મસ્અલો : મસ્બુક પોતાની છૂટેલી રકાતો પઢવામાં મુન્ફરીદ છે.

મસ્બુક તે છે જે ઈમામે અમુક રકાતો પઢી લીધી પછી જમાઅતમાં દાખલ થયો અને છેલ્લે સુધી ઈમામ સાથે રહ્યો.

મુન્ફરીદ એટલે એકલો નમાઝ પઢનાર, જે જમાઅત સાથે પઢતો ન હોય તે.

મસ્અલો : મસ્બુકે ઈમામને કાયદાની હાલતમાં મેળવ્યા તો તે એવી રીતે દાખલ થાય કે પ્રથમ નિય્યત કરી ઉભો રહે. સીધો ઉભો રહી તકબીરે તહરીમા કહે, તકબીરે તહરીમા પછી હાથ બાંધી બીજી તકબીર કહેતાં કાયદામાં જાય. જો રુકૂઅ કે સિજદામાં ઈમામને મેળવે તો પણ આ જ રીતે કરે, **જો પહેલી તકબીર કહેતાં કહેતાં જ રુકૂઅમાં ઝુકી ગયો તો નમાઝ થશે નહીં.**

મસ્અલો : મસ્બુક ચાર રકાતવાળી નમાઝમાં ચોથી રકાતમાં જમાઅતમાં દાખલ થયો તો ઈમામના સલામ ફેરવ્યા પછી ઉભો થઈ જાય અને એક રકાત અલ્હમ્દુ અને સૂરત પઢીને કાયદો કરે અને પાછો ઉભો થઈ જાય અને બીજી એક રકાત અલ્હમ્દુ અને સૂરત સાથે પઢી ઉભો થઈ જાય એમાં કાયદો ન કરે પરંતુ ચોથી એક રકાત ફક્ત અલ્હમ્દુ શરીફ પઢીને રુકૂઅ કરે અને છેલ્લી રકાતને અંતે કાયદો વગેરે કરી નમાઝને પૂરી કરે. અર્થાત એણે ઈમામ સાથે કરેલા કાયદા સિવાય બીજા બે કાયદા કરવા પડશે. એક, એક રકાત પછી અને બીજો ત્યાર પછીની બે રકાતો પછી.

મસ્અલો : મસ્બુક મગરિબની ત્રીજી રકાતમાં દાખલ થયો તો ઈમામના સલામ ફેરવ્યા પછી ઉભો થઈ જાય અને અલ્હમ્દુ શરીફ અને એક સૂરત પઢીને કાયદો કરી ફરીથી ઉભો થઈ જાય અને અલ્હમ્દુ શરીફ અને સૂરત પઢી રકાત પૂરી કરી ક઼ાયદો કરી નમાઝ પૂરી કરે. અર્થાત પોતાની બંનેવ રકાતોમાં કાયદો પણ કરે અને બંને રકાતોમાં અલ્હમદુ અને સૂરત પઢે એમાં પણ બે ક઼ાયદા થયા, ઈમામ સાથેના ક઼ાયદા સિવાય.

મસ્અલો : મસ્બુક ચાર રકાતવાળી નમાઝમાં ત્રીજી રકાતમાં દાખલ થયો તો ઈમામના સલામ ફેરવ્યા પછી બે રકાતો બીજી પઢે અને એ બંનેમાં અલ્હમ્દુ અને સૂરત જરૂરત પઢપઢે.

મસ્અલો : એક રકાત છૂટી ગઈ તો ઈમામના પછીથી એક રકાત અલ્હમ્દુ અને સૂરત સાથે પઢે.

મસ્અલો : મસ્બુકે ઈમામની સાથે ભૂલથી સલામ ફેરવી નાખી તો નમાઝ તૂટી નથી, પોતાની અધુરી પૂરી કરી લે. જો બિલ્કુલ સાથોસાથ ફેરવી નાખી છે ત્યારે તો સિજદએ સહવ પણ કરવાનો નથી અને જો જરા વિલંબે ફેરવી છે તો સજદએ સહ્વ વાજિબ છે અને જો જાણી બુઝીને એમ વિચારી સલામ ફેરવી છે કે મારે પણ ઈમામ સાથે સલામ ફેરવવી જોઈએ તો નમાઝ તૂટી ગઈ, ફરીથી પઢવી. *(દુર્રે મુખ્તાર, મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

મસ્અલો : કોઈએ ચાર રકાતવાળી ફરજ નમાઝ એકલાએ જ પઢવી શરૂ કરી. હજુ પહેલી રકાતનો સિજદો કરવા પામ્યો ન હતો એટલામાં ત્યાં જમાઅત શરૂ થઈ તો પોતાની નમાઝ તોડીને જમાઅતમાં મળી જાય અને ફજર અને મગરિબમાં તો પહેલી રકાતનો સિજદો પણ કરી નાખ્યો હોય તો પણ તોડીને જમાઅતમાં મળી જાય.

મસ્અલો : ચાર રકાતવાળી નમાઝમાં જો પહેલી રકાતનો સિજદો કરી લીધો હોય તો ન તોડે, પરંતુ બીજી પઢીને પછી બે રકાતે ક઼ાયદો કરી સલામ ફેરવીને જમાઅતમાં ભેગો મળી જાય.

મસ્અલો : જો ત્રણ રકાતો પૂરી પઢી લીધી અને જમાઅત ઉભી થઈ તો જમાઅતમાં ભેગો નથી મળી શકતો બલ્કે પોતાની ચાર રકાતો પૂરી કરી સલામ ફેરવીને પછી નફ્લ નમાઝની નિય્યતથી જમાઅતમાં ભેગો મળી જાય, પરંતુ અસરની નમાઝમાં ભેગો થઈ શકતો નથી કેમ કે અસર પછી નફ્લ નમાઝ જાઈઝ નથી.

મસ્અલો : ચાર રકાતવાળી નમાઝમાં ત્રીજી રકાતનો હજુ સિજદો કર્યો ન હતો કે જમાઅત શરૂ થઈ. તો નમાઝ તોડી નાખે અને જમાઅતમાં મળી જાય.

**મસ્અલો** : નફ્લ, સુન્નત કે કઝા નમાઝ શરૂ કરી અને જમાઅત ઉભી થઈ તો નમાઝ તોડવી નહીં. પૂરી કરીને જમાઅતમાં દાખલ થવું, પરંતુ નફ્લ ચાર રકાતની નિય્યતે શરૂ કરી છે તો બે રકાત પઢીને તોડી નાખે અને ત્રીજી કે ચોથી રકાતમાં હોય તો પૂરી કરવી.

**મસ્અલો** : જમાઅતમાં મળવા માટે નમાઝ તોડવાનો હુકમ ત્યારે છે કે જ્યારે જમાઅત તે જગ્યાએ થઈ રહી હોય જ્યાં એ નમાઝ પઢી રહ્યો છે. જો એ ઘરમાં નમાઝ પઢી રહ્યો છે અને જમાઅત મસ્જિદમાં ઉભી થઈ છે તો નમાઝ તોડવાનો હુકમ નથી. અથવા એ એક મસ્જિદમાં પઢી રહ્યો છે અને બીજી મસ્જિદમાં જમાઅત ઉભી થઈ તો નમાઝ તોડી શકતો નથી. ભલે એણે પહેલી રકાતનો સિજદો પણ ન કર્યો હોય તો પણ તોડી શકતો નથી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કયામ, રુકૂઅ અને સિજદા, છેલ્લા કાયદામાં તરતીબ (ક્રમ) ફરજ છે. જો કયામથી પહેલાં રુકૂઅ કર્યો અને પછી કયામ કર્યો તો તે રુકૂઅ બેકાર ગયો, જો કયામ પછી ફરીથી રુકૂઅ કરશે તો નમાઝ થઈ જશે, નહીં તો નહીં. એવી જ રીતે રુકૂઅથી પહેલાં સિજદો કરી લીધા બાદ રુકૂઅ અને ફરીથી સિજદો કરી લેશે તો નમાઝ થશે, નહીં તો નહીં થાય. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : જે ચીજો ફરજ છે તેમાં મુક્તદી માટે ઈમામની તાબેદારી ફરજ છે, અર્થાત ફરજ બાબતોમાંથી કોઈક બાબત ઈમામથી પહેલાં અદા કરી, અને ઈમામ સાથે કે ઈમામના પછી અદા ન કરી તો નમાઝ નહીં થાય. દા.ત. ઈમામથી પહેલાં સિજદો કરી લીધો અને ઈમામ હજુ સિજદામાં આવ્યા ન હતા ત્યાં તો માથુ ઊંચુ કરી લીધું તો ફરી ઈમામ સાથે કે ઈમામ પછી સિજદો અદા કર્યો તો નમાઝ થઈ ગઈ. નહીં તો નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મુક્તદીએ ઈમામથી પહેલાં સિજદો કર્યો પરંતુ એણે સિજદામાંથી માથુ ઊંચુ કર્યા પહેલાં ઈમામ પણ સિજદામાં પહોંચી ગયા તો સિજદો થઈ ગયો પરંતુ મુક્તદીએ આ પ્રમાણે કરવું **હરામ** છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જો સફમાં જગ્યા હોય તો મુક્તદીએ સફની પાછળ એકલાએ ઉભા રહેવું મકરૂહે તનઝીહી છે અને જો સફમાં જગ્યા ન હોય તો વાંધો નથી પરંતુ જો સફમાંથી કોઈને ખેંચી લે અને એની સાથે ઉભો રહે તો એ સારું છે. પરંતુ ખ્યાલ રાખવો કે જેને એ ખેંચે તે માસણ એ અંગેના મસ્અલાને જાણતો હોવો જોઈએ, ક્યાંક એના ખેંચવાથી એ પોતાની નમાઝ તોડી ન નાંખે. (આલમગીરી) અથવા એને પોતાને જોઈએ કે એ બીજાને ઈશારો કરે અને તે માણસે જોઈએ કે તે પાછો ન હઠે, તો એના ઉપરથી કરાહત દૂર થઈ જશે.

*–(ફત્હુલ કદીર, બહારે શરીઅત)*

## જમાઅત શરૂ કરવાની રીત

જમાઅત એ રીતે શરૂ કરવી કે જ્યારે નમાઝનો મુસ્તહબ સમય શરૂ થાય ત્યારે એક માણસ અઝાન કહે ત્યાર પછી બધા માણસો વુઝૂ સાથે મસ્જિદમાં કે જ્યાં જમાઅત કરવી હોય તે જગ્યાએ ભેગા થાય. જેઓ સુન્નતો ઘેર પઢી આવ્યા ન હોય તેઓ ત્યાં સુન્નતો પઢી લે, પછી બધા સફો બાંધી બેસી જાય. ઈમામ પોતાની જગ્યાએ બેસી જાય. હવે અઝાન પઢનાર તકબીર પઢે. જ્યારે તે 'હય્ય અલલ્ ફલાહ' ઉપર પહોંચે ત્યારે ઈમામ અને મુક્તદી બધા જ ઉભા થઈ જાય, ઈમામ નમાઝ અને ઈમામતની નિય્યત કરી 'કદકામતિસ્સલાત'થી જરાક પહેલાં અલ્લાહુ અકબર કહી હાથ બાંધી લે અને પઢવાનું શરૂ કરે. મુક્તદીઓ પણ એ નમાઝ અને ઈમામની પાછળ પઢવાની નિય્યત કરી અલ્લાહુ અકબર કહી હાથ બાંધી લે અને 'ષના' પઢી ચુપચાપ ઉભા રહે. જ્યારે ઈમામ રુકૂઅમાં જાય ત્યારે મુક્તદી પણ રુકૂઅ કરે. ઈમામની સાથે સાથે નમાઝ પૂરી કરે, અલ્હમ્દુ શરીફ અને સૂરત સિવાય બધું જ જે કંઈ નમાઝમાં પઢવામાં આવે છે તે મુક્તદી પણ પઢે. કોઈ માણસ ઈમામે જમાઅત શરૂ કરી દીધા પછી આવ્યો અથવા અમુક રકાતો થઈ ગયા પછી આવ્યો તો તે પણ તે નમાઝ અને ઈમામ પાછળ પઢવાની નિય્યત કરી સાથે મળી જાય. છેવટે જ્યારે ઈમામ સલામ ફેરવે ત્યારે બધા નમાઝીઓ સલામ ફેરવે પરંતુ જેની અમુક રકાતો છૂટી ગઈ હોય તે સલામ ન ફેરવે બલ્કે તે ઉભો થઈ જાય અને પોતાની છૂટેલી રકાતો પૂરી કરીને પછી સલામ ફેરવે. સલામ પછી ઈમામ પોતાની જમણી કે ડાબી તરફ કે મુક્તદીઓ તરફ ફરી જાય અને બંને હાથો છાતી સામે રાખી દુઆ માંગે તેમજ મુક્તદીઓ પણ દુઆ માંગે, દુઆ પછી પોત પોતાની જગ્યાએથી હઠીને સુન્નતો પઢે.

**મસ્અલો** : ઈમામ તકબીરે તહરીમા કદકામતિસ્સલાતથી જરા પહેલાં કહે અને મુક્તદીઓ ઈમામે તકબીર કહ્યા પછી તકબીર કહે. *(આલમગીરી)*

## માર્કેટમાં ધૂમ વેચાણ ધરાવતી !

# "દુરૂદે મુક઼દ્દસ" નામની કિતાબની હક઼ીક઼ત શરીઅતની રોશનીમાં

કાર્યાલય

**'દુરૂદે મુક઼દ્દસ'** નામની કિતાબ ઉર્દૂ–ગુજરાતીમાં ફઝીલતો સાથે ખૂબ જ છપાય તથા વેચાય છે. ઘણા લોકો સવાબ અર્થે છપાવી ફ્રીમાં વહેંચે છે. પણ ધંધાદારી વેપારીઓ જેમ 'દસ બીબીઓની કહાની, નૂરાનામા.... વગેરે કિતાબો જે ગૈર મોઅતબર હોવા છતાં પૈસા કમાવા છાપે જાય છે અને લોકો ખરીદતા રહે છે તેમ આ કિતાબનું પણ ચલણ છે. તો શરીઅતની રૂએ એની અસલિયત જાણવા માટે આ બાબતે ફત્વો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ. *–તંત્રી*

શું ફર્માવે છે ઉલમાએ દીન વ મુફ્તિયાંને શરએ મતીન નીચેના મસ્અલામાં કે :–

**"દુરૂદે મુક઼દ્દસ"** નામની એક કિતાબ (માર્કેટમાં ખૂબ પ્રચલિત) છે જેમાં **"દુરૂદે મુક઼દ્દસ"**ના ફઝાઈલ અને તેના પુષ્કળ સવાબો લખેલા છે. જેમ કે એ કિતાબમાં લખ્યું છે :–

**(૧)** જે કોઈ ચાહે પુરૂષ ચાહે સ્ત્રી આ દુરૂદે મુક઼દસને તાઝીમ તથા અદબ સાથે પઢશે તો અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી તેને પઢવાવાળાને બંને જહાનના મક઼સદો તથા મતલબો હાંસલ થઈ જશે.

**(૨)** જે કોઈ ૧૧ વાર આ દુરૂદે મુક઼દ્દસને પઢીને તેનો સવાબ સરવરે કાઈનાત ﷺની રૂહે મુક઼દ્દસને બખ્શે પછી દુઆ માંગે તો ખુદાના ફઝ્લથી તે જ વખતે ક઼બૂલ થશે.

**(૩)** અને ફર્માવ્યું હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ કે જે કોઈ મુસલમાન મારી ઉમ્મતમાંથી આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢશે તો ક઼યામતના દિવસે સાલેહો તથા શહીદોની સાથે હશે. અને ફર્માવ્યું હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ કે જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પોતાની આખી જિંદગીમાં એકવાર પઢશે તો લાખ હજ્જનો સવાબ પામશે અને જાણે બે લાખ ગુલામ ફી સબીલિલ્લાહ (અલ્લાહની રાહમાં) આઝાદ કર્યા હોય, અને જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો જાણે દસ લાખ દીનાર રાહે ખુદામાં ખર્ચ કર્યા હોય અને દસ લાખ ઊંટ ખુદાની રાહમાં કુર્બાન કર્યા હોય અને દસ લાખ વાર કાબાતુલ્લાહ શરીફની ઝિયારત કરી, અને દસ લાખ વાર શબે ક઼દ્ર મેળવી હોય, અને દસ લાખ વાર મસ્જિદે મુનવ્વરા બનાવી હોય. અને જે કોઈ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢશે તો દસ લાખ રોઝાનો સવાબ પામશે અને અર્શે અઝીમના જેટલો સવાબ પામશે અને દરજ્જો મળશે અને દસ 'કુર્સી'નો સવાબ પામશે. અને દસ લાખ 'લોહ' અને દસ લાખ 'ક઼લમ' નો મર્તબો પામે. જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો હઝરત જિબ્રઈલ તથા મીકાઈલ તથા હઝરત ઈસ્રાફીલ તથા ઈઝરાઈલનો દરજ્જો પામે, અને જે કોઈ આ દુરૂદે મુક઼દ્દસને પઢે તો 'અર્શ' તથા 'કુર્સી' તથા 'લોહ' તથા 'ક઼લમ' અને સાતેવ આસ્માનો તથા જમીનો અને આઠેવ જન્નતો અને અવ્વલ તથા આખરના સર્વ ફરિશ્તાઓના બરાબર સવાબ પામશે. અને જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો હઝરત આદમ તથા હઝરત શીષ તથા હઝરત ઈદરીસ, હઝરત ઐયૂબ, હઝરત યાકૂબ, હઝરત શોએબ, હઝરત ઈલ્યાસ, હઝરત ઝકરિયા, હઝરત ખિઝર, હઝરત ઈસ્માઈલ, હઝરત સુલૈમાન, હઝરત

ઈબ્રાહીમ, હઝરત યહયા તથા જનાબ સૈયદુલ મુરસલીન વ શફીઉલ મુઝનબીન વ હબીબે રબ્બિલ આલમીન અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો સવાબ પામશે.

**(૪)** જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન તથા હઝરત અલી તથા હઝરત હસ્નૈન તથા હઝરત ફાતિમા તથા હઝરત હમ્ઝા તથા હઝરત અબ્બાસ તથા કર્બલાના શહીદો رضوان الله تعالى عليهم أجمعينનો સવાબ પામે, અને જે કોઈ આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો તમામ અસ્હાબ તથા રૂહી, ખફી, જલીનો સવાબ પામે. અને મુહમ્મદ મુસ્તફા ﷺએ ફર્માવ્યું કે આ 'દુરૂદે મુક઼દ્દસ'ને પઢે તો ચહલ તન અને સર્વ ગૌષ તથા સર્વ અક઼તાબ તથા સર્વ અબ્દાલ તથા અવતાદનો સવાબ પામે. અને **સર્વ ગુનાહો તેના સગીરા શું કબીરા શું** જો હોય, અને તમામ મોર તથા માછલી તથા તમામ જાનવરોની સંખ્યાના બરાબર હોય તો પણ આ 'દુરૂદે મુક઼દ્દસ'ના તુફૈલથી સર્વ માફ થઈ જાય. અને તેની રૂહ હક્ક઼ સુબ્હાનહૂ વ તઆલા પોતાની કુદરતથી ક઼બ્ઝ કરે, અને સકરાત તેની આસાન થાય અને તે શખ્સના જનાઝામાં એટલા ફરિશ્તા જમા થાય કે એ તમામ ફરિશ્તાઓનો હિસાબ (ગણત્રી) રબ તઆલા સિવાય કોઈને ખબર ન હોય, અને તેની ક઼બર નૂરથી પ્રકાશિત થાય કે સુબ્હાનલ્લાહ ! અને મુન્કર નકીરના સવાલો પણ આસાન થાય. પછી અલ્લાહનું ફર્માન કે, "બંદા તું સૂઈ જા જેમ કે પ્રથમ રાતનો દુલ્હો ખુશી સાથે સૂએ છે" અને ફરિશ્તા એના પર કબ્રનો અઝાબ તદ્દન નહીં કરે, જ્યારે કે તે શખ્સ ક઼બ્રથી ઉઠશે તો મોં એનું ચૌદમીના રાતના ચાંદની જેમ હશે.

**(૫)** આ 'દુરૂદે મુક઼દ્દસ'માં કોઈ શક કરે તો કાફિર થઈ જાય.

ઉપરોક્ત લખાણોના સંબંધે શરીઅતનો ફૈંસલો શું છે ? અને આ 'દુરૂદે મુક઼દ્દસ'ની કોઈ અસ્લ છે ? આ વિશે જવાબ ઈનાયત ફર્માવી મુસલમાનોની રહનુમાઈ કરશો. (અસ્લ કિતાબ 'દુરૂદે મુક઼દ્દસ' આ સાથે મોકલી છે.)

*(પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી – તંત્રી બરકાતે ખ્વાજા)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## અલ્જવાબ

**હદીષ** તથા **ફિક઼્હની કિતાબોમાં દુરૂદના આ શબ્દો આવેલા નથી** અને ખાસ આ **દુરૂદના જે ફઝાઈલ નક઼લ કરવામાં આવ્યા છે** એની કોઈ સાબિતી નથી. **આ ફઝાઈલ કોઈએ ઘડયા છે.** આ ફઝાઈલથી પબ્લિકમાં દીન તથા દીનના હુકમોથી દૂરી પેદા થશે, કેમ કે આ દુરૂદને પઢયા પછી પબ્લિક એવું સમજશે કે સર્વ ઈબાદતો અદા થઈ ચૂકી ! ફર્ઝો વગેરેની કોઈ જરૂરત બાકી નથી રહી જતી, અને ગુનાહોનો કોઈ ડર પણ નથી રહી જતો. જેમ કે આ દુરૂદની ફઝીલતમાં છે કે :–

૧. એને એકવાર પઢવા પર **એક લાખ હજ્જ**નો સવાબ મળશે, તો પછી કોઈ કા'બાની ઝિયારતના માટે સફરની તકલીફો શા માટે ઉઠાવશે ?!

૨. **દસ લાખવાર કા'બાતુલ્લાહ શરીફની ઝિયારતનો સવાબ** મળશે, તો પછી કોઈ કા'બાની ઝિયારતના માટે સફરની તકલીફો શા માટે ઉઠાવશે ?!

૩. **દસ લાખ રોઝાનો સવાબ** મળશે, તો પછી કોઈ રમઝાન શરીફના એક મહીનાના રોઝા શા માટે રાખશે ?!

૪. તેના સર્વ ગુનાહો **'સગીરા'** તથા **'કબીરા'** બખ્શી દેવામાં આવશે, તો પછી કોઈ ગુનાહોમાં પડવાથી દૂર શા માટે રહેશે ?!

૫. **અર્શે આ'ઝમના બરાબર સવાબ** તથા **મર્તબો** મળશે, તો પછી તેને ખુદાના કુર્બ (નઝદીકી) માટે કોઈ નેક અમલની શું જરૂરત ?!

૬. **દસ લાખવાર શબે ક઼દ્ર પામવાનો સવાબ** મળશે, તો હવે કોઈએ શબે ક઼દ્રમાં ઈબાદતની શું જરૂરત રહી ગઈ ?!

સારાંશ એ કે આ પ્રકારના જેટલા ફઝાઈલ એના ઘડવાવાળાના દિમાગમાં આવી ગયા તે સર્વને તેણે લખી માર્યા અને સ્પષ્ટતા સાથે કે આ સર્વ રસૂલુલ્લાહ ﷺના ફર્માનો છે ! જો આ નબી પાક ﷺનાં ફર્માનો છે તો વિશ્વસનીય કિતાબોથી તેની સાબિતી જોઈએ, અને જો સાબિતી નથી તો જરૂર **આ સર્વ કાંઈ મનઘડત** છે.

વળી આ દુરૂદમાં શબ્દોનું હલકી કોટીના હોવું એ અલગ છે જે હરગિઝ રસૂલેપાકના કલેમાત (વાણી)માંથી નથી હોઈ શક્તા અને આ દુરૂદના આ શબ્દો "બિહુર્મતિ નાઝે સૈયિદિના મુહમ્મદ" તથા "નમાઝે સૈયિદિના મુહમ્મદ" તથા "યારીએ સૈયિદિના મુહમ્મદ" તથા "યકાનગીએ સૈયિદિના મુહમ્મદ" તથા "કોશિશે સૈયિદિના મુહમ્મદ" તથા "કૂદે સૈયિદિના મુહમ્મદ" ﷺ, અને **આ પ્રકારના અન્ય વાક્યો યકીનન નબી કરીમ ﷺની ઝબાન મુબારકથી નીકળેલા શબ્દો નથી.** એ પણ એના મનઘડત હોવા વિશે દલીલ છે.

વળી અંતમાં જે આ હુકમ બહાર પાડી આપ્યો કે, "જે આ "દુરૂદે મુકદસ"માં શક કરે તો તે કાફિર છે" **એ બિલ્કુલ ગલત છે.** અને **શરીઅત પાક પર આક્ષેપ છે.** જે દુરૂદના શબ્દોનું હદીષ તથા ફિક્હની કિતાબોમાં કોઈ વજૂદ ન હોય, કોઈ બુઝુર્ગથી નક્લ થયેલ ન હોય, વળી તેમાં ફારસી તથા ઉર્દૂ શબ્દો હોય, હલકી કક્ષાના શબ્દો પણ હોય તેમજ ફર્માબરદારી તથા ઈબાદતોથી નિઃઆકર્ષણ જન્માવે તેવા તથા ગુનાહોથી નીડર કરવાવાળા ફઝાઈલ હોય તે હુઝૂર ﷺના શબ્દો તથા હદીષો નથી હોઈ શક્તા, એટલા માટે એનો ઈન્કાર જરૂરી છે, જેણે આવા વાક્યોના શક પર કુફ્રનો હુકમ આપ્યો અને સરવરે કાઈનાત ﷺની તરફ તે પાયાહિન ફઝાઈલ સંબંધિત કર્યા અને તેને રીવાજ આપવાની કોશિશ કરી તે સખ્ત ગુનેહગાર, ફાસિક, ફાજિર, મુસ્તહિકે ગઝબે જબ્બાર તથા જહન્નમના અઝાબનો હક્કદાર છે. મુસલમાન હરગિઝ હરગિઝ આ (દુરૂદે મુકદસ નામની) કિતાબ પર વિશ્વાસ ન કરે. **હા ! દુરૂદ શરીફની પોતાની ફઝીલત અલગ છે, તો જે દુરૂદ શરીફ કિતાબોમાં અથવા સાલેહીનથી નક્લ થયેલ છે તેને ખૂબ પઢો અને પુષ્કળ સવાબના હક્કદાર બનો.**

નખબતુલ ફિક્ર તથા નુઝહતુન્નઝર અને શરહે નુઝહતુન્નઝરમાં છે :–

જે લક્ષણોથી હદીષના મનઘડત હોવાની જાણ થાય છે એ પૈકી એક લક્ષણ એ છે જે રાવી (રિવાયત કર્તા)ની સ્થિતિથી પ્રાપ્ત થાય છે અને એક એ છે જે મરવી (રિવાયત)ની સ્થિતિથી પ્રાપ્ત થાય છે જેમ કે રિવાયતનું કુર્આનની નસ (આયત) અથવા સુન્નતે મુતવાતિરા અથવા ઈજમાએ કતઈના વિરૂદ્ધ હોવું અથવા અક્લના વિરૂદ્ધ હોવું એ રીતે કે તાવીલ ન થઈ શકે.

**وكذا إن لم يحتمل سقوط شئ منه على بعض روايه يزول به ذلك وإليه إشار ابن السبكى فى 'جمع الجوامع' : فقال وكل أوهَمَ باطلا، ولم يقبل التاويل فباطل، أونقص منه مايزيل الوهم قال شارحه : وقد يُمَثَّل له برواية 'لايبقى على ظهر الأرض بعدمأة سنة نفس منفوسة' لعدم مطا بقتها الواقع حيث سقط على راو يها 'منكم'**

અને શબ્દોનું તુચ્છ હોવું ભલે એ સ્પષ્ટ થઈ ગયું હોય કે આ નબીએ કરીમ ﷺના શબ્દો છે અને તેની રિવાયત બિલ્મઅના ન થઈ હોય (એ જ અર્થની બીજી રિવાયતો ન મળતી હોય) અને ઘણીવાર શબ્દો અને અર્થનું હલ્કાપણુ એક સાથે હોય છે અને આ (શબ્દો અને અર્થનું હલ્કાપણુ) અધિક્તમ હોય છે. બલ્કે અર્થનું હલ્કાપણુ (રિવાયતના) મનઘડત હોવા પર અને એ અર્થની ખરાબીને પૂરવાર કરવા માટે પૂરતુ છે. (ફસ્લકયફ યૂઅરફુલ્ વઝઓ, પેજ–૧૧૯, મજલિસે બરકાત અલ જામિઅતુલ અશ્રફિયા) વલ્લાહુ તઆલા અઅલમ

લખનાર : **(મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા, મુબારકપુર, યુ.પી.) ૨૩–શવ્વાલુલ્ મુકર્રમ, હિ.સ. ૧૪૩૦ (તા. ૧૩–૧૦–૨૦૦૯)*

# બાળકોની કેળવણીમાં માં બાપનો શું રોલ હોવો જોઈએ ?!

રજૂકર્તા : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી—દયાદરા)

**ઔલાદ** માં બાપ માટે કુદરતનો એક અનમોલ તોહફો છે. હજારો મન્નતો અને દુઆઓ પછી જ્યારે ઔલાદનો જન્મ થાય છે ત્યારે મા બાપ ખુશીઓ મનાવે છે. સગા સંબંધીઓમાં ખુશીઓનું પ્રદર્શન કરે છે. સગાસંબંધીઓ તેઓને મુબારકબાદ આપે છે અને તેમના માટે ખૈરો બરકતની દુઆઓ કરે છે.

ઔલાદનો ઉછેર અને તર્બિયત (કેળવણી) એવી રીતે કરવામાં આવે કે આપણા પછી આપણા દીન તથા દુનિયાનો જાનશીન (અનુગામી) છોડી જઈએ. આજે મુસ્લિમ સમાજમાં ઈસ્લામની સંસ્કૃતિ અને અદબના વિરૂદ્ધ પશ્ચિમી સંસ્કૃતિ તથા તેના તૌર તરીક઼ાનો વધારે રીવાજ છે. ઔલાદના જન્મના વખતે માં બાપ ખુશીના આલમમાં એટલા બધા મગ્ન થઈ જાય છે કે તેઓને શરીઅતની સીમાઓને તોડી નાખવાનો કોઈ ખૌફ નથી રહેતો ! કેટલા તો ઔલાદનું સ્વાગત ઈસ્લામી તરીક઼ા મુજબ અઝાન તથા દુઆઓથી નથી કરતા બલ્કે તેની જગ્યાએ ઢોલ વાજાંઓ, વાજિંત્રો, ડાન્સ પાર્ટીઓની ગુંજ સાથે કરે છે. દિલથી વિચારો ! ઔલાદનું દિમાગ એક સાદી સ્લેટની જેમ છે તેના પર જેવી તાલીમ, તર્બિયત (કેળવણી), અદબ, સંસ્કૃતિ લખવામાં આવશે તેવા જ અંદાઝમાં ઔલાદ પર તેની અસર રહેશે.

મોટાભાગે જોવામાં આવે છે કે મા બાપ ઔલાદના ઉછેર અને હિફાઝતમાં હદથી પાર વધી જાય છે. ઔલાદને રમવા તથા ખેલકૂદ માટે જાનદારોનાં રમકડાં આપી શરૂથી જ એ દિમાગ બનાવવા માગે છે કે ઈન્સાનના ઘરે જન્મેલ ઔલાદ માનવતાને બદલે જાનવરોની વચ્ચે રહી હૈવાનિયતના તૌર તરીક઼ા શીખે.

ઔલાદની પરવરિશ અને કેળવણીમાં મા બાપ ઈસ્લામી આદાબ (નિયમો)ને અભરાઈ પર મૂકી બિસ્મિલ્લાહ, કલ્મએ તય્યબ, સલામ, અલ્લાહ ﷻ અને તેના પ્યારા હબીબ ﷺના મુબારક નામોની તા'ઝીમના બદલે ગુડમોર્નિંગ ! ટાટા ! હાય ! હાય ! બાય ! બાય ! જેવા ઈસ્લામ વિરૂદ્ધ તૌર તરીક઼ાઓ શીખવાડીએ છીએ અને તેમના કાનોમાં અઝાન, કુર્આની આયતો, દુઆ, ઝિક્રે ઈલાહીનું વિર્દ કરવાના બદલે ફિલ્મી ગીતો, બેન્ડબાજા, ગંદી વાતોની ગુંજો સંભળાવીએ છીએ. એવી રીતે બાળપણથી જ ઔલાદને મોર્ડન સંસ્કૃતિની ચાહક અને દીવાની બનાવી દઈએ છીએ. વિચારવાનો મક઼ામ છે ઈસ્લામ ધર્મમાં ઔલાદની તાલીમ, તર્બિયત, અને ઉછેર માટે જે હિદાયતો અને ક઼ાનૂનો મૌજૂદ છે તેના પર અમલ કરી મા બાપ પોતાની ઔલાદની સાચી અને સાલેહ પાકીઝા (પવિત્ર) તાલીમ તથા તર્બિયત અને કેળવણી કરી પોતાની ઔલાદને જહન્નમની આગથી અને પોતાને દુનિયામાં ઔલાદની બુરાઈ અને નાફર્માનીઓથી બચાવી શકે છે અને આખેરતના સિવાય દુનિયામાં પણ પોતાની ખુશી તથા ઈજ્જતનો સામાન તૈયાર કરી શકે છે.

ઔલાદની કેળવણીમાં મા બાપનો શું રોલ હોવો જોઈએ તેને ઈસ્લામની તાલીમાતની રોશનીમાં આપણે જોઈએ.

ઔલાદને વાત વાતમાં ધમકાવવા તથા સજા આપવા વિશે સખ્તીથી બચવાનો હુકમ છે. તેમની ભૂલો તથા ગલતીઓ બાબતે નફરતનો વર્તાવ કરવાના બદલે હિકમતની (યુક્તિપૂર્વક) સાથે તેમની કેળવણી મહેનતપૂર્વક કરો, પોતાના વર્તાવથી બાળકો પર એ ખૌફ અને ડર હમેશાં રહે કે તેમની કોઈ શરીઅત વિરૂદ્ધની વાત તમે કદાપિ સહન નહીં કરો.

ઔલાદ સાથે હમેશાં પ્યાર મહોબ્બત, નરમી તથા હેતાળ વર્તાવ, તેમની ચાહત મુજબ દરેક જરૂરતો અને તમન્નાઓને પૂરી કરો, તેમને હમેશાં ખુશ રાખો, અને આજ્ઞાપાલન, ફર્માબરદારી, વફાદારી વિશે તેમના જઝબાતને ઉત્તેજન આપો.

એક વેળા અહ્નફ બિન કૈસ رضی اللہ عنہને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہએ પૂછયું, બતાવો ! ઔલાદના વિશે કેવો વર્તાવ હોવો જોઈએ ? અહનફ બિન કૈસ رضی اللہ عنہએ કહ્યું, "હુઝૂર ! ઔલાદ આપણા દિલોની જાન છે, કમરનો સહારો છે, આપણે તેમના માટે જમીન માફક છીએ જે એકદમ નરમ અને વિના કષ્ટવાળી છે. અને આપણુ અસ્તિત્વ તેમના માટે આસ્માનના છાંયડાની જેમ છે. અને આપણે તેમના થકી જ મોટા મોટા કામો અંજામ આપવાની હિમ્મત કરીએ છીએ. તો જ્યારે તે આપણી પાસે કોઈ વસ્તુની માંગ કરે તો તેમના દિલોના ગમને દૂર કરો તેના પરિણામે તે તમારાથી મહોબ્બત કરશે અને તમારી કોશિશોને પસંદ કરશે. અને કદાપિ તેમના પર સહન ન કરી શકે તેવો બોજ ન મૂકતા કે જેથી તે આપની જિંદગીથી ત્રાસી જાય અને આપની મૌતની તમન્નામાં રહે, આપથી નફરત કરે." હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہને આ હિકમતભરી વાતોએ ઘણા પ્રભાવિત કર્યા અને આપે ફર્માવ્યું,

અહ્નફ ! ખુદાની કસમ ! આપ જે સમયે મારી પાસે આવીને બેઠા ત્યારે હું મારા પુત્ર વિરૂદ્ધ ગુસ્સાથી ભરાયેલો હતો. પછી હઝરત અહનફના ત્યાંથી જતા રહ્યા પછી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہનો ગુસ્સો ઠંડો પડી ગયો અને પોતાના પુત્રથી રાજી થઈ ગયા અને તે જ વેળા તેના માટે ૨૦૦ દિરહમ અને ૨૦૦ જોડી કપડાં મોકલ્યાં. તેમના પુત્ર પાસે જ્યારે આ તોહફાઓ પહોંચ્યા તો તેણે તેના બે હિસ્સા કર્યા અને ૧૦૦ દિરહમ અને ૧૦૦ જોડી કપડાં હઝરત અહનફ ઈબ્ને કૈસ رضی اللہ عنہની ખિદમતમાં મોકલ્યા.

નાના બાળકોના માથા પર શફકત (હેત)થી હાથ ફેરવવો જોઈએ, તેમને ગોદમાં લઈ પ્યાર કરવો જોઈએ, તેમની સાથે હસતા ચેહરે પેશ આવવું જોઈએ, હર ઘડી સ્વભાવમાં આકડાપણુ તથા કડકાઈ કરનાર હાકિમ ન બનો કે એ તરીકાથી ઔલાદના દિલમાં માં બાપ વિશે દીવાનગીભરી મહોબ્બતનો જઝબો (ભાવના) પૈદા નથી થતો અને તેમના દિલોમાં આત્મવિશ્વાસ તથા સ્વમાન પૈદા નથી થતું અને તેમના પ્રાકૃતિક વિકાસ પર પણ સારી અસર નથી પડતી.

એક વેળા અકરઅ બિન હાબિસ હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસે આવ્યા તે વખતે હુઝૂર صلی اللہ علیہ وسلم હઝરત હસન رضی اللہ عنہને પ્યાર ફર્માવી રહ્યા હતા. અકરઅ رضی اللہ عنہએ જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ પણ બાળકો સાથે પ્રેમ કરો છો ! મારાં તો દસ બાળકો છે પરંતુ મેં તો કદાપિ કોઈ એકને પણ પ્યાર નથી કર્યો ! હુઝૂર صلی اللہ علیہ وسلمએ અકરઅ رضی اللہ عنہ તરફ નઝર મુબારક ઉઠાવી અને ફર્માવ્યું, જો અલ્લાહ તઆલાએ તારા દિલમાંથી શફકત (હેત) અને પ્યાર કાઢી નાખ્યો છે તો હું શું કરી શકું છું !

હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہના યુગમાં હઝરત આમિર رضی اللہ عنہ કોઈ ઉચ્ચ હોદ્દા પર હતા. એક વેળા હઝરત ઉમર رضی اللہ عنہની મુલાકાત માટે તેમના ઘરે પહોંચ્યા તો શું જુએ છે કે હઝરત ફારૂકે આઝમ આડા પડેલા છે અને નાનાં બાળકો તેમની છાતી પર ચઢી રમી રહ્યાં છે. હઝરત આમિરને આ વાત પસંદ ન આવી. હઝરત ઉમર તેમની પેશાનીના ઉતાર ચઢાવથી તેમની નાપસંદગીને ભાંપી ગયા અને હઝરત આમિરને ફર્માવ્યું, તમારો વર્તાવ (વ્યવહાર) તમારાં બાળકો સાથે કેવો રહે છે ?

હઝરત આમિરને મૌકો મળી ગયો અને બોલ્યા, અમીરુલ મોઅમેનીન ! જ્યારે હું ઘરમાં દાખલ થાઉં છું તો ઘરવાળાઓ પર સન્નાટો છવાઈ જાય છે, બધા જાણે ગભરાઈને ચુપ થઈ જાય છે ! હઝરત ઉમર رضی اللہ عنہએ ઘણા દર્દ સાથે કહ્યું, આમિર ! ઉમ્મતે મુહમ્મદિયાના ફરઝંદ થઈને એ નથી જાણતા કે મુસલમાનોએ પોતાના ઘરવાળાઓ સાથે કેવી રીતે નરમી અને મહોબ્બતનો વ્યવહાર કરવો જોઈએ ?!

ઔલાદને પાકીઝા (પવિત્ર) સારી તાલીમ અને તર્બિયત (કેળવણી)થી શણગાર માટે પોતાની બધી મહેનત અને શક્તિ ખર્ચી કાઢવી જોઈએ અને આ માર્ગમાં મોટામાં મોટી કુર્બાનીથી પણ પાછા હટવું ન જોઈએ, આ મા બાપની ધાર્મિક અને મઝહબી જિમ્મેદારી પણ છે અને મહત્વનો ફર્ઝ પણ છે અને ઔલાદ સાથે મહાન એહસાન પણ અને પોતાની જાત સાથે સૌથી મોટી ભલાઈ પણ છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "મોમિનો ! બચાવો પોતાને તથા પોતાનાં કુટુંબીજનોને જહન્નમની

આગથી.''

જહન્નમની આગથી બચવાનો એક જ રસ્તો છે કે ઈલ્મે દીનના ભેદો તથા રહસ્યોથી જાણકાર થાય અને જીવન અલ્લાહ અને તેના પ્યારા હબીબ ﷺની ઈતાઅત અને ફર્માબરદારીમાં પસાર કરે.

હુઝૂર ﷺનો ઈર્શાદ મુબારક છે : બાપ પોતાની ઔલાદને જે કાંઈ આપી શકે છે તેમાં શ્રેષ્ઠ તોહફો ઔલાદની સારી તાલીમ અને તર્બિયત (કેળવણી) છે. (હવાલો : મિશ્કાત શરીફ)

અને આપ ﷺએ એ પણ ફર્માવ્યું કે જ્યારે ઈન્સાન મૃત્યુ પામે છે તો તેના અમલ ખત્મ થઈ જાય છે. પરંતુ ત્રણ જાતના અમલો એવા છે કે તેનો બદલો અને સવાબ મૃત્યુ પછી પણ મળતો રહે છે : (૧) સદકએ જારીઆ કરી જાય (૨) પોતે એવો ઈલ્મ છોડી જાય જેનાથી લોકો ફાયદો ઉઠાવે (૩) નેક ઔલાદ છોડી જાય જે બાપ માટે દુઆ કરતી રહે.

તમારા સાંસ્કૃતિક તથા સંસ્કારિક રીત રિવાજો તથા ધાર્મિક તાલીમાત અને તૌહીદના પૈગામને જીવંત રાખવામાં ઔલાદ મહત્વનો રોલ અદા કરે છે અને મોમિન નેક અને સાલેહ ઔલાદની તમન્ના એટલા માટે જ કરે છે કે તેના પછી તેની ઔલાદ તેના પૈગામને જીવંત રાખી શકે.

બાળક જ્યારે સાત વરસનું થઈ જાય તો તેને નમાઝ પઢવાનું શીખવાડવું જોઈએ, નમાઝ પઢવાની સૂચના આપવી જોઈએ, પોતાની સાથે મસ્જિદમાં લઈ જઈ તેનો શોખ જગાડવો જાઈએ અને જ્યારે દસ વરસનો થાય ત્યારે જો સુસ્તી અને બેપરવાહીથી નમાઝ ન પઢે તો તેને યોગ્ય સજા આપવી જોઈએ અને પોતાના અમલ અને દેખાવથી એના ઉપર એ જાહેર કરો કે નમાઝ વિશે સુસ્તી તમે કોઈ સંજોગોમાં ચલાવી લેશો નહીં.

ઔલાદ જ્યારે દસ વરસની થાય તો તેની પથારી અલગ કરી દેવામાં આવે અને દરેકને અલગ અલગ પલંગો (પથારી) પર સૂવાડવામાં આવે. હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ મુબારક છે : ''ઔલાદને નમાઝનો આદેશ આપો જ્યારે તે સાત વરસનાં થઈ જાય અને નમાઝ માટે તેમને સજા આપો જ્યારે તે દસ વરસનાં થઈ જાય. અને દસ વરસના થઈ ગયા પછી તેમની પથારીઓ અલગ કરી દો.''

બાળકોની સફાઈ પર ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેમની તહારત (પાકી) સ્વચ્છતાનું અને ગુસ્લ વગેરેનો ખયાલ રાખવો જોઈએ. સાફ સુથરાં કપડાં રાખવાં જાઈએ. વધારે પડતા શણગારથી બચવું જોઈએ. છોકરીઓનાં કપડાં પણ એકદમ સાદાં અને સિમ્પલ રાખવાં, ભડકીલાં, ચમકદાર અને લોકોની નજરોને પોતાના તરફ આકર્ષે એવાં કપડાં પહેરાવીને બાળકોના મિજાઝ અને આદતોને ખરાબ ન કરવામાં આવે. બાળ કોની એબો (ખામીઓ) બીજાઓ સામે બયાન ન કરવી જોઈએ, એટલા માટે કે એવું કરવાથી તેમની ઈજ્જત અને સ્વમાનને ઠેસ પહોંચે છે, તેમની મામૂલી ખૂબીઓની ખૂબ તારીફ (પ્રશંસા) કરો, તેમનું દિલ રાખવાની અને તેમનામાં વિશ્વાસ અને હોસલો પૈદા કરવાની કોશિશ કરો જેથી તેઓ આ જગતમાં ઊંચામાં ઊંચુ સ્થાન પ્રાપ્ત કરી શકે.

બાળકોને અંબિયા, અવલિયા, સાલેહીન (નેક લોકો) સહાબાએ કિરામ, અને ઈસ્લામના મુજાહિદોના કિસ્સાઓ સંભળાવવા જોઈએ, તેમના કિરદારની કેળ વણી તથા દીન વિશે તેમની રુચિ માટે તેને એકદમ જરૂરી સમજો. તેમની સમક્ષ કુર્આન મજીદ સારા અવાજથી પઢો, પ્રસંગોપાત નબીએ કરીમ ﷺના મુબારક આદેશો, સુન્નતો બતાવો અને બચપનથી જ તેમનાં દિલોમાં ઈશ્કે રસૂલ ﷺની તડપ જગાડવાની કોશિશ કરો.

બાળકો થકી ગરીબો, મોહતાજોને ખાણુ, પૈસા, કપડાં વગેરે અપાવો જેથી તેમનાં દિલોમાં ગરીબો, મોહતાજો સાથે સદવર્તાવ, સદકા, ખૈરાત, તોહફાઓ અને સખાવતનો જઝબો જાગૃત થાય. ભાઈ તથા બહેનોમાં જાતે જ ખાવા પીવાની વસ્તુઓની વહેંચણી કરે જેથી એક બીજાના હક્કોનો એહસાસ અને ઈન્સાફ અને પ્રમાણિક્તાની ટેવો પૈદા થાય.

બાળકો સામે હમેશાં સારો ઈલ્મી નમૂનો પેશ કરો, જીભ વડે કોઈ સભ્યતાથી વિરૂદ્ધ વાત ન કરો, આપનું જીવન બાળકો માટે દરેક સમયે ખામોશ ટીચરની જેમ

છે જેનાથી બાળકો દરેક સમયે પઢે અને શીખે છે.

يا ايها الذين آمنوا قوا انفسكم واهليكم نارا

**તર્જુમો** : "હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના બીવી બચ્ચાંઓને જહન્નમની આગથી બચાવો." ફુકહાએ કિરામ ફર્માવે છે કે આ આયતે કરીમા દરેક વ્યક્તિ પર એક ફર્ઝ લાગુ કરે છે કે તે પોતાની પત્ની તથા ઔલાદને શરીઅતના ફર્ઝો, હલાલ અને હરામના હુકમોની તાલીમ આપે અને તેના પર અમલ કરવાની જાતે પણ કોશિશ કરે.

હદીષ શરીફમાં વર્ણન છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે ઈન્સાન પોતાનાં બાળકોને અદબ શીખવાડે તો એ યકીનન તેનાથી બેહતર છે કે એક સાઅ (**4.94 Kgs**) અનાજ સદકો કરે. *(હવાલો : મિશ્કાત શરીફ, પેજ–૪૨૩)*

એક બીજી રિવાયતમાં છે જે હઝરત ઉમર બિન સઈદથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કોઈ બાપે પોતાની ઔલાદને એવો તોહફો નથી આપ્યો જે અદબથી વધીને હોય. *(હવાલો : મિશ્કાત શરીફ)*

હઝરત સઈદ ઈબ્ને આસ رضي الله عنه ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બાપ પોતાની ઔલાદને જે કાંઈ પણ બતાવે તેમાં સૌથી સારો તોહફો સારી અદબ શીખવાડવું છે."

ઔલાદની જે અંદાઝમાં તર્બિયત (કેળવણી) થશે તે જ અંદાઝમાં તે મોટી થશે. સારી તર્બિયત થશે તો તે જાનની રાહત અને દિલના ચૈનનો સામાન બનશે અને જો ખુદા ન કરે તમે પોતાની ઔલાદની સારી રીતે કેળ વણી ન કરી તો તે ઔલાદ એક દિવસ તેના માટે માથાનો દુઃખાવો, બેચૈનીનો સબબ બનશે. જેમ કે એક વ્યક્તિ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضي الله عنهની બારગાહમાં પોતાના પુત્રની શિકાયત લઈને હાજર થયો અને કહેવા લાગ્યો કે મારો દીકરો મને પરેશાન કરે છે જેનાથી મને દુઃખ અને તકલીફ થાય છે. હઝરત ઉમર رضي الله عنهએ તેના છોકરાને બોલાવ્યો અને ફર્માવ્યું કે શું તું ખુદાથી નથી ડરતો ? શું તારા બાપનો તારા પર કોઈ હક્ક નથી ? તું તારા બાપને તકલીફ આપે છે ! છોકરાએ જવાબમાં કહ્યું, મારા બાપના મારા પર ત્રણ હક્કો હતા : (૧) મારુ નામ સારુ રાખતો (૨) તા'લીમ અપાવતો (૩) મારી શાદી સારી છોકરીથી કરતો. તેમણે મારો હક્ક સારી રીતે અદા નથી કર્યો તો તાલીમ વિના બીજાનો હક્ક કેવી અને કઈ રીતે માલૂમ થઈ શકે છે ? હઝરત ઉમર رضي الله عنه એ છોકરાથી ત્યાર પછી કોઈ પ્રશ્ન ન કર્યો બલ્કે તેના બાપને કહ્યું ? તું કહે છે કે મારો છોકરો મને તકલીફ આપે છે તો તે તકલીફનું કારણ તું જાતે બન્યો છે ! એટલા માટે તું મારી સામેથી ખસી જા !

જ્યારે મા બાપ પોતાની ઔલાદના હક્કો જાતે અદા નથી કરતા તો ઔલાદ જવાન થયા પછી મા બાપના હક્કો કઈ રીતે અદા કરશે ? જ્યારે ઔલાદને હક્કો અદા કરવાની શીખામણ જ નહીં આપી હોય તો તેઓ ક્યાંથી અદબ શીખીને અમલ કરશે ? જેનું પરિણામ એ થશે કે ઔલાદ મા બાપની વૃધ્ધાવસ્થામાં નાફર્માન બની તેઓને કષ્ટ અને તકલીફ પહોંચાડશે.

અમુક લોકો એવું બહાનુ કાઢે છે કે અમોએ ઘરના માહોલને દીની બનાવવાની અને ઔલાદને સારી તર્બિયત આપવાની ઘણી કોશિશ કરી પરંતુ માહોલ જ એવો છે જેમાં અમારી નસીહતોની અસર નથી થતી તો એમાં અમારો કુસૂર શું છે ?! આ ખયાલ માત્ર એક ધોકો છે, સવાલ એ છે કે તમોએ તેમને કેટલી લાગણી તથા દર્દ સાથે સમજાવવાની કોશિશ કરી ? આપની ઔલાદ જો બીમાર થઈ જાય તો તમે તેમના વિશે પોતાના દિલમાં કેટલી તડપ અને દર્દ અનુભવો છો અને છોકરા માટે તંદુરસ્તી માટે કેવા કેવા મુશ્કેલ ઉપાયો કરો છો ! જો આ જ તડપ અને બેચૈની ઔલાદની સહી તાલીમ અને તર્બિયતમાં દેખાડવામાં આવે તો ઔલાદ આપની ફર્માબરદાર અને આપના હક્કોને અદા કરવાનો સામાન બનશે. અલ્લાહ તઆલા આપણને સૌને ઔલાદની નેક અને સારી તર્બિયત કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન

*(અમજદિયા ત્રિમાસિક, જુલાઈથી સપ્ટેમ્બર – ૨૦૦૫)*

**મેરેજ બ્યૂરો**

★ **શેખ યુવતી** : ઉમર–૨૪ વર્ષ, એજ્યુકેશન : M.sc. Bed, ગર્નમેન્ટ સ્કૂલમાં ટીચર (સૂરત તરફ) એજ્યુકેટેડ સુન્ની યુવક સંપર્ક કરે. મોબાઈલ : ૯૩૭૬૨૦૮૮૫૮ (વધુ માટે સંપક કરો : મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

# ગુજરાતી તલબામાં

## ઈલ્મી ઉણપના સબબો અને ઈલાજ....



ગુજરાતનો ઈલાકો જે એક સમયમાં ઈલ્મ તથા વિદ્યાકલાનું કેન્દ્ર ગણાતો હતો. જ્યાં મોટા મોટા નહવીઓ, મુફસ્સિરો, મોહદ્દિષો, કાનૂનના નિષ્ણાતો, ફિલોસોફરો, તર્કશાસ્ત્રીઓ, મંતિકીઓ, શારેહો (સ્પષ્ટ વિવરણ કરનારા) તથા હાશિયા લખનારા (ટીપ્પણી કરનારા) મહાન વિધ્વાનો ઉપસ્થિત હતા. જેમની ઈલ્મી મહારત તથા ફનકારી આજે પણ લખાણો તથા કિતાબોના રૂપમાં જોવા મળે છે. પરંતુ અફસોસ છે કે આજે ગુજરાતભરમાં સંખ્યાબંધ મદ્રસાઓ, દારૂલ્ ઉલૂમો હોવા છતાં ઈલ્મ તથા ફનો (વિદ્યાઓ)ના માહિર તો ઘણા દૂર રહ્યા બે લીટી અરબી ઈબારત પઢવાની પણ ક્ષમતા ધરાવતા આલિમોના દર્શન માટે પણ ગુજરાતવાસીઓ તરસી રહ્યા છે, સિવાય કે ગણતરીના અમુક લોકો છે.

ન તો આજે ધરતીમાં તબદીલી આવી છે, ન તો આસ્માનમાં સ્થાન ફેર થયું છે અને ન તો કૃબીલાઓ (જ્ઞાતિઓ) બદલાઈ ગયા છે, આમ છતાં તે કયા કારણો છે જેના કારણે આપણી પેઢી ઈલ્મથી કોરી રહી જાય છે. આ કમ ઈલ્મ (મૂળ લેખક) પોતાની કમજોરીઓની અનુભૂતિ સાથે આવનાર પેઢી પ્રત્યે ભલામણના ભાવુક સમુદ્રમાં ડૂબીને આ સમસ્યાનાં કારણો તથા તેના ઉપાયો લખી રહ્યો છે. આ કોઈ સમીક્ષા તથા ઐબ બયાની નથી બલ્કે ઉત્તમ ભવિષ્ય તથા વરસોની બરબાદીને રોકવા માટેના અમુક મશ્વેરારૂપી સૂચનો છે જે એક બેચેન હ્રદયનો શાબ્દિક વિલાપ છે.

### ઈલ્મ સંબંધિત કમજોરીઓનાં કારણો

**(૧)** માં બાપનો બાળકના (તાલિબે ઈલ્મના) ઉસ્તાદ સાથે ઓછો સંપર્ક કે બાળકે શું પઢયું ? શું લખ્યું ? તેના અખ્લાક્ તથા કિરદાર (વર્તણૂક) કેવો છે. **(૨)** કિતાબના અભ્યાસ (મુતાલા) માટેની પધ્ધતિઓથી તાલિબે ઈલ્મનું અજાણ રહેવું. **(૩)** એહસાસે કમતરી (લઘુતાગ્રંથી એટલે કશું ન કરી શકવાની અનુભૂતિ) કે ગુજરાતીઓ સારા આલિમ નથી બની શક્તા, મહેનતની કમી, રમત ગમત, મનોરંજન તથા વ્યર્થ (ફુઝૂલ) પ્રવૃત્તિઓમાં તલ્બાનું પરોવાયેલા રહેવું. **(૪)** કમિટી સભ્યો તથા અરાકિનમાં ઈલ્મેદીનનો અભાવ. **(૫)** લાયકાત ધરાવતા મહેનતી, મુખ્લિસ મુદર્રિસો તથા ઉસ્તાદોની અછત. **(૬)** મુદર્રિસો તથા ઉસ્તાદોની તાલીમી ગતિવિધિઓમાં કમિટી સભ્યો તથા વ્યવસ્થાપકોની અનૂચિત દખલગીરી, કમિટી સભ્યો તથા મુદર્રિસો દરમિયાન સમાન વિચારસરણીનો અભાવ. **(૭)** દર્સ તથા અભ્યાસના સમયે **તલ્બાનું અધિક્તર કુર્આન ખ્વાનીની મેહફિલોમાં** જવું. **(૮)** નહવ, સર્ફ તથા ફારસી ભાષાના (પાયાના) કૃાઈદાઓ તથા તેના ગ્રામરનું પુનરાવર્તન ન હોવું. **(૯)** નિસાબે તાલીમ (કોર્સ) પ્રત્યેની ખામીઓ તથા કોર્સનું અવ્યવસ્થિત હોવું. **(૧૦)** જમવા તથા અન્ય સુવિધાઓમાં કમીના કારણે ઉસ્તાદનું બરતરફ થઈ જવું (રાજીનામુ આપવું). **(૧૧)** અરાકિન તથા વ્યવસ્થાપકોના માન મર્તબાનો લેહાઝ કરવામાં મુદર્રિસની બેદરકારી. **(૧૨)** પઢાઈના સમયની પાબંદી પ્રત્યે મુદર્રિસોની લાપરવાહી, ક્યાંક ઉસ્તાદની ગુજરાતી તલ્બાને પછાત રાખવાની નીતિ વગેરે જેવાં કારણોસર આપણા બાળકો તથા મદ્રસાઓ ઉત્તમ તાલીમથી વંચિત રહે છે.

### આ સમસ્યાઓનો ઉકેલ

**(૧)** માં બાપ કમસે કમ દર છ મહીને ઉસ્તાદો પાસેથી પોતાના બાળકનો રિપોર્ટ માંગે, અને સારા રિપોર્ટ ઉપર ઈનામ આપે અને ખરાબ રિપોર્ટ અંગે જરૂર પૂછપરછ કરે. આ ઉપરાંત પરીક્ષામાં પાસ અથવા નાપાસ થવાની જાણકારી પણ મેળવતા રહે. **(૨)** ઉસ્તાદો તાલીમની શરૂઆતથી જ તાલિબે ઈલ્મોને કિતાબના અભ્યાસના તરીકૃાઓ તથા પધ્ધતિઓ અંગેનું માર્ગદર્શન આપતા રહે, તથા તેને યાદ કરવાની રીત તેમજ યાદ રાખવા માટેના તરીકૃાઓ પણ બતાવતા રહે, **(૩)** નહ્વ, સર્ફ, ઉસૂલે ફિક્હ, હદીષ, તફસીરની અહમ તથા પાયાની કિતાબોને ખૂબ યાદ કરાવે તથા દરરોજ ઓછામાં ઓછી લીટી પણ કૃાઈદાઓનું પુનરાવર્તન કરાવતા રહે. જેમ કે ઝેર કેમ આવ્યો ?

**રજૂકર્તા :** **મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** *(ખતીબો ઈમામ મક્કા મસ્જિદ–બોલ્ટન)*

સેગો કયો છે ? બાબ કયો છે ? તા'લીલ થઈ છે કે નહીં ? વગેરે જેવા પ્રશ્નો દ્વારા બાળકોને તપાસતા રહે. **(૪)** તલ્બા દરરોજ અગ્યાર વાગ્યા સુધી ઉસ્તાદોની દેખરેખમાં અભ્યાસ કરે, સૌ પ્રથમ પોતે સબકને સમજવાની કોશિશ કરે. જો કોશિશ કર્યા પછી ન સમજમાં આવે તો ઉસ્તાદનો સંપર્ક કરે. **(૫)** તલ્બા પાયાની (પ્રાથમિક) કિતાબોને અરબી, ફારસી મતન (મૂળ લખાણ)ની સાથે જ યાદ કરે. આ ઉપરાંત કોઈ પણ કિતાબ દસ અથવા પંદર વાર પઢે જેથી મઝામીન (કિતાબના પ્રકરણો) દિલમાં બેસી જાય. **(૬)** તલ્બા ઉર્દૂ શરહો (ગાઈડો)ના બદલે અરબી હાશિયાઓ અથવા અરબી ફારસી શરહોનો અભ્યાસ કરે. હા, ઈમામુન્નહ્‌વ અલ્લામા સૈયદ ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہ ની લખેલી શરહોનો અવશ્ય અભ્યાસ કરે. **(૭)** દર્સી કિતાબો સિવાય (બહારની) કિતાબોનો પણ મુતાલો (અભ્યાસ) કરે, જેમ કે બહાર શરીઅત, આ'લા હઝરતના રિસાલાઓ, જાઅલ્ હક્ક઼, વહાબીઓ તથા દેવબંદીઓ તેમજ બીજા ફિર્ક઼ાના રદમાં લખાયેલ ઓલમાએ એહલે સુન્નતની કિતાબો, કન્ઝુલ ઈમાન ખઝાઈનુલ ઈર્ફાનની તફસીર સાથે, તસવ્વુફ (સૂફીપણા)માં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની કિતાબો તથા હઝરત નૂરીમિયાં رحمۃ اللہ علیہની સિરાજુલ્ અવારિફ, સુન્ની માસિકો, અખ્બારો (ન્યૂઝ પેપરો), ફત્વાઓમાં ફતાવા રઝવિય્યા, ફતાવા અમજદિયા, ફતાવા મુસ્તફવિયા, ફતાવા ફૈઝુર્રસૂલ વગેરે. તેમજ આધુનિક મસાઈલ માટે મુબારકપૂર તથા બરેલી શરીફના સેમીનારોની રિપોર્ટો વગેરે જેવી કિતાબોને અભ્યાસમાં રાખવી જરૂરી છે. **(૮)** તલ્બામાં એવો એહસાસ (અનુભૂતિ) પેદા કરવામાં આવે કે તમે ઘણુ બધું કરી શકો છો, ઘણી સિધ્ધિઓ મેળવી શકો છો પરંતુ મેહનત શરત છે. અલ્લાહ તઆલા કોઈ પણ મહેનત કરનારની મહેનતને બેકાર નથી ફર્માવતો. **(૯)** તલ્બા સમક્ષ અવાર નવાર ઈલ્મેદીનની, તાલિબે ઈલ્મ તથા આલિમોની ફઝીલતો તેમજ આખેરતમાં પ્રાપ્ત થનાર ઈનામોને પણ ઉજાગર કરવામાં આવે. આ ઉપરાંત સમયના સદ્‌ઉપયોગ તથા તેની પાબંદીના મહત્વને કુર્આને પાક તથા હદીષો અસ્લાફ (બુઝુર્ગો)ના કિસ્સાઓ દ્વારા બયાન કરવામાં આવે. **(૧૦)** માહિર આલિમો થકી આધુનિક યુગને અનુલક્ષીને નિસાબ (કોર્સ) તૈયાર કરવામાં આવે. ગુજરાતીઓને કોઈ બુઝુર્ગની બદદુઆ નથી કે તેઓ સારા આલિમ નથી બની શક્તા ! જરૂર બની શકે છે, પણ નિયમાનુસાર મહેનત કરે. **(૧૧)** કમિટીવાળા ઈલ્મ દોસ્ત (ઈલ્મ પ્રેમી) બને, તાલીમી નિઝામ (તાલીમ સંબંધિત વ્યવસ્થા) કોઈ મુખ્લિસ તથા ક઼ાબેલ આલિમની નિગરાનીમાં ચલાવે. મહેનતી, નિખાલસતા ધરાવતા કાબેલિયતવાળા મુદર્રિસોની અમુક ઈન્સાની કમજોરીઓને (પ્રાકૃતિક ખામીઓને) દર ગુજર કરે. તેમજ મુદર્રિસો પણ અરાકિન, વ્યવસ્થાપકોની નિખાલસ સેવા કે તેઓ કોઈ ચાર્જ વિના સમય વગેરેની કુર્બાનીઓ આપે છે તેનો લેહાઝ રાખે. તથા તેમની વાતોનો સહનશીલતા પૂર્વક પ્રેમભર્યા અંદાઝમાં યોગ્ય જવાબ આપે. જો પોતાની ભૂલ હોય તો તેનો સ્વીકાર કરે. મુદર્રિસો પોતાની માંગણીઓ પ્રેમથી રજૂ કરે, અને કમિટી પણ મુદર્રિસોની ઈલ્મી ફઝીલત (પ્રતિષ્ઠા)ને ધ્યાનમાં રાખી ઉચિત જવાબ આપે. **(૧૨) તા'લીમમાં વ્યસ્ત તલબાને અધિક્તર કુર્આન ખ્વાની તથા ટયુશનો આપવા જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે. કુર્આન ખ્વાની તથા અન્ય કોઈ મેહફિલનું આયોજન મદ્રસામાં જ પઢાઈ સિવાયના સમયે કરવામાં આવે.** પબ્લિક પણ દારુલ ઉલૂમમાં જ ન્યાઝો મોકલી આપે, તલબાને ઘરે, દુકાને લાવવાનો આગ્રહ ન રાખે. તેમજ પઢાઈ સિવાયના સમયે મદ્રસાથી બહાર જવામાં પણ રોક લગાડવામાં આવે જેથી તેમનો ઈલ્મી વક઼ાર (ઈલ્મી પ્રતિષ્ઠા) જળવાય રહે. **(૧૩)** સુન્નત તરીક઼ા તથા ઈસ્લામી તેહઝીબ (સંસ્કૃતિ) મુજબ મુદર્રિસો તથા તલ્બા માટે ખાવાની, રહેવાની ઉચ્ચ વ્યવસ્થા કરવામાં આવે. **(૧૪)** ઉસ્તાદો તાલિબે ઈલ્મ માટે મહેરબાન બાપ બની જાય તેમજ તલ્બા પોતાના ઉસ્તાદો માટે ફર્માબરદાર ઔલાદનું રૂપ ધારણ કરે, જેથી બંને પક્ષોની સહાયતા તથા એક બીજાને મદદરૂપ થવાથી ગુજરાતની સુન્ની અવામ લાયકાત ધરાવતા મુખ્લિસ, નેક આલિમોની એક ભીડ પોતાની આંખોથી જોઈ લે.

અંતમાં વિનંતિ છે કે નાચીઝ પોતે (મૂળ લેખક) ઘણી ખામીઓ તથા કમજોરીઓનો શિકાર છે. ધીરે ધીરે પોતાની ઈસ્લાહ (સુધારણા) અંગે આગળ કદમ વધારી રહ્યો છે, તે માટે પ્યારા વાંચકો મારા માટે દુનિયા તથા આખેરતની ભલાઈ માટે દુઆ કરે. ઉમ્મીદ કરું છું કે મારા પ્યારા સુન્ની ભાઈઓ ઉપરોક્ત મશ્વરારૂપી બે શબ્દો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાની કોશિશ કરશે, ઈન્શાઅલ્લાહ !

# તા'ઝીયાની હકીકત

## ઈતિહાસના આઈનામાં

રજૂકર્તા : **મૌલાના સાદિક સાબરી દહેગામી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

***"અહલે સુન્નત વ જમાઅત"ના સર્વ મોઅતબર ઉલમા વર્તમાન તા'ઝીયાદારીની રસમને નાજાઈઝ જણાવે છે. આપણી ભલાઈ એમાં જ છે કે ઉલમાએ અહલે સુન્નતના હુકમાનુસાર તથા તેમના માર્ગદર્શન હેઠળ ચાલીએ અને તા'ઝીયાદારીની ચાલી આવતી નાજાઈઝ રસમનો ત્યાગ કરીએ. તા'ઝીયાદારીનું ભારતમાં ચલણ શાથી થયું તેને સમજવા જાણવા પ્રસ્તુત લેખ વાંચી જવા વિનંતિ છે. શીઆ નવાબોએ પોતાના સત્તાકાળમાં એને કઈ રીતે વેગ આપ્યો તેને સમજી લીધા પછી ઉમ્મીદ છે કે સુન્નીઓ કાંઈક બોધ લેશે. (ઈન્શાઅલ્લાહ !) –તંત્રી***

અરબીભાષા (શબ્દકોશ)માં ع ، ز ، ی તા'ઝીયાના અસલી હુરૂફ છે عزی، یعزی عزاء નો અર્થ મુસીબત પર સબ્ર કરવી. જ્યારે કે તેને મઝીદ (અધિક) ફીહ ઉપયોગ કરવામાં આવે تعزیہ-تفعلہ ના વઝન પર તો તેનો મતલબ તસલ્લી આપવી, સબ્રનું સૂચન કરવું છે. ફારસી ભાષામાં મૈયતના વારસદારો પાસે ગમ અને હમદર્દીને જાહેર કરવા માટે "તઅ્ઝિયત" બોલાય છે.

આપણે ત્યાં તા'ઝીયાનો એક ખાસ અર્થ છે અને તે એ કે મુહર્રમના દસ દિવસમાં મોટા ભાગે શીઆ અને અમુક જગ્યાએ કેટલાક સુન્નીઓ ક્યાંક હિંદુઓ વાંસની પાતળી લાકડીઓ અને રંગીન કાગળોના ઉપયોગથી એક ખાસ આકૃતિ બનાવે છે જેમાં અનેક ખાનાંઓ અને ગુંબદો હોય છે. ઉપરથી ગુંબદ જેવી અને નીચેથી ઉપર મીનારા જેવી આકૃતિ હોય છે, ક્યાંક કાચનો ઉપયોગ પણ થાય છે.

શીઆ નવાબો તેને બનાવવામાં બેહદ ઈન્તેઝામ કરતા હતા, તેમાં સોના ચાંદીનો પણ ઉપયોગ થતો હતો. ભારતમાં શીઆઓ ઘણી અકીદત અને ઈજ્જતથી તા'ઝીયાની સજાવટ અને ડેકોરેશન કરે છે. કિંમતી તા'ઝીયાઓને ઈમામબાડામાં મેહફૂઝ રાખવામાં આવે છે, જ્યારે કે મોટા ભાગનાં તા'ઝીયાં પાણીમાં ડૂબાડી દેવામાં આવે છે અને અમુકને તોડી ફોડી કચરામાં બદલી નાખવામાં આવે છે.

તા'ઝીયાદારીની રસમનો શરઈ તોર પર કુર્આન અને હદીષમાં કોઈ સબૂત નથી પરંતુ શ્રદ્ધા અને પ્રેમમાં તા'ઝીયાદારી એટલી રચી વસી ગઈ છે કે મુસલમાનોને તેનાથી બચાવવું કઠિન થઈ ગયું છે. મુહર્રમ આવતાં જ ફર્ઝ, વાજિબની જેમ શીઆ તો શીઆઓ અમુક નાદાન સુન્ની પણ તેની રચના તથા ડેકોરેશનમાં તન મન ધનથી લાગી જાય છે અને નથી સમજતા કે આ નર્યું તદ્દન એક ગેરશરઈ કામ છે અને સુન્નતી વિરુદ્ધ બુરી બિદઅત છે, તા'ઝીયા અને તેની અન્ય રસમો ઈસ્લામી રિવાજની વિરુદ્ધ હિંદુ રસમો રિવાજથી વધારે નિકટ છે.

વિચારવા જેવી વાત છે કે જો તા'ઝીયાદારી જાઈઝ હોત તો સર્વ પ્રથમ હુઝૂર ﷺનો તા'ઝીયો બનતો, હઝરત ફાતિમા رضی اللہ عنہاનો બનતો, હઝરત અલી, ઈમામ હસનનો બનતો. અને રહી મેદાને જંગમાં શહાદતની વાત તો હઝરત અમીર હમ્ઝાનો તા'ઝીયો ખૂદ રસૂલે પાક બનાવતા ! પરંતુ એવું નથી થયું બલ્કે એવાં કામોની શરીઅતે મનાઈ જ ફર્માવી. બુદ્ધિની દૃષ્ટિએ પણ આ વાતો સમજ બહારની માલૂમ પડે છે કે દર વરસ એક પોતે જે કોઈને બનાવવું અને પછી તેને તોડી નાખવું, દફન કરી દેવું અથવા પાણીમાં ડૂબાડી દેવું તે બેવકૂફી અને મૂર્ખતા સિવાય

શું હોય શકે ? હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની રઝા અને ખુશ્નુદી શરીઅત અને સુન્નતની પૈરવીમાં છે, નહીં કે રડવા, માથુ પછાડવા અને ઢોલ વગાડવામાં !

જો આ વસ્તુ જાઈઝ હોત તો આખુ જીવન રડવા અને તા'ઝીયા બનાવવામાં પૂરુ થઈ જાત ! કારણ કે તમામ નબીઓ અને રસૂલો, સહાબા, અહલે બૈત બધાનાં જ તા'ઝીયાં બનતાં અને બગડતાં, વળી માનવી પોતાના બાપ, દાદાનાં તા'ઝીયાં કેમ ન બનાવતો ! એ પણ બનતાં, એવી રીતે આખુ જીવન તા'ઝીયાંની જ ભેટ ચઢી જાત. સુન્ની આલિમોએ તા'ઝીયાદારી વિશે અનેક કિતાબો અને તક્રીરોથી લોકોને વર્તમાન બિદઅત અને બુરી રસમોથી રોક્યા અને આ કામને સુન્નત અને શરીઅતના વિરુદ્ધ દર્શાવ્યું અને તેમાં ખર્ચ થતી દૌલતને ફુઝૂલ ખર્ચ બતાવ્યો. હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ તા'ઝીયાના વિરુદ્ધ હુકમ આપ્યો, હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા આપના ખાસ શાગિર્દ હઝરત સદરુશ્શરીઅહ મૌલાના હકીમ અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہએ 'બહારે શરીઅત'માં વર્તમાન તા'ઝીયદારી નાજાઈઝ હોવા વિશે ફતવો લખ્યો

## શરીઅતમાં તા'ઝીયાની અસલ

શરીઅતની દષ્ટિએ તા'ઝીયાદારી એટલી હદે જાઈઝ છે કે હઝરત ઈમામ આલી મકામ સૈયદોના ઈમામ હુસૈન رضی اللہ عنہના રોઝા મુબારકની આકૃતિ (છબી) બનાવી બરકત પામવા માટે મૂકવામાં આવે, જેવી રીતે કા'બા શરીફ, ગુંબદે ખઝરા અને બીજી મસ્જિદો અને બુઝુર્ગોના મઝારોની તસ્વીર તબુર્રક્ના તૌર પર રાખે છે. તેને ફેરવવું, કપડાંથી ઢાંકવું, તેને ઈમામે હુસૈન સમજવું અને સલામ કરવી, તેના પર નિયાઝ ચઢાવવી, મન્નતો માનવી આ બધુ નાજાઈઝ અને મના છે.

જે જગ્યાઓ પર આ વસ્તુઓનો રિવાજ છે ત્યાં ખુલ્લે આમ મના કરવું યોગ્ય નથી બલ્કે હિકમતે અમલીથી ધીરે ધીરે લોકોને સમજાવવાની જરૂરત છે, એટલા માટે કે એકદમ મના કરવાથી લોકો રોકાય જતા નથી બલ્કે ચિઢાઈને વધારે બુરાઈઓ કરે છે. અમુક તો સુન્ની આલિમોને વહાબી સમજવા લાગે છે અને કેટલાક તેઓથી નફરત કરી સુન્નિયતથી ફરી જાય છે.

**તા'ઝીયા** : ઈમામે હુસૈન رضی اللہ عنہ અને આપના સાથીઓની મઝલૂમાના શહાદતની યાદગારના તોર પર લોકો બનાવે છે. તેની શરૂઆત રૂદન, વિલાપ, છાતી પિટવા અને વાળ ખેંચવાથી થઈ ધીરે ધીરે એક ખારજી શકલ ઈખ્તિયાર કરી ગઈ.

**તા'ઝીયાના પ્રકાર** : અલમ (ઝંડો), તાબૂત, ઝરીહ, દુલદુલ.

**તા'ઝીયા મૂકવાની જગ્યાઓ** : ઈમામબાડા, ચબૂતરા, ચોક, માતમ ઘર વગેરે કહેવામાં આવે છે.

શીઆ મઝહબમાં શીઆ બન્યા પછી સર્વથી પસંદીદા, મક્બૂલ ઈબાદત અને ઝરિયાએ નજાત કામનું નામ તા'ઝીયાદારી, રૂદન, વિલાપ, માતમ, છાતી કૂટવું, મર્ષિયાખ્વાની અને મુહર્રમના દિવસોમાં કાળો પહેરવેશ પહેરવું છે. આ વાતો તેમના ધર્મમાં દીનદાર "શીઆ" માટે જરૂરી છે.

## તા'ઝીયાદારીની શરૂઆત

હઝરત અલ્લામા મૌલાના ગુલામ રસૂલ સઈદી શારહે સહીહ મુસ્લિમએ પૂરી વિગતવાર શર્હે મુસ્લિમ શરીફના ભાગ–૧માં આ મસ્અલા પર ચર્ચા કરી છે :–

આપની વિગતવાર બહષનો ખુલાસો એ છે કે જે લોકો તા'ઝીયાના માનનારા છે તેમની દલીલ એ છે કે જંગે ઓહદમાં હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہની શહાદત થઈ. આપના અંગો જુદા કરવામાં આવ્યા, આપનું કલેજુ ચાવવામાં આવ્યું જેનાથી સરકાર ﷺને બેહદ સદમો પહોંચ્યો, આ જંગમાં અન્ય સહાબા પણ શહીદ થયા. સરકાર ﷺએ રડવાનો અવાજ સાંભળ્યો કે અમુક સ્ત્રીઓ પોતાના

સગાંઓની મૌત પર આંસૂં વહાવી રહી છે. આ સાંભળી સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "પરંતુ હમ્ઝા પર રડવાવાળુ કોઈ નથી." આ સાંભળી સઅદ બિન મઆઝ તથા ઉસૈદ ઈબ્ને હુઝૈરે બની અબ્દુલ અશહલની સ્ત્રીઓને રસૂલે ખુદા ﷺની પાસે મોકલી આપી જેમણે હઝરત હમ્ઝા પર માતમ કર્યું.

આ રિવાયત તા'ઝીયાદારોની દલીલ છે કે જો માતમ કરવું અને મરનાર પર રૂદન કરવું નાજાઈઝ હોત તો સરકાર ﷺ મના ફર્માવતા. આપનું મના ન કરવું એને સાબિત થવાની દલીલ છે. જો કે આપનું એ ફર્માવવું કે, "હમ્ઝા પર રડનાર કોઈ નથી" તેનાથી કદી માતમ, વિલાપ, સાબિત થતું નથી, બલ્કે આ શબ્દો સરકાર ﷺએ હઝરત હમ્ઝાની શહાદતના ગમમાં કહ્યા, પરંતુ સાંભળનારાએ એ ખયાલ કર્યો કે સરકાર ﷺની મરજી એ છે કે હઝરત હમ્ઝા رضی اللہ عنہ પર રૂદન, વિલાપ થાય. આ તેમની પોતાની સમજ હતી, સરકારે દો આલમ ﷺનો હુકમ ન હતો. અથવા એ કે બની અબ્દુલ અશહલની સ્ત્રીઓએ માત્ર આંસૂં જ વહાવ્યાં હોય જે જાઈઝ છે, છાતી કૂટવી, વાળ ખેંચવા વગેરે મના છે અથવા પછી એ કે આવું શરૂમાં થયું અને એની છૂટ રહી હોય પછીથી મનાઈ કરવામાં આવ્યું હોય, જેમ કે શરૂમાં દારૂ મના ન હતો, પાછળથી તેની મનાઈ કરવામાં આવી. ઈસ્લામ આવ્યા પછી તરત જ નમાઝ ફર્ઝ ન થઈ બલ્કે કેટલાક વર્ષો પછી ફર્ઝ થઈ, એવી રીતે રોઝા અને ઝકાત હિ.સ. ૨માં ફર્ઝ થયા.

બીજી રિવાયત ઈમામે હુસૈનની શહાદત પછી હઝરત અબ્બાસ બિન અલીનાં માં ઉમ્મુલ બનીન જન્નતુલ બકીઅમાં જતાં હતાં અને પોતાના ચારેવ બેટાઓને યાદ કરીને રડતાં હતાં. ઉમ્મુલ બનીનના ચારેવ બેટા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની સાથે કરબલામાં શહીદ થઈ ગયા હતા.

એવી રીતે ઈમામ ઝૈનુલ આબેદીન, ઈમામ મુહમ્મદ બાક઼ર, ઈમામ જાફર સાદિક઼, ઈમામ અલી રઝા તથા અન્ય એહલે બૈત મુહર્રમનો ચાંદ જોઈ ગમ કરતા હતા. આવી અમુક બીજી રિવાયતો પણ મળે છે જેને તા'ઝીયાના સમર્થકો દલીલ બનાવે છે, જ્યારે કે હક઼ીક઼ત એ છે કે મૌજૂદા તા'ઝીયાદારીથી આ રિવાયતોને કોઈ લેવા દેવા નથી. (કારણ કે હવે તા'ઝીયાદારીના નામ પર ઢીંગા મસ્તી નાચ કરવામાં આવે છે.)

પહેલી અને બીજી સદી હિજરી સુધી આવી જ રીતે મુહર્રમ મનાવવામાં આવતી હતી ધીરે ધીરે તેમાં પ્રગતિ થઈ અને ત્રીજી તથા ચોથી સદી હિજરી સુધી વિવિધ મોક઼ાઓ પર જાહેર પ્રોગ્રામોમાં કર્બલાના વાક્યાઓ કંપાવી આપે તે રીતે તથા જોશ ચઢાવે તે રીતે બયાન થવા લાગ્યા.

## શીઆ બાદશાહો તા'ઝીયાના પ્રચારક તથા સમર્થક રહ્યા

તેનાથી શીઆ તથા સુન્ની એટલી હદે પ્રભાવિત થયા કે સુન્નીઓમાં એનો રિવાજ થઈ ગયો અને શીઆઓમાં એણે ઈબાદતનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. હિ.સ. ૩૫૩ ઈ.સ. ૯૬૩માં જ્યારે બગદાદમાં દૈલમીઓનો પૂરેપૂરો ક઼બજો થયો તો તેમણે મુહર્રમના દિવસોમાં બજારોને હુકમથી બંધ કરાવ્યાં, પુરૂષોને હુકમ આપવામાં આવ્યો કે તે વિલાપ રૂદન કરે અને સ્ત્રીઓ સોગ પાળે અને માતમનાં જુલૂસો કઢાવવામાં આવ્યાં, સરકારી તૌર પર સોગ મનાવવાનો આ પહેલો વાક્યો છે.

હિ.સ. ૩૬૬, ઈ.સ. ૯૭૭માં અઝીઝ બિલ્લાહ ફાતમી (શીઆ)એ મિસર (ઈજિપ્ત)માં યૌમે હુસૈન મનાવ્યો, ફૌજી ઈન્કિલાબથી પહેલાં, મશ્હદ રઅ્સુલ હુસૈન મિસરમાં અગ્રેસર આલિમો તથા પબ્લિક એટલે સુધી કે ખૂદ શાહ ફારૂક જુલૂસની સાથે લીલી ચાદર મઝાર પર ચઢાવવા જતા અને ગમ મનાવતા હતા.

ઈરાનમાં તા'ઝીયાનો રિવાજ નથી. શબીહ અથવા તમ્શીલ (છબી તથા કોપી)નો રિવાજ છે. ઈરાકમાં પણ તા'ઝીયાનો રિવાજ નથી અલમ (ઝંડો) અને

ઝુલજનાહ (પાંખોવાળો ઘોડો) કાઢવામાં આવે છે અને આ જુલૂસને મવકબ કહેવામાં આવે છે. જ્યારે કે આ બંનેવ દેશો શીઆઓ માટે મર્કઝનો દરજો ધરાવે છે અને શીઆઓની દુનિયામાં સૌથી વધુ સંખ્યા ઈરાન અને ઈરાકમાં જ મળી આવે છે. તેનાથી માલૂમ થાય છે કે મૌજૂદા તા'ઝીયાદારી અને અને તે મૌક઼ા પર થતા રસમો રિવાજ ભારતની જ પેદાશ છે.

'નયાદૌર' લખનૌ અંક માર્ચ ઈ.સ. ૧૯૯૬ 'અવધ આઈનએ અય્યામમેં'માં ડોકટર અખ્તર બસ્તવીનો એક લેખ 'તહેવારોં કી મુશ્તરકા તહઝીબી નવઈય્યત'ના નામે પ્રસિદ્ધ થયો. આપ લખે છે, "તા'ઝીયાં ભારતીય વસ્તુ છે, તેની પેદાશ ભારતમાં થઈ અને ભારતમાં જ તેને લોકપ્રિયતા મળી. કહે છે કે બાદશાહ તૈમૂર દર વર્ષે મુહર્રમના મૌક઼ા પર ઈમામ હુસૈન رضی اللہ عنہના મઝાર પર હાજરી આપતો હતો. જ્યારે તેણે ભારત પર હુમલો કર્યો તો જંગ વખતે જ મુહર્રમનો ચાંદ દેખાયો અને તેનું તે સમયે ઈમામે હુસૈનના મઝારે પહોંચવું શક્ય ન હતું એટલા માટે તેણે પોતાના સલાહકારોના મંતવ્ય પર અમલ કરતાં ઈમામ હુસૈનના રોઝાની શબીહ (આકૃતિ) આબેહૂબ નક઼લ બનાવડાવી અને તેને સામે રાખી શોક મનાવી પોતાની અક઼ીદત તથા શ્રદ્ધાને સંતોષી. તૈમૂરે જે શબીહ (આકૃતિ) બનાવડાવી હતી તે રોઝએ હુસૈનની આબેહૂબ કોપી હતી પરંતુ આગળ જતાં તેની શકલો સૂરત (સ્વરૂપ)માં બદલાવ આવ્યો.

મૌલાના ગુલામ રસૂલ સઈદી શારેહે મુસ્લિમે પોતાની શર્હે મુસ્લિમ શરીફના ભાગ–૧માં મશહૂર સૂફી બુઝુર્ગ હઝરત સૈયદ સાલાર મસ્ઊદ ગાઝી બેહરાઈચ શરીફ رحمۃ اللہ علیہના (નામથી નીકળતાં) તા'ઝીયા અને સીતાપુરના બાવન કંડાવાળા તા'ઝીયાનો ઉલ્લેખ કરતાં લખે છે કે તે તા'ઝીયાઓનો સંબંધ પાંચમી અને સાતમી હિજરી સદીથી સંબંધિત છે. અવધમાં અઝાદારી (માતમ)ની શરૂઆત બાબરી મસ્જિદના ચબૂતરાથી થઈ. મુહર્રમના દસ દિવસ દરમિયાન મસ્જિદના ચબૂતરા પર તા'ઝીયો બનાવીને રાખ્યો એના પછી ફૈઝાબાદમાં તા'ઝીયાદારી શરૂ થઈ ગઈ. પરંતુ બાકાયદા રિવાજ ફૈઝાબાદમાં ત્યારે થયો જ્યારે નવાબ સફદરે જંગની પત્ની સદરે જહાંન બેગમે શહેરના મશ્હૂર મોતીબાગની પાછળ ઈ.સ. ૧૭૬૪માં ઈમામબાડા તા'મીર કરાવ્યો. ફૈઝાબાદમાં બીજો ઈમામબાડા શુજાઉદ્દૌલાની પત્ની બહુબેગમે તા'મીર કરાવ્યો. નવાબ શુજાઉદ્દૌલાને તા'ઝીયાદારીથી ખૂબ લગાવ હતો, એટલી હદે કે જંગના દિવસોમાં પણ તા'ઝીયાં બનતાં અને રસમો અદા થતી.

નવાબ આસિફુદૌલાએ જ્યારે અવધની રાજધાનીને ફૈઝાબાદથી લખનૌ ફેરબદલ કરી તો માતમની રોનક સમેટાયને લખનૌ આવી ગઈ, જ્યારે કે બહુબેગમની મૌજૂદગીના કારણે ફૈઝાબાદમાં પણ માતમ નિયમાનુસાર ચાલુ રહી. લખનૌમાં આસિફુદ્દૌલાએ માતમના છોડવાને રોપીને ખૂબ પાણી આપ્યું ત્યાં સુધી કે તે એક મજબૂત ઝાડ બની ગયું. અન્ય જિલ્લાઓમાં પણ માતમ અને તા'ઝીયદારીને ફેલાવવા માટે આસિફુદ્દૌલાએ જાયદાદો વક઼ફ કરી. તા'ઝીયાદારી હૈદરાબાદ દક્કન, રામપુર, દિલ્હી જેવા અનેક શહેરોમાં થતી પરંતુ લખનૌ તેમાં આગવું સ્થળ હતું અને છે, આજે પણ લખનૌના ઈમામબાડાઓ પાછલા દિવસોનો અહવાલ વર્તમાન માહોલમાં બયાન કરતા નજર આવે છે. લખનૌમાં શાહી ઈમામબાડાઓ સિવાય અવામી તોર પર અલગ અલગ ઘરોમાં ઈમામબાડા અને તા'ઝીયાંઓ જોવામાં આવે છે. *(નયાદૌર લખનૌ, માર્ચ–૧૯૯૬)*

આગ્રાના કિલ્લાથી મુગલ તા'ઝીયાના નામથી તા'ઝીયાં નીકળે છે જેને અકબરના દૌરથી સંબંધિત કરે છે. આલમગીરના જમાનામાં પણ તા'ઝીયાં અને તા'ઝીયાના જુલૂસનો રિવાજ હતો, દિલ્હીના બાદશાહો તો સાતમી મુહર્રમથી ૧૦મી મુહર્રમ સુધી રસમો અદા કરતા હતા, એવી રીતે તા'ઝીયાદારીનો સિલસિલો અઢારમી ઈ.સ. સુધી પૂરા ભારતમાં વ્યાપી ગયો. હિંદુ, મુસ્લિમ, શીઆ, સુન્ની બધા પોત પોતાના તૌર તરીક઼ાના અનુસાર મનાવવા લાગ્યા. *(શર્હે મુસ્લિમ શરીફ, ભાગ–૧)*

તા'ઝીયાની કદરો કિંમતનો અંદાઝો એનાથી લગાડી શકાય છે કે શીઆ નવાબો લાખો રૂપિયા ખર્ચ કરી સોના, ચાંદી, મીણનાં તા'ઝીયાં બનાવતાં, તેમને મુહર્રમના દિવસોમાં ખૂબ સજાવવામાં આવતાં, મર્ષિયા પઢતા. આ મૌકા પર કરબલાના વાકીઆ સાંભળી દુઃખ, ગમનો માહોલ ખડો થતો, છાતી કૂટવામાં આવતી, બૂમાબૂમ, રૂદન, વિલાપ એવી રીતે થતો કે જાણે કરબલાનો વાક્યો ૧૪૦૦ વર્ષ પહેલાં નથી થયો બલ્કે આજકાલની વાત છે ! સમયના બાદશાહો તિજારીઓનાં મોઢાં ખોલી દેતા, કિંમતીથી કિંમતી તા'ઝીયાં ઈમામબાડામાં મૂકાવતા, મર્ષિયા પઢનારાઓને ઈનામ અને ઈજ્જતથી નવાઝતા. ઈ.સ. ૧૭૯૪ અને ૧૭૯૫માં તા'ઝીયાદારી એટલી પ્રગતિ કરી ગઈ કે ૨૮ ઝીલ હજ્જથી લઈને ૧૩ મુહર્રમ સુધી આ સિલસિલો ચાલતો.

નવાબ વઝીર અલી બખ્શ બિન આસિફુદ્દૌલાને અંગ્રેજોની મદદથી કાઢી મૂકી જ્યારે નવાબ શુજાઉદ્દૌલાની બીજી પત્નીના બેટા સઆદત અલીખાનને નવાબ વઝીરનો દરજ્જો આપવામાં આવ્યો તો નવાબ સઆદત અલીખાનના દૌરમાં પણ જેવી રીતે ફુનૂને લતીફા અને શેઅરો શાયરીમાં લખનૌને મર્કઝનો દરજ્જો મળ્યો તેવી જ રીતે તા'ઝીયાદારી પણ ફૂલી ફલીને ફેલાતી ગઈ.

નવાબ સઆદતઅલીખાનનો દૌર તા'ઝીયા વિશે એટલા માટે પણ મહત્વ ધરાવે છે કે તે જ જમાનાથી લખનૌમાં ચાલીસાની શરૂઆત થઈ, તેમનાથી પહેલાં દસ મુહર્રમ પછી માતમ કરવાનું પૂરુ થઈ જતુ હતું, તે દૌરના એ મર્ષિયા પઢનાર મીર એહસાન અલીએ માતમની મુદ્દતને વધારી ચેહલ્લુમ (ચાલીસા)ની શરૂઆત કરી. ગાઝીયુદ્દીન હૈદરે નજફ અશરફ લખનૌમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના રોઝાની શબીહ (નકલ)ના તૌર પર એક ઈમામબાડો બનાવ્યો, ગાઝીયુદ્દીન હૈદરે શાહ નજફમાં માતમ માટે ઘણી દૌલત વકફ કરી, એક મોટી રકમ ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં જમા કરાવી જેથી વર્ષો વર્ષ આ સિલસિલો ચાલતો રહે.

ગાઝીયુદ્દીન હૈદરના બેટા નસીરુદ્દીન હૈદરના દૌરમાં બેગમ ગાઝીયુદ્દીન હૈદરની પત્નીની હુકૂમત ખાસી વધી ગઈ અને તેણે તા'ઝીયાની અમુક નવી રસમો વધારી અને તા'ઝીયાદારીને ૮ રબીઉલ અવ્વલ સુધી કરી દીધી. નસીરુદ્દીન હૈદરની હુકૂમતના પહેલા જ વર્ષમાં એ હુકમ જારી કરીને ચેહલ્લુમ (ચાલીસા) સુધી કોઈ પણ ખુશીની મેહફિલ કરવા પર પાબંદી લગાડવામાં આવી. અંગ્રેજ રેસીડન્ટે દખલગીરી કરી જેના કારણે નસીરુદ્દીને માતમને મરજીયાત કરી દીધું, પરંતુ તે વખત સુધી તા'ઝીયાદારી અને માતમદારીનાં મૂળો અવધમાં એટલાં મજબૂત થઈ ગયાં હતાં કે આમ જીવનમાં દાખલ થયાં હતાં. દરેક ખાસ તથા આમ રાજીખુશીથી ચાલીસા સુધી ખુશીની કોઈપણ મેહફિલ ન કરતા અને ન એવી મેહફિલોમાં હાજર થતા.

મતલબ કે **તા'ઝીયાદારી અને બીજા રસમો રિવાજને ફેલાવવામાં શીઆ હાકિમોનો મહત્વનો રોલ રહ્યો છે અને એ પણ જાહેર થઈ ગયું કે આ બધી વસ્તુઓ નજીકના જમાનાની પેદાશ છે અને તે ફેલાવવામાં બળ તથા માલનો મહત્વપૂર્ણ રોલ રહ્યો છે.**

**અહલે સુન્નત વ જમાઅતની માન્યતા** આ સિલસિલામાં એ છે કે મૌજૂદા (વર્તમાન) **તા'ઝીયાદારી જાઈઝ નથી.**

માતમ કરવું, વાળ ઉખાડવા, છાતી કૂટવી, આગ પર ચાલવું, મહેંદી વગેરેનો જુલૂસ આ બધુ મના છે. આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાન ફાઝિલે બરેલ્વી, મૌલાના હકીમ અમજદ અલી આ'ઝમી, શેર બેશએ અહલે સુન્નત મૌલાના હશ્મત અલી પીલીભીતી અને મૌજૂદા દૌરમાં એહલે સુન્નત વ જમાઅતના કાબિલે ઈખ્તેયાર આલિમે દીન ફકીહે ઈસ્લામ હુઝૂર તાજુશ્શરીઅહ્ મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાન કાદરી અઝહરી જાનશીને આ'લા હઝરતની કિતાબો અને ફત્વા તા'ઝીયાદારીના વિરુદ્ધ છે.

*(અમજદિયહ્-ઘૌસી, જાન્યુ. થી માર્ચ-૨૦૦૯)*

## આલમી તેહરીક 'સુન્ની દા'વતે ઈસ્લામી'ના અમીર

# હઝરત મૌલાના શાકિર અલી નૂરીથી એક મુલાકાત.....

**રજૂકર્તા :**
**ખુશ્તર નૂરાની** *(તંત્રી : જામે નૂર–દિલ્હી)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદ)*

*દાઈએ હક્ક઼, મુબલ્લિગે ઈસ્લામ* **હઝરત મૌલાના શાકિર અલી નૂરી** *(ઉમર : ૪૫ વરસ) જૂનાગઢ, કાઠિયાવાડ (ગુજરાત)માં જનમ્યા. મેટ્રિક સુધી જૂનાગઢમાં તાલીમ પ્રાપ્ત કરી. મદ્રસા ઈરફાનુલ ઉલૂમ (ઉપલેટા) અને દારુલ ઉલૂમ મિસ્કિનિયા (ધોરાજી)માં કુર્આન હિફ્ઝ કર્યું તથા તજવીદ અને તરતીલની તાલીમ મેળવી. પછી દારૂલ ઉલૂમ મુહમ્મદિયા મીનારા મસ્જિદ મુંબઈમાં દર્સે નિઝામીની પાંચમી જમાઅત સુધી તાલીમ પ્રાપ્ત કરી. આપના ઉસ્તાઝોમાં મૌલાના ઝહીરૂદ્દીન ક઼ાદરી, મૌલાના મુજીબુર્રહ્‌માન ક઼ાદરી અને મૌલાના હનીફખાન આઝમી મુબારકપૂરી જેવા ઉલ્માનાં નામો સામેલ છે. ઉપરાંત અશ્રફુલ્ ઉલ્મા સૈયદ હામિદ અશરફ અશ્રફી જીલાની رحمۃ اللہ علیہ થી પણ ઈલ્મ હાંસલ કર્યો. મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝા કાદરી رحمۃ اللہ علیہ થી બયઅત છે. તાજુશ્શરીઅહ્ અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી અને સજ્જાદાનશીં આસ્તાનએ આલિયા ક઼ાદરિયા બગદાદ શરીફથી ખિલાફત છે. ઈ.સ. ૧૯૮૫માં એક વિધવા ખાતૂન સાથે નિકાહ થયા જેમને ત્રણ યતીમ પુત્રીઓ હતી. આપે સારી કેળવણી સાથે એમની પરવરિશ કરી શાદીઓ કરાવી. આપ પણ અવલાદવાળા થયા. આપની સાહબઝાદીના નિકાહ એક દીનદાર ઘરાનામાં થયા અને સાહબઝાદા મેડિકલ સાયન્સમાં તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે. આપ દીની તાલીમથી ફારિગ થયા પછી તુરંત જ દા'વતો તબ્લીગમાં લાગી ગયા. ઘણા જ દીનદાર અને સુન્નતોના પાબંદ છે. ઈ.સ. ૧૯૯૨માં દા'વત તથા ઈસ્લાહના હેતુથી વિશ્વવ્યાપી દા'વતી તથા ઈસ્લાહી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી''ની સ્થાપના કરી જે ઘણા જ ઓછા સમયમાં મક઼બૂલ થઈ. હિંદુસ્તાન ઉપરાંત બ્રિટન, કેનેડા અને અમેરિકા તથા આફ્રિકાના દેશોમાં એના હેઠળ સારું કામ થઈ રહ્યું છે. હિંદુસ્તાન, અમેરિકા અને બ્રિટનમાં તેહરીકના અઝીમુશ્શાન વાર્ષિક ઈજતેમા યોજાય છે. વાદીએ નૂર આઝાદ મેદાન મુંબઈમાં દર વરસે લગભગ પાંચ લાખ તૌહીદના મતવાલાઓ એકત્ર થાય છે. દીની તાલીમને આમ કરવા ૧૧૧ મદ્રસાની સ્થાપનો આપનો લક્ષ્ય છે જ્યારે કે અત્યાર સુધી આવા ૨૫ મદ્રસા તથા સ્કૂલોની સ્થાપના થઈ ચૂકી છે. આપના કાર્યક્રમમાં ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ અને હોસ્પિટલોની સ્થાપના પણ છે. તબ્લીગી દોરા, મુબલ્લિગોની તર્બિયત, તેહરીકનું ઉત્તમ સંચાલન, (તહરીકના) મદ્રસાઓની દેખરેખ સાથે તિજારત જેવા કામોમાં આપનો સમય વ્યતિત થાય છે. દર વર્ષે આપ હજ અને ઉમરાની સઆદતથી સરફરાઝ થાય છે. ત્રણ વર્ષ પહેલાં ખાનએ કાબાના અંદરના હિસ્સામાં ઈબાદત કરવાની વિશિષ્ટતા પણ આપને પ્રાપ્ત થઈ. આપ દર ત્રણ વર્ષે મજલિસે શરઈ જામિઆ અશરફિયા મુબારકપુરનો ત્રણ દિવસીય ફિક઼્હી સેમિનાર અને અંતમાં એક જાહેર જલ્સાની પણ વ્યવસ્થા કરે છે. લેખનક્રિયા સાથે પણ સંબંધ છે. ''તેહરીકની દર્સી મોટી કિતાબ ''બરકાતે શરીઅત તેમજ ''માહે રમઝાન કૈસે ગુઝારેં ?'' ''ગુલદસ્તએ સીરતુન્નબી'' મુઝ્દએ બખ્શિશ'' (આપની નઅતોનો સંગ્રહ), ''અઝમતે માહે મુહર્રમ અને ઈમામ હુસૈન'', ''કુર્બાની ક્યા હૈ ?'', ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે નમાઝ'', ''બેનમાઝી કા અંજામ'', મુસ્લિમ કે છે હુકૂક'', ''હયાતે ખ્વાજા ગરીબ નવાઝ'', ''ખવાતીન કા ઈશ્ક઼ે રસૂલ'' અને ''ખવાતીન કે વાક઼ેઆત'' વગેરે કિતાબો આપના ઈસ્લાહી ક઼લમની ઉમદા કૃતિઓ છે. આપ પોતાના ખૂને જિગરથી પોતાની ઈસ્લાહી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી''ને સિંચવામાં વ્યસ્ત છે. માણસોની કમીનું આપને રંજ છે, અલ્લાહ તઆલાથી દુઆ છે કે આ કમી પૂરી થાય, નવયુવાનો અને દિલવાળા સહાયકોની સંખ્યામાં વધારો થાય, અને આપ પોતાના મિશનમાં સફળતા મેળવી સવાદે આઝમ અહલે સુન્નત વલ્ જમાઅતની તબ્લીગો ઈશાઅતનો ફર્ઝ અંજામ બહોળા પ્રમાણમાં આપી શકે.* **–ખુશ્તર નૂરાની**

**જામે નૂર** : 'દઅવત'(દીનની દા'વતો તબ્લીગ)નો અર્થ શું છે અને તેના તક઼ાઝા શું છે ?

**અમીરે સુન્ની દાવતે ઈસ્લામી** : (દીનની) દા'વત આપનાર પોતે જે અક઼ીદો ધરાવતો હોય એ અક઼ીદા તરફ હિકમત અને મવએઝત (ભલામણ) સાથે (અન્ય લોકોને) બોલાવવાનું નામ દા'વત છે. બોલાવવું એ જ સ્થિતિમાં શક્ય છે જ્યારે દા'વત આપનારને એ અક઼ીદા પ્રતિ સંપૂણ યક઼ીન હોય કે આ અક઼ીદો જ સાચો છે અને એ અક઼ીદા સંબંધિત દલીલોથી પણ વાકેફ હોય. કુર્આને પાકમાં છે કે રસૂલુલ્લાહ ﷺ લોકોને ફર્માવે છે :–

وَاَنَّ هٰذَا صِرَاطِىْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ ج "અને એ કે આ છે મારો સીધો રસ્તો એના પર ચાલો." *(પારા–૮, આ. સૂ. અન્આમ, આ. ૧૫૩)*

બીજા સ્થળે હુઝૂર ﷺને લોકોથી આ રીતે સંબોધન કરવાનો હુકમ થયો :–

قُلْ هٰذِهٖ سَبِيْلِىْٓ اَدْعُوْٓا اِلَى اللّٰهِ۔ عَلٰى بَصِيْرَةٍ اَنَا وَمَنِ اتَّبَعَنِىْ ط وَسُبْحٰنَ اللّٰهِ وَمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ۔

"તમે ફર્માવો આ મારી રાહ છે, હું અલ્લાહ તરફ બોલાવું છું. હું અને જે મારા નક્શે ક઼દમ પર ચાલે દિલની આંખો ધરાવે છે. અને અલ્લાહને પાકી છે અને હું શરીક કરનાર નથી." *(પા.–૧૩, સૂ. યૂસુફ, આ. ૧૦૮)*

એટલા માટે જ્યાં સુધી દા'વત આપનારને પોતાના અક઼ીદા પર ૧૦૦% યક઼ીન ન હોય ત્યાં સુધી દા'વતનો હક્ક઼ અદા કરવું શક્ય નથી. આજે તૌહીદ, રિસાલત અને આખેરતના અક઼ીદાથી સંબંધિત પૂરતું જ્ઞાન ન હોવાના કારણે મુસલમાનને ભટકવામાં વાર નથી લાગતી. જ્યાં સુધી દા'વતના તક઼ાઝાનો પ્રશ્ન છે તો એ વિશે અર્ઝ છે કે જ્યારે દાઈએ આ'ઝમ રહમતે આલમ ﷺએ (દલીલ રૂપે) જે ફર્માવ્યું તેનું વર્ણન કુર્આને આ રીતે કર્યું છે :–

فَقَدْ لَبِثْتُ فِيْكُمْ عُمُرًا مِّنْ قَبْلِهٖ ط اَفَلَا تَعْقِلُوْنَ۔

"તો હું આ પહેલાં તમારામાં એક ઉમર વિતાવી ચૂક્યો છું તો શું તમને બુદ્ધિ નથી !" *(પા.–૧૧, સૂ. યૂનુસ, આ. ૧૬)*

માટે જ્યાં સુધી આપણું સર્વસ્વ આપણી દા'વત (તબ્લીગ)નો નમૂનો ન બની જાય ત્યાં સુધી આપણે દાઈના રૂપે સફળ નથી થઈ શક્તા. દા'વતનો પ્રથમ તકાઝો છે પોતાના વુજૂદને દા'વતનો અમલી નમૂનો બનાવવું. આ સિવાય પણ દા'વતના તકાઝા છે. જેમ કે ઈલ્મી તકાઝા, ફિક્રી તકાઝા અને અમલી તકાઝા. અને એ સૌ ત્યારે પૂરા થઈ શકે છે જ્યારે આપણે કુર્આન તથા સુન્નત અને એના પર સંપૂર્ણ રીતે ચાલવાવાળા લોકો સાથે આપણો સંબંધ મજબૂત કરી લઈએ, અને સૌથી મહત્વનો તક઼ાઝો તો એ છે કે આપણે કોઈ લાલચ વગર લોકોને હક્ક઼ તરફ બોલાવીએ. દા'વત (તબ્લીગ)માં ઈખ્લાસ અને લિલ્લાહિયત હોય, સ્વાર્થ, લાલચ અને કોઈ દુન્યવી મક઼સદનો હેતુ ન હોય.

**જામે નૂર** : પીરી મુરીદી અને દીની તથા તાલીમી સંસ્થાઓ પુષ્કળ હોવા છતાં દા'વતો તબ્લીગનું કાર્ય આપણી નિષ્કાળજીનો શિકાર કેમ છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : મારા મંતવ્ય મુજબ પીરી મુરીદી અને દીની તથા તાલીમી સંસ્થાઓ જ દા'વત ઈલલ્લાહ (દીનની તબ્લીગ)ના સૌથી અસરકારક માધ્યમો છે પરંતુ એમને સહી તરીક઼ાથી અંજામ આપવા જોઈએ. જેમ કે સરકાર હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કામિલ પીર હતા, આપે પીરી મુરીદી દ્વારા લાખો લોકોને નમાઝી, શરીઅતના પાબંદ અને સાચા અક઼ીદા મુજબ ચાલવાવાળા બનાવ્યા. આપનો જલાલ અને જમાલ (નારાજગી તથા ખુશી) સર્વ અલ્લાહના ખાતર હતાં. આપ દીનને જાણતા હતા અને દીનની વ્યાખ્યાથી વાકેફ હતા, આપ જાણતા હતા કે દીન "ખૈરખ્વાહી"નું નામ છે. રાત દિવસ પરેશાન હાલ લોકોને તા'વીઝ પણ આપતા સાથે જ એમને શરીઅત અને સુન્નતની પાબંદી કરવાની દા'વત પણ આપતા. કોઈ જરૂરતમંદ ભલે ગમે એટલો ગરીબ કેમ ન હોય આપની બારગાહમાં તેની પહોંચ પણ થઈ શક્તી

અને તેની મુરાદ પણ પૂરી થતી. આપની નસીહત તથા દા'વત એટલા માટે અસરકારક હતી કે આપ પોતે પણ ફર્ઝો, વાજિબો તથા સુન્નતો તથા મુસ્તહબોના પાબંદ હતા, અધિક વય હોવા છતાં જ્યારે આપ બાજમાઅત નમાઝ અદા કરવા માટે મસ્જિદ તરફ નીકળતા તો નાના મોટા, જવાન સૌ આપની પાછળ અલ્લાહના ઘરની તરફ ચાલી નીકળતા. નમાઝની તૈયારીનો એ આલમ હતો કે, خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ "પોતાને શણગારો જ્યારે મસ્જિદ જાવ" *(પા–૮, સૂ. અઅ્રાફ, આ. ૩૧)* પર અમલ કરતાં દરેક નમાઝ માટે દુલ્હાની જેમ તૈયાર થતા. બસ આ જ કાર્ય પધ્ધતિને જીવંત કરવાની જરૂરત છે. જ્યાં સુધી તાલીમી ઈદારાઓની વાત છે તો એ બાબતે અર્ઝ છે કે હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ કિતાબોની તાલીમના સાથે સાથે ઈખ્લાસ અને લિલ્લાહિયત તથા રાહે ખુદામાં આવનારી તકલીફો પર સબ્ર અને અડગતાની તાલીમ પણ આપતા હતા. આપના જીવનને આદર્શ બનાવી લેવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! એહલે સુન્નત વલ્ જમાઅતનો બોલબાલો થશે. સાથે જ એક કામયાબ દાઈ (મુબલ્લિગ) બનવા માટે મુબલ્લિગે ઈસ્લામ ખલીફએ આ'લા હઝરત અલ્લામા અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી رحمۃ اللہ علیہની જિંદગી પણ આપણા માટે એક મહાન નમૂનો છે. આપ એની રાહ ન જોતા કે ઈસ્લામની દા'વત પહોંચાડવા માટે કોઈ આપને બોલાવે અને એના માટે વ્યવસ્થા કરે. બલ્કે આપે પોતે દુનિયાના વિવિધ દેશોનો દોરો કર્યો અને દા'વતનો ફરીઝો એ રીતે અંજામ આપ્યો કે **આપના ઈખ્લાસ અને લિલ્લાહિયતના કારણે સિત્તેર હજારથી વધુ લોકોએ આપના હાથ પર ઈસ્લામ સ્વીકાર્યો.** આજે એ જ જઝબાની જરૂરત છે. આપણે પોતાની ઈસ્લાહ કરીએ અને આવા બુઝુર્ગોના નક્શે કદમ પર ચાલીએ તો ઈન્શાઅલ્લાહ ! ચો તરફ ઈસ્લામ અને સુન્નિયતના જલ્વા નજર આવશે. ઈન્શાઅલ્લાહ !

**જામે નૂર** : દા'વતના અમલ અને રદ તથા ટીકા ટીપ્પણીના અમલમાં શું ફર્ક છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : દા'વતના અમલમાં રદ અને ટીકા પણ જરૂરી છે, એટલા માટે કે દાઈ જ્યારે કોઈને ઈસ્લામની દા'વત આપશે અને સામી વ્યક્તિ એની દા'વત (ઈસ્લામ)ને કબૂલ કરવા તૈયાર થશે તો દાઈ તેને કલ્મએ તૈયબા પઢાવી ઈસ્લામમાં દાખલ કરશે. આ કલ્મામાં જૂઠા મઅ્બૂદોનો રદિયો અને અલ્લાહના વહદહુ લાશરીક હોવાનો ઈકરાર છે. શું રહમતે આલમ ﷺએ બાતિલ મઅબૂદોનો રદ અને એમના કોઈ ફાયદો ન આપનાર હોવા પર ટીકા ન ફર્માવી ? હા ! એ વાતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે દા'વતમાં દર્દ અને ઈખ્લાસ હોય, ટીકા ટિપ્પણી ચિંતન અને અકીદાની ઈસ્લાહ માટે હોય, ગરબડ ખડી કરવા ન હોય. દા'વતો તબ્લીગમાં બહષ અને ચર્ચા તો થવાની જ પરંતુ જિદાલે અહસનના હુકમ પર અમલ જરૂરી છે, ત્યારે જ પરિણામ ઉમદા આવશે.

**જામે નૂર** : ફાસિક તથા ફાજિર, બદઅકીદા અને ગુમરાહ તથા કાફિરો મુશ્રિક સુધી પોતાની વાત પહોંચાડવાની બૌધ્ધિક પધ્ધતિ શું છે ? જો દાઈ એમની સાથે મળવાને સદંતર નકારતો હોય તો એ દા'વતનો ફરીઝો કઈ રીતે અદા કરી શકે છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : ફાસિક તથા ફાજિરને સામાન્ય મુબલ્લિગો દા'વત દઈ શકે છે પરંતુ બદઅકીદા અને કાફિર તથા મુશ્રિક સુધી ઈસ્લામની વાત પહોંચાડવાનો ફરીઝો એ જ ઉલ્મા અંજામ દઈ શકે છે જે પોતાના મઝહબ પર ગેહરી નજર ધરાવતા હોવાની સાથોસાથ કાફિરો તથા મુશ્રિકો અને બદમઝહબોના વાંધાઓના સંપૂર્ણ જવાબ આપી શકે.

**જામે નૂર** : સુન્ની દા'વતે ઈસ્લામીની સ્થાપના ક્યારે અને કેવા સંજોગોમાં કરવામાં આવી ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : સુન્ની દા'વતે ઈસ્લામીની સ્થાપના ૫–સપ્ટેમ્બર ૧૯૯૨માં શનિવારના રોજ મુંબઈમાં થઈ.

**જામે નૂર :** સુન્ની દા'વતે ઈસ્લામીના બુન્યાદી, ફિક્રી, એતેક઼ાદી અને અમલી સિધ્ધાંતો શું છે જેના પર એની ઈમારત કાયમ છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી :** તેહરીક (સુન્ની દા'વતે ઈસ્લામી)ની સ્થાપનાના થોડાક મહિના પછી રઈસુલ્ ક઼લમ અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ અને રઈસુત્તહરીર હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી مدظلہ العالی મુંબઈ તશરીફ લાવ્યા હતા, આ બંનેવ ઉલ્માએ કિરામની બારગાહમાં મેં દરખાસ્ત રજૂ કરી કે આપ હઝરાત તેહરીક માટે કોઈ દસ્તૂરુલ અમલ (બંધારણ) લખી આપો જેથી અમે એના પર ચાલી દા'વતનું કામ કરી શકીએ, તો એમણે નીચે મુજબ બંધારણ નક્કી કર્યું :–

ફિક્રી તથા અમલી સ્તરે મસ્લકે અહલે સુન્નતનો પ્રચાર તથા ફેલાવો આ તહરીકનો પાયાનો હેતુ છે. અને આ તેહરીક એ જ દિશામાં કામ કરી રહેલ છે અને ઈન્શાઅલ્લાહ ! કરતી રહેશે. જે રહમતે આલમ صلی اللہ علیہ وسلم અને આપના જાનિષાર સહાબાએ કિરામ, તાબઈને કિરામ, અઈમ્મએ કિરામ, સૈયદોના ગૌષુષ્ક઼લૈન અને ખ્વાજા ગરીબ નવાઝ તથા હુઝૂર આ'લા હઝરત رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ નક્કી કર્યા છે. આ જ કારણે આ તેહરીક એ બાબતની પાબંદ છે અને રહેશે કે દરેક જ સ્થિતિમાં તે પોતાની જમાઅતી વિશિષ્ટતાઓ અને મસ્લકી ઓળખને બાકી રાખશે.

અક઼ીદા અને અમલની સુધારણાની સાથે સાથે આ તેહરીકની સ્થાપનાનો મહાન હેતુ પબ્લિકને ઉલ્માએ અહલે સુન્નત તથા અહલે સુન્નતના મદ્રસાઓ સાથે જોડી રાખવી, શૈક્ષણિક તથા સંસ્કારિક પછાતપણાને દૂર કરવું, સમાજીક તથા કલ્યાણકારી કાર્યો દ્વારા ઉમ્મતે મુસ્લિમાની પરેશાનીઓને દૂર કરવી, અને કોઈ ખાસ વ્યક્તિને મુર્શિદે અનામ અને મરજએ ખલાઈક બનાવવા માટે ઉલ્મા અને મદ્રસાઓ વિરૂદ્ધ ચલાવવામાં આવતી દરેક ચળવળને નાકામ બનાવવી.

**જામે નૂર :** અમુક સમયે વિવિધ શહેરોમાં તેહરીકે દા'વતે ઈસ્લામી અને સુન્ની દા'વતે ઈસ્લામીના કાર્યકર્તાઓ દા'વત તથા તબ્લીગની જગાએ એકબીજા સાથે ઝપાઝપી પર ઉતરી આવે છે. જ્યારે કે અહલે સુન્નતના ઉલ્મા તથા બુધ્ધિજીવીઓ આ બંને તેહરીકોને અહલે સુન્નતની તેહરીક સમજે છે, તો કાર્યકર્તાઓની ઈસ્લાહ માટે ઉપરથી આદેશ કેમ જારી નથી થતો ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી :** આમ ન થવું જોઈએ, અમો કોઈ મુબલ્લિગ અથવા કાર્યકર્તાને એકબીજા સાથે ઝઘડવાની ઈજાઝત નથી આપતા. બલ્કે આજે ફરીવાર જામે નૂરના માધ્યમથી સુન્ની દા'વતે ઈસ્લામીના તમામ મુબલ્લિગોને હુકમ કરવામાં આવે છે કે એકબીજા સાથે ઉલઝવાથી બચે અને પોતાના મક઼સદ પર ધ્યાન આપે.

**જામે નૂર :** ''સુન્ની દા'વતે ઈસ્લામી''ને પોતાના કાર્યમાં સૌથી વધુ રૂકાવટો કઈ ચીજોથી છે ? શું બાહ્ય તથા આંત્રિક સ્તરે ખરેખર એવી રુકાવટો છે જેને ખતમ કરવી જરૂરી છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી :** તેહરીકના કાર્યમાં સૌથી મોટી રુકાવટ માણસોની અછત છે. આ કમીને દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. એટલા માટે કે હમ ખ્યાલ તથા સમવિચારી સાથીનું મળવુ ઘણા નસીબની વાત છે. આમ તો માણસો તૈયાર કરવાની કોશિશ ચાલુ છે, પરંતુ દેશ તથા વિદેશમાં તેહરીકની ઓળખ તથા ગોઠવણ ઉપરાંત લેખન તથા સંપાદન તથા ઘડતરનાં કામોમાં વ્યસ્ત રહેવાના કારણે આ કામમાં પૂરતો સમય નથી દઈ શક્તા. પરંતુ હવે અમુક તર્બિયત યાફ્તા સાથીઓ તૈયાર થઈ ચૂક્યા છે, ઉમ્મીદ છે કે આ રુકાવટો વહેલી જ દૂર થઈ જશે, ઈન્શાઅલ્લાહ !

**જામે નૂર :** તેહરીકે દા'વતે ઈસ્લામી જે એક જમાના સુધી ટેલિવિઝનના ખિલાફ રહી પરંતુ પરિસ્થિતિ જોતાં હવે ન કેવળ ટેલિવિઝનને જાઈઝ માને છે બલ્કે હવે એની મદની ચેનલ પણ શરૂ થઈ ગઈ છે, શું સુન્ની દા'વતે ઈસ્લામી પણ આ દિશામાં કાંઈ વિચારી રહી છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : હાલમાં આ દિશામાં કોઈ ઈરાદો નથી.

**જામે નૂર** : અમલની ઈસ્લાહના નામ પર તબ્લીગી જમાઅતે જે ફિક્રી બેએઅ્તેદાલી (વૈચારિક અસંતુલન) પેદા કરી છે તેને રોકવામાં સુન્ની દા'વતે ઈસ્લામી કેટલી હદ સુધી કામયાબ થઈ શકી છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : તબ્લીગી જમાઅતે લોકોને છ વાતોમાં ફસાવી રાખ્યા હતા, તેહરીકે (સુન્ની દા'વતે ઈસ્લામીએ) લોકોને તેનાથી મુક્ત કરાવ્યા અને લોકોને એ બતાવવાની ભરપૂર કોશિશ કરી કે **ઈસ્લામ માત્ર છ વાતોમાં જ સીમિત નથી ! બલ્કે ઈસ્લામ દરેક વિભાગમાં પોતાની હુકૂમત અને અગ્રિમતા ચાહે છે.** અલ્હમ્દુલિલ્લાહ ! આ વાતને સમજાવવામાં તેહરીક એક હદ સુધી કામયાબ થઈ છે.

**જામે નૂર** : સુન્ની દા'વતે ઈસ્લામી એક ઈલ્મી અને દા'વતી મેગેઝિન "સુન્ની દા'વતે ઈસ્લામી" (ના નામથી) પણ પ્રકાશિત રહી છે જેનો "દા'વત નંબર" (વિશેષાંક) ગયા વર્ષે પ્રકાશિત થયો. સવાલ એ છે કે ઈલ્મી કક્ષાએ વિશેષ રીતે હિંદી અને અંગ્રેજી દુનિયા સુધી પોતાની વાત પહોંચાડવા માટે "તેહરીક" શું કરી રહી છે અથવા ભવિષ્યમાં તેના શું પોગ્રામ છે ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : અલ્હમ્દુલિલ્લાહ ! ઈલ્મી ક્ષેત્રે તેહરીકના પ્લેટફોર્મથી હવે જે કિતાબો પ્રકાશિત થઈ છે તે એક સાથે ઉર્દૂ, હિંદી અને ઈંગ્લિશ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. ટૂંક સમયમાં જ એક ઘણી જ મહત્વની કિતાબ "આયતે જેહાદકા કુર્આની મફહૂમ" (લેખક : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી) ઈંગ્લિશ ભાષામાં પ્રકાશિત થશે, ભાષાંતર થઈ ચૂક્યું છે, પ્રુફનું કામ ચાલી રહ્યું છે. એ જ રીતે બ્રિટન અને કેનેડાના અમારા મુબલ્લિગોનાં ઈંગ્લિશ બયાનોની MP3 પણ મન્ઝરે આગ પર આવી ગઈ છે. જેના દ્વારા પોતાનો પયગામ પહોંચાડવાની ગોઠવણ થઈ રહી છે. (આનાથી) અધિક (પ્રયાસો અને સફળતા) માટે દુઆ અને મશ્વરાનો તલબગાર છું. તદ્ઉપરાંત અત્યાર સુધી ચાર ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ ઈસ્લામી તા'લીમ સાથે સ્થાપિત થઈ ચૂકેલી છે જ્યાં હજારો તલ્બા આધુનિક શિક્ષણ સાથે દીની ઉલૂમથી સજ્જ થઈ રહ્યા છે અને તેહરીકના હેઠળ અત્યાર સુધી (૨૫) પચ્ચીસ દીની ઈદારા સ્થાપિત થઈ ચૂક્યા છે જ્યાં દર્સો તદ્રીસ અને ઈંગ્લિશ તથા કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે.

**જામે નૂર** : આપની નજરમાં મુસ્લિમો અને ગૈર મુસ્લિમોમાં દા'વતના આધુનિક તક઼ાઝા અને માધ્યમો શું છે, જેની તરફ અત્યાર સુધી ધ્યાન નથી આપવામાં આવ્યું ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : મારી નજરમાં મુસ્લિમો અને ગૈર મુસ્લિમોમાં દા'વત (અને તબ્લીગ) માટે જરૂરી છે કે ઈસ્લામની ખૂબીઓ તથા પયગમ્બરે ઈસ્લામ ﷺની અઝમતોને જાહેર કરે એવી કિતાબો લખવાની તથા સીડીઝ (CDS) તૈયાર કરવાની જરૂરત છે. જેથી ઈસ્લામ વિરૂદ્ધ પ્રોપેગંડાનો જવાબ થઈ શકે અને વાસ્તવિક ઈસ્લામને લોકો સમજી શકે.

**જામે નૂર** : જામે નૂર માસિક અને તેના વાંચકો માટે આપનો કોઈ સંદેશ ?

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી** : રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, (ભાવાર્થ) નેક અમલમાં જલ્દી કરો, એટલા માટે કે મોટા ફિત્ના આવવાના છે, એવા ફિત્ના જેમ કે અંધારી રાતના ટુકડા. સવારે આદમી મોમિન હશે અને સાંજે કાફિર, અને સાંજે મોમિન હશે અને સવારે કાફિર, પોતાના દીનને થોડા દુનિયવી સામાનના બદલે વેચી દેશે. *(સહીહ મુસ્લિમ : કિતાબુલ્ ઈમાન)*

અલ્લાહુ અકબર ! આજે એ જ ફિત્નાનો દોર છે અને આ ફિત્ના અંધારી રાતના ટુકડાની જેમ જાહેર થઈ રહ્યા છે, મનુષ્ય વિચારે છે કે આવતી કાલ આજથી બેહતર હશે પરંતુ રાતના પહેલા ભાગ કરતાં પછીનો ભાગ વધુ અંધકારમય હોય છે. એ જ રીતે આવતી કાલ આજથી વધારે ખરાબ હશે. માટે

નેક કામ કરવામાં હવે મોડુ ન કરો, બહાનાં ન બનાવો, શૈતાની વસવસાના શિકાર ન થઈ જાવ, ટાલમ ટોલ ન કરો, એમ ન વિચારો કે હજુ આપણી ઉમર જ ક્યાં છે ? હજુ આપણે યુવાન છીએ. આ સર્વ શૈતાની ધોકા છે. આજે બદઅકીદગીના સૈલાબ અને તેની ચમક દમક સામે બંદો અંજાય જાય છે અને ખોટા અકીદા તથા માન્યતાઓને કબૂલ કરી લે છે. એ ભૂલી જાય છે કે આપણા બુઝુર્ગોનો વારસો શું છે ?

હક્ક શું છે ? બાતિલ શું છે ? લોકો ખાડી દેશોમાં દુનિયા કમાવા માટે જાય છે અને દીન બગાડીને પાછા આવે છે. હલાલ હરામની તમીઝ ખત્મ થઈ ગઈ છે. ઈલ્લા માશાઅલ્લાહ ! **શું આજે એ સોચ નથી બની ગઈ કે બધું ચાલે ! ના ના બધુ નથી ચાલતુ ! એ જ ચાલશે જે હુઝૂર ﷺએ ચલાવ્યું છે.** માટે ગુઝારિશ છે કે આપણે પોતાની ફિકર કરીએ, આખેરતની તૈયારી કરીએ. કોઈ પણ નેક કામને નાનુ સમજી ન છોડો અને કોઈ નાના ગુનાહને નાનો સમજી ન કરો, એટલા માટે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :– فَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ ۔ وَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ "તો જે એક ઝર્રા બરાબર ભલાઈ કરશે એને જોશે અને જે એક રજભર બુરાઈ કરશે એને જોશે." *(પા–૩૦, આ. ૭, ૮)* તાલીમી મૈદાનથી લઈ તામીરી મૈદાન સુધી અને સામાજીક સેવાઓથી લઈ રાજનૈતિક મામલા સુધી આજના કોમ્પિટિશનના દૌરમાં આપણે ક્યાં ઉભા છીએ એનો હિસાબ કરવો જરૂરી છે. કાશ ! આપણે કુર્આને મુકદ્દસની આ આયત પર અમલ કરતા : فَاسْتَبِقُوا الْخَيْرٰتِ "તો એ ચાહો કે નેકીઓમાં બીજા લોકોથી આગળ નીકળી જાવ." *(પા–૨, આ. ૧૪૮)* તો યકીનન દુનિયા મુક્તદી હોત અને આપણે ઈમામ હોતા. આજે આપણામાં આયોજનની જરૂરત છે, સબ્રની જરૂરત છે, ખૈરખ્વાહીના જઝબાની જરૂરત છે, અને ખાસ કરીને નિખાલસતા અને નિઃસ્વાર્થતાના જઝબાની જરૂરત છે. મખ્લૂકે ખુદાની ખિદમતને અનિવાર્ય સમજીએ, હુઝૂર ﷺની ઉમ્મતના દુ:ખને દૂર કરીએ, એમાં વધારો ન કરીએ, અને પોતાના ઈમાનની ચિંતા કરીએ, પોતાની અવલાદના ઈમાનની ચિંતા કરીએ, ઈન્શાઅલ્લાહ ! (મુસલમાનોનો) સુનેહરો યુગ ફરી આવશે અને બંને જહાનમાં સુર્ખરૂઈ (ઈજ્જત) નસીબ થશે.

આજના યુગમાં દારૂલ ઉલૂમની સાથે ઈંગ્લિશ મિડિયમ સ્કૂલો (જેમાં ઈસ્લામી તાલીમાતનો યોગ્ય બંદોબસ્ત હોય)ની સ્થાપના પણ જરૂરી છે. જેથી મિડલ અને અપર કલાસના લોકો સુધી પણ ઈસ્લામ અને સુન્નિયત પહોંચી શકે. અને સાથે જ યોગ્ય હોસ્પિટલની સ્થાપના પણ જરૂરી છે જેથી ઈલાજ અને સારવાર દ્વારા એક હદ સુધી મખ્લૂકે ખુદાની ખિદમત પણ થઈ શકે. અને એવી કમિટીઓ પણ બનાવવામાં આવે જે કુદરતી આફતોમાં સહાયનું કામ કરે. **હકીકતમાં આ ત્રણેવ વિભાગોમાં આપણુ કામ બોલતું ન હોવાના કારણે આજે આપણે (પબ્લિકને) મસ્લકી સ્તરે પ્રભાવિત નથી કરી શક્તા.** હું પોતાની જ વાત કરું કે ગુજરાતના કચ્છની ધરતી પર જ્યારે ભૂકંપ આવ્યો હતો એના ૨૪ કલાક પછી જ્યારે અમે સાથીઓ સાથે સ્થિતિ જોવા અને સહાય પહોંચાડવા ત્યાં પહોંચ્યા તો અમારાથી પહેલાં કેટલીયે જમાઅતોના કેમ્પ લાગી ચૂક્યા હતા ! જાહેર છે કે મુસીબતમાં કામ આવશે લોકો એના જ હમખ્યાલ થઈ જશે, ઈલ્લા માશાઅલ્લાહ ! તે સમયે અમને એહસાસ થયો કે આ (જનસેવા)નો વિભાગ પણ ઘણો જ જરૂરી છે. આ દિશામાં અવામે અહલે સુન્નતને આગળ વધવાની જરૂરત છે. આજે આધુનિક તાલીમના સંબંધે અલ્ બરકાત ઈન્સ્ટિટ્યુટ અલીગઢ ને આદર્શ બનાવી શકાય છે અને પીરે તરીકત હુઝૂર અમીને મિલ્લત અને હઝરત અશરફે મિલ્લતથી માર્ગદર્શન મળી શકે છે. અને બીજા વિભાગોમાં જમાઅતે અહલે સુન્નતના દાનિશ્વરો અને નવયુવાનો આગળ વધે તો બેહતર થશે. આ ત્રણેવ વિભાગોમાં એ વાતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે મસ્લકે હક્ક (અહલે સુન્નત વલ્ જમાઅત)નો વિકાસ અને (લોકોને) તેના પાબંદ બનાવવાનો પણ મકસદ હોય. અંતમાં અર્ઝ છે કે આ ફકીર માટે દુઆ ફર્માવશો કે અલ્લાહ તઆલા ખાત્મા બિલખૈર અતા ફર્માવે. –*(જામે નૂર, નવે. ૦૯)*

# સુન્નતે નબવીનું મહત્વ અને આપણે

*લેખ હરીફાઈમાં પ્રથમ આવેલ લેખ*

::: રજૂકર્તા :::

**અલ્તાફ હુસૈન કુરચનવી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા – મુબારકપુર)*

મહોબ્બતનો તકાઝો એ છે કે નબી કરીમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની દરેક અદાને મહોબ્બતથી અપનાવવામાં આવે. તેમની એક એક અદા પર દિલ ફિદા કરવામાં આવે, મહોબ્બતનાં ફૂલો સુન્નતોનું પાલન કરી નિછાવર કરવામાં આવે. જેવી રીતે નબી કરીમ ﷺ ચાલતા હતા તેવી રીતે ચાલવામાં આવે, જે રીતે ખાતા હતા તેવી રીતે ખાવામાં આવે, જેવો પોશાક આપ ﷺ પહેરતા હતા તેવો પોશાક પહેરવામાં આવે. સારાંશ કે નબી કરીમ ﷺની સુન્નતોનું પાલન કરી જિંદગીને સુન્નતોથી સજાવી લેવામાં આવે તો આપણુ ખાવુ–પીવું, ઉઠવું બેસવું, સૂવું વગેરે કામો ખરેખર નેકી બની જશે, અલ્લાહની ઈબાદતમાં ગણાશે. ભલે પેટ આપણે પોતાના હેતુ માટે ભર્યું, પાણી પોતાની તરસ મટાડવા પીધું પરંતુ અલ્લાહની બારગાહમાં આ કામો નેકીમાં ગણાશે, કેમ કે તે કામો માત્ર નબી કરીમ ﷺની સુન્નત મુજબ કરવામાં આવ્યાં. એટલા માટે ભાઈઓ જે કામ પણ આપણે સુન્નત મુજબ કરીશુ તે અલ્લાહની બારગાહમાં કૃબૂલ થશે અને કિ઼યામતના દિવસે તેનો બદલો જરૂર મળશે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺની સુન્નતોની પેરવી કરવા પર ઘણો ભાર આપ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : "હે મેહબૂબ ! તમે લોકોને ફર્માવી દો કે જો તમે અલ્લાહથી મહોબ્બત કરો છો તો મારી પેરવી કરો. અલ્લાહ તમારાથી મહોબ્બત કરશે અને તમારા ગુનાહોને બખ્શી આપશે." *(પારો–૩, રુકૂઅ–૧૨)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાથી મહોબ્બત અને દોસ્તી કરવા માટે નબી કરીમ ﷺની પેરવી (અનુસરણ) જરૂરી છે અને આપ ﷺની પેરવી ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આપણે સુન્નતો મુજબ જીવન વિતાવીએ.

## સુન્નતોનું મહત્વ હદીષોની રોશનીમાં

હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જો મૂસા علیہ السلام મૌજૂદ હોત તો તેમને પણ મારી પેરવી કર્યા વિના કોઈ ચારો ન હતો (મિશ્કાત શરીફ, પેજ–૩૦) અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી બેશક ! તેણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે.** *(જામિઉલ અહાદીષ, ભાગ–૧, પેજ–૫૪)*

હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે મારા (વિસાલ) પછી મારી મુડદા સુન્નતને જીવિત કરી તો તેને અમલ કરવાવાળાઓના બરાબર સવાબ મળશે અને અમલ કરવાવાળાઓના સવાબમાં કાંઈ કમી થશે નહીં. *(જામિઉલ અહાદીષ, ભાગ–૧, પેજ–૫૪)*

અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જે (વ્યક્તિ) ઉમ્મતમાં ફસાદના (ખરાબીના) સમયે મારી સુન્નત મજબૂતીથી પકડશે તેને સો (૧૦૦) શહીદોનો સવાબ મળશે. *(હવાલો ઉપર મુજબ, ભાગ–૧, પેજ–૫૫)*

હઝરત અરબાઝ બિન સારિયા رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, તમારા ઉપર મારી અને મારા ખુલફાએ રાશિદીનની સુન્નત જરૂરી છે તેને મજબૂતીથી પકડી રાખો. *(ઉપર મુજબ, ભાગ–૧, પેજ–૫૩)*

પ્રિય વાંચકો ! સુન્નતે નબવી ﷺ પર અમલ કરવાથી ઈમાનમાં તાજગી પેદા થાય છે, નેકીઓમાં વધારો થાય છે અને નબી કરીમ ﷺથી મહોબ્બત

અને સાચુ ઈશ્ક઼ નસીબ થાય છે જે દુનિયાની બધી નેઅમતોથી સૌથી શ્રેષ્ઠ નેઅમત છે. સારાંશ કે સુન્નતો પર અમલ કરવાથી ફાયદો જ ફાયદો છે તે છતાં પણ મોટાભાગના કહેવાતા નબીના દીવાનાઓ સુન્નતોથી દૂર જોવા મળે છે. જુઓ ! સહાબાએ કિરામ અને બુર્ઝુગાને દીનને નબી કરીમ ﷺની સુન્નતોથી કેટલી મહોબ્બત હતી તેના થોડાક પ્રસંગો તમારી સમક્ષ રજૂ કરું છું.

## સહાબાની સુન્નતોથી મહોબ્બત

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનબી કરીમ ﷺના વિસાલ પછી મુસલમાનોના પહેલા ખલીફા બન્યા ત્યારે તેમણે પોતાના ખુત્બામાં ફર્માવ્યું હતું કે **હે લોકો ! મારી ફર્માબરદારી કરો જ્યાં સુધી હું અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરી રહ્યો છું પરંતુ જો હું અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરું તો મારી ફર્માબરદારી છોડી દો.** *(આદાબે સુન્નત, પેજ–૨૭)*

અને હઝરત રાફેઅ કહે છે કે એક વખત મેં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની ખિદમતમાં અર્ઝ કરી કે મને કોઈ નસીહત ફર્માવો, તો અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ કહ્યું કે, ખુદા તમારા ઉપર રહમત અને બરકત નાઝિલ ફર્માવે, નમાઝ પઢો, રોઝા રાખો, ઝકાત આપો, હજ કરો અને નબી કરીમ ﷺની દરેક સુન્નત પર અમલ કરો. *(આદાબે સુન્નત, પેજ–૨૭)*

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ પોતાના વફાતથી થોડાક સમય પહેલાં હઝરત આઈશા رضی اللہ عنہاથી પૂછયું કે નબી કરીમ ﷺના કફન મુબારકમાં કેટલાં કપડાં હતાં, અને આપની વફાત કયા દિવસે થઈ ? વાંચકો ! આ સવાલ કરવાનું માત્ર કારણ એ હતું કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની તમન્ના હતી કે જિંદગીની દરેક પળો તો મેં સુન્નત મુજબ ગુજારી માટે હવે અવસાન પછી પણ કફનમાં અને દફનના દિવસમાં મને નબી કરીમ ﷺની સુન્નતની પેરવી નસીબ થઈ જાય. *(આદાબે સુન્નત, પેજ–૨૭)*

સુબ્હાનલ્લાહ ! દોસ્તો ! વિચારો ! હઝરતે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને સુન્નતોથી કેટલી મહોબ્બત હતી કે આપ જિંદગીની અંતિમ પળોમાં પણ કોઈ સુન્નત છૂટી ન જાય તે માટે ફિકરમંદ રહેતા હતા, પણ આજની મુસ્લિમ યુવા પેઢીની હાલાત જુઓ ! હમેશાં નિતનવી ફેશનો અપનાવવામાં ચિંતિત રહે છે. તેમને અલ્લાહ અને રસૂલની કોઈ વાત સારી નથી લાગતી જ્યારે કે જેનાથી મહોબ્બત હોય છે તેની એક એક વાત માનવામાં આવે છે અને તેની જિંદગીને નમૂનો અને આઈડિયલ બનાવવામાં આવે છે.

પ્રિય વાંચકો ! વાંચો ! ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہને નબી કરીમ ﷺની સુન્નતોથી કેટલી મહોબ્બત હતી કે આપ ખાવા પીવા, ઉઠવા, બેસવા દરેક ચીજોમાં નબી કરીમ ﷺની સુન્નતને નજરો સમક્ષ રાખતા હતા. નબી કરીમ ﷺએ હમેશાં જિંદગી ફાક઼ાથી ગુજારી હતી એટલા માટે હઝરત ઉમર પણ રોમ અને ઈરાનના પર સત્તા મેળવ્યા પછી પણ ભૂખ્યા રહી ફાક઼ાથી જિંદગી વિતાવતા હતા. એક વખત હઝરત હફસા رضی اللہ عنہاએ કહ્યું કે હવે ખુદાએ સુખ આપ્યું છે માટે તમારે મુલાયમ પોશાક અને સારા ખોરાકથી પરહેઝ ન કરવો જોઈએ. હઝરત ઉમરે કહ્યું, હે હફ્સા ! શું તું નબી કરીમ ﷺની નિર્ધન હાલત અને મુશ્કેલીઓને ભૂલી ગઈ ?! ખુદાની ક઼સમ ! હું મારા આક઼ા ﷺના નક઼્શેક઼દમ પર ચાલીશ, કેમ કે આખેરતમાં સુખ અને આનંદ નસીબ થાય. ત્યાર પછી હઝરત ઉમર લાંબા સમય સુધી નબી કરીમ ﷺની મુશ્કેલીઓ અને સંકટો વિશે ચર્ચા કરતા રહ્યા ત્યાં સુધી કે હઝરત હફસા રડી પડયાં. *(આદાબે સુન્નત, પેજ–૨૯)*

હઝરત ઉમર رضی اللہ عنہની હમેશાં એ કોશિશ રહેતી હતી કે મેં નબી કરીમ ﷺને જે કામ જેવી રીતે કરતા જોયા તે પ્રમાણે હું પણ કરું. એક વખત નબી કરીમ ﷺએ "ઝુલહુલૈફા" એક જગાનુ નામ છે ત્યાં બે રકાત નમાઝ પઢી હતી હઝરત ઉમર જ્યારે તે જગાથી પસાર થયા ત્યારે બે રકાત નમાઝ પઢી. એક વ્યક્તિએ પૂછયું, આ કઈ નમાઝ છે ? હઝરત ઉમરે કહ્યું, મેં નબી કરીમ ﷺને આ જગાએ નમાઝ પઢતા જોયા હતા. *(આદાબે સુન્નત, પેજ–૩૦)*

સુન્ની મુસલમાનો ! ચિંતિત મને અભ્યાસ કરો કે હઝરત ઉમરને સુન્નતોથી કેટલી મહોબ્બત હતી કે આપ હમેશાં સુન્નતોની તલાશમાં રહેતા હતા, પણ આજે

આપણે પોતાના સમાજ અને માહોલનું નિરીક્ષણ કરીએ છીએ તો અફસોસ થાય છે કે પશ્ચિમી દેશોની જાળમાં ફસાયેલા મોર્ડન યુવાન અને યુવતીઓ નબીની સુન્નતોને મામૂલી સમજી છોડી દે છે અને આવારાઓની ફેશનોને ગર્વથી અપનાવે છે. યાદ રાખો ! તમારા નબી કરીમ ﷺ ફર્માવે છે, **"જે મારી સુન્નત પર અમલ ન કરે તે મારાથી નથી."** હે આશિકે રસૂલ ભાઈ બહેનો ! ખુદાના વાસ્તે વિચારો ! શું તમે નબીના ઉમ્મતી નથી ? શું તમને નબીથી મહોબ્બત નથી ? તો પછી કેમ નબી કરીમ ﷺના હુકમની વિરૂદ્ધ કરો છો ? અને સુન્નતોને છોડી કાફિર, ફાસિક, ફિલ્મી કલાકારો, રમતવીરોની સ્ટાઈલો અપનાવીને તમારા પ્યારા નબીને નારાજ કરો છો ! ઈશ્કની લાજ રાખો અને ગુનાહોથી તૌબા કરી નબી કરીમ ﷺની સુન્નતોથી પોતાની જિંદગીને સજાવી લો.

હઝરત ઉમર رضی اللہ عنہ પછી ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન رضی اللہ عنہ થયા. આપ અજોડ ખૂબીઓના માલિક હતા. એક વેળા તેમણે વુઝૂ કરી સ્મિત કર્યુ. લોકોએ પૂછયું, તમે કસમયે કેમ હસો છો ? તો હઝરત ઉષ્માન رضی اللہ عنہએ કહ્યું કે મેં નબી કરીમ ﷺને આ પ્રમાણે વુઝૂ કરી સ્મિત કરતાં જોયા હતા. (આદાબે સુન્નત, પેજ–૩૧) સુબ્હાનલ્લાહ ! હઝરત ઉષ્માન رضی اللہ عنہએ આખી જિંદગી નબી કરીમ ﷺની નાનીથી નાની સુન્નત પર અમલ કર્યો અને બીજાઓને પણ સદા સુન્નતો પર અમલ કરવાની દાવત આપી.

તેમના પછી જ્યારે ઈસ્લામના ચોથા ખલીફા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم બન્યા ત્યારે તેમણે કૈસ બિન સઅદ નામના વ્યક્તિને ઈજિપ્તના ગર્વનર બનાવી મોકલ્યા અને કહ્યું કે મારો આ સંદેશો ઈજિપ્તવાસીઓને સંભળાવી આપજો, હે લોકો ! નબી કરીમ ﷺની સુન્નત પર અમલ કરો અને જ્યાં સુધી તમે કિતાબ (કુર્આન) અને સુન્નતને મજબૂતીથી પકડી રાખશો ત્યાં સુધી અલ્લાહ તઆલા તમારો મદદગાર રહેશે અને જેવું તમે સુન્નતથી મોઢું ફેરવશો બદનામ અને બેઈજ્જત થઈ જશો. *(આદાબે સુન્નત, પેજ–૩૪)*


## બુઝુર્ગોની સુન્નતોથી મહોબ્બત

વાંચકો ! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ખરેખર ઘણી મહત્વની વાત કહી કે જ્યારે આપણે સુન્નતોથી મોઢું ફેરવી લઈશું તો બદનામ અને બેઈજ્જત થઈ જાશું. આ જ કારણે આજે આપણને નિષ્ફળતાઓ અને બદનામીઓનો સામનો કરવો પડે છે. જુઓ ! વલીઓના સરદાર ગૌષે આઝમ શેખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ સુન્નતોનું મહત્વ બતાવતાં કહે છે કે વાસ્તવમાં કરામત અને વિલાયત તો એ છે કે કોઈ કામ નબી કરીમ ﷺની સુન્નતની વિરૂદ્ધ કરવામાં ન આવે. (આદાબે સુન્નત) હે ગૌષે પાકના ચાહકો ! નબીની સુન્નતો પર અમલ કરવાવાળા બની જાવ અને ગુનાહોથી તૌબા કરી અલ્લાહથી દુઆ કરો કે હે અલ્લાહ ! અમને સુન્નત મુજબ જિંદગી ગુજારવાની તૌફીક આપ.


સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہની મહોબ્બતનો દમ ભરનારાઓ ! આવો ! ખ્વાજા સાહબને સુન્નતે રસૂલ ﷺથી કેટલી દીવાનગીભરી મહોબ્બત હતી તે જુઓ ! એકવાર આપ રડી રડયા હતા. તો પૂછવામાં આવ્યું કે હઝરત ! આપની આંખોમાં આંસૂ શાથી ?! તો દિલના કાનો વડે ખ્વાજા સાહબનો જવાબ સાંભળો અને ખરેખર આશિકે ખ્વાજા હોઉ તો તમારી જિંદગીમાં ઈન્કિલાબ પેદા કરી ગુનાહોથી પાછા ફરો, સુન્નતોના ત્યાગથી પાછા ફરી નેક તથા સુન્નતોના પાબંદ બની જાવ ! સાંભળો ! ખ્વાજા સાહબે ફર્માવ્યું કે, 'એકવાર મારાથી વુઝૂ દરમ્યાન દાઢીમાં ખિલાલ કરવાની સુન્નત રહી ગઈ હતી. તે મને યાદ આવે છે તો હું દિલમાં ખુદાનો ખૌફ અનુભવું છું કે કયામતમાં ખુદા વ રસૂલે પાક ﷺને શું મોઢું બતાવીશ ?! અને એ વાત જ્યારે યાદ આવે છે તો હું રડી પડુ છું.''

આજે આપણે રોજ સવારમાં ઉઠીને રસૂલે પાક ﷺએ જે સુન્નત રાખવાની ખૂબ તાકીદ કરી તે જ પ્યારી સુન્નત દાઢી મુબારકને ઘસી ઘસીને ચહેરેથી ઉડાવી દઈએ છીએ ! તથા અન્ય સુન્નતો અપનાવવાનો ખયાલ પણ દિલમાં નથી લાવતા તો કયા મોઢે આપણે પોતાને ઈસ્લામના તથા રસૂલે પાક ﷺના તથા બુઝુર્ગોના ચાહક કહેવાને પાત્ર છીએ !

અલ્લાહ તઆલા સૌને સુન્નતો મુજબ જિંદગી ગુજારવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)




## નજદી વહાબીઓએ બનાવેલા
# નવા મસ્આ (સઈના સ્થાન)માં સઈનો હુકમ





**રજૂકર્તા**
**હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી જામિઆ અશ્રફિયા– મુબારકપુર–યુ.પી.)*

**અનુવાદક**
**મૌલાના યાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા)*


સઊદી અરબની નજદી હુકૂમત દ્વારા બનાવવામાં આવેલ સઈની જગ્યામાં સઈ કરવી જાઈઝ છે કે નહીં ?

આ મસ્અલા અંગે ઈસ્લામી ફિકહની મો'તબર તથા આધારભૂત કિતાબોમાં ક્યાંય પણ સ્પષ્ટતા તથા વર્ણન જોવા નથી મળતું. કેમ કે આજથી પહેલાં ન તો નજદી મસ્આ (નજદીઓએ બનાવેલ નવું સઈનું સ્થાન) હતું અને ન તો આ રીતની કોઈ નવી બિદઅતની સ્થાપનાનો વિચાર ઉદ્દભવ્યો હતો. હા ! હુઝૂર ﷺ ની હદીષો, ફુકહાએ કિરામનાં કથનો તથા સંપૂર્ણ ઉમ્મતની સહમતિ અને તેમના અમલથી આ મસ્અલાનું જાઈઝ ન હોવું જરૂર સાબિત થાય છે.

આ મસ્અલાની સ્પષ્ટતાના હેતુથી તેના જાઈઝ ન હોવાના કેટલાયે પુરાવાઓનું ટૂંકમાં વર્ણન નીચે કરવામાં આવે છે.

### નજદી મસ્આમાં સઈ જાઈઝ ન હોવાના પુરાવાઓ

સઈ (સફા મરવા દરમ્યાન ચક્કર લગાડવા) પોતે, સ્વયં કોઈ ઈબાદત નથી, તેને ઈબાદત હોવાનો દરજો હુઝૂર ﷺની સુન્નતથી મળ્યો છે. તેથી સુન્નતે નબવીથી જે કાંઈ પણ સાબિત થશે અને જે રીતે પણ સાબિત થશે તે જ ઈબાદત ગણવામાં આવશે. અને સરકાર ﷺથી સઈ(નો તરીકો) કઈ રીતે સાબિત છે તેને આ હદીષોમાં જુઓ :–

"હઝરત ઈબ્ને નાફેઅથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલ્લાહના રસૂલ ﷺ જ્યારે બયતુલ્લાહ શરીફનો પહેલો તવાફ ફર્માવતા તો ત્રણ ફેરા(માં) ખભા હલાવતા અને ઝડપથી ચાલતા અને (બાકીના) ચાર ફેરા શાંતિથી કરતા. અને જ્યારે સફા તથા મરવા વચ્ચે સઈ ફર્માવતા તો બતને મસીલ (બે લીલી બત્તીઓની દરમ્યાન)માં ઝડપથી ચાલતા, અને એ જ પ્રમાણે હઝરત ઈબ્ને ઉમર પણ કરતા હતા." *(સહીહ બુખારી, પેજ–૨૧૯, ભાગ–૧, સહીહ મુસ્લિમ, પેજ–૪૧૦, ભાગ–૧)*

"હઝરત જાબિર ફર્માવે છે કે, "મેં નબી કરીમ ﷺને જોયા કે આપ ﷺ દસમી ઝિલ્હજજના દિવસે પોતાની સવારી ઉપરથી કાંકરીઓ મારી રહ્યા છે અને ફર્માવી રહ્યા છે કે મારી પાસેથી હજજના અરકાન શીખી લો ! મને ખબર નથી કદાચ આ હજજ પછી મારી કોઈ બીજી હજજ ન હોય." *(સહીહ મુસ્લિમ, પેજ–૪૧૯, ભાગ–૧)*

ઉપરોક્ત હદીષ હજજના અરકાનની વિશિષ્ટતાઓને નિશ્ચિત કરવાના વિષયમાં આધાર રૂપ છે. આ હદીષોની રોશનીમાં ઉમ્મતના ફુકહાએ કિરામે હજજના કેટલાયે અરકાનના વાજિબ હોવા ઉપર દલીલો આપી છે. અને સઈના મસ્અલામાં પણ આ હદીષ વાજિબ હોવાની દલીલ પૂરી પાડે છે. જેમ કે આપણા ફુકહાએ આપણા મઝહબની કિતાબોમાં તેની સ્પષ્ટતા કરી છે અહિંયાથી માલૂમ થાય છે કે :

સઈ વાજિબ છે.

સઈનું સફા તથા મરવા દરમ્યાન હોવું વાજિબ છે.

ખાસ કરીને "બતને વાદી" (બે લીલી બત્તીઓ વચ્ચેનું અંતર જેને "મિલૈને અખ્ઝરૈન" પણ કહેવામાં આવે છે તેમાંથી પસાર થવું વાજિબ છે.

એટલા માટે જ હનફી ફુકહાએ ઉપર દર્શાવ્યા મુજબ જ સઈ કરવાની તાલીમ આપી. તથા સાતેવ ફેરાઓના વાજિબ હોવાની સ્પષ્ટતા ફર્માવી અને જ્યારે દરેક ચક્કર (ફેરો) વાજિબ છે તો દરેક ફેરામાં "બતને વાદી"ની સઈ પણ વાજિબ છે.

"મસ્લકે મુતકસ્સિત" નામની કિતાબમાં છે : "સફા તથા મરવા દરમ્યાન સઈનો અર્થ સામાન્યઃ ચાલે ચાલવું છે અને બે લીલી બત્તીઓ દરમિયાન સઈનો અર્થ ઝડપથી ચાલવું છે. અને બે મીલો (લીલી બત્તીઓ) વચ્ચેનું અંતર "બયનસ્સફા વલ્ મરવા" (સફા તથા મરવાના દરમિયાન) અંતરનો જ એક ભાગ છે અને સઈ માટેનો રસ્તો આ બંને મીલોના દરમિયાનથી જ પસાર થાય છે.

ટૂંકમાં બતને વાદી (બે લીલી બત્તીઓની વચ્ચે)ની સઈ વાજિબ છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ હમેશાં આ જ રસ્તે ચાલીને સઈ ફર્માવી છે. અને વર્ષોથી ઉમ્મતનો આ જ તરીકો (અમલ) રહ્યો છે. એટલા માટે સઈ કરવા માટે આ જ રસ્તો (શરીઅતમાં) નક્કી થયો. અને બતને વાદી માત્ર જૂના સઈના સ્થાનમાં જ મૌજૂદ (ઉપસ્થિત) છે જે હમેશાંથી બે લીલી બત્તીઓ દરમ્યાન ઘેરાયેલી રહી છે અને નવું સઈનું સ્થાન આ બરકતવાળી "વાદી"થી મેહરૂમ છે, એટલા માટે તેમાં (નવા સઈના સ્થાનમાં) સઈ કરવી **નાજાઈઝ છે.**

**સઈને તવાફ ઉપર કયાસ (ધારવું) કરવું સહીહ નથી** : તવાફે કા'બાની જેમ સઈના વિશે (કયાસ કરવું) ખોટું છે એ રીતે કે જેમ મતાફને (તવાફ કરવાની જગ્યાને) વિસ્તારવું જાઈઝ છે એ રીતે સઈના સ્થાનમાં પણ આમ કરવું જાઈઝ થશે. કેમ કે સઈનો હુકમ અકલી (બૌદ્ધિક) તથા કયાસી નથી બલ્કે શરઈ (શરીઅતે લાગુ પાડેલ) હુકમ છે.

હા ! જો સઈ સ્વયં પોતે ઈબાદત હોત અને સઈ માટેની નવી જગ્યાનું સફા તથા મરવા દરમ્યાન હોવું ચોક્કસ હોત તો રસૂલુલ્લાહ ﷺએ તથા સહાબાએ કિરામે સઈ કરેલ જગ્યાથી હટીને પણ તેની (સઈની) ઈજાઝત હોત. જેમ કે તવાફમાં ઈજાઝત છે કે તવાફ પોતે સ્વયં એક ઈબાદત છે. એટલા માટે જ નફલ તવાફ મુસ્તહબ છે, પરંતુ નફલ સઈ નાજાઈઝ છે.

હિદાયાની શરહે "ઈનાયા"માં છે : "નફલ સઈ(નો હુકમ શરીઅતની દષ્ટિએ નથી) મશરૂઅ નથી. કેમ કે આ (સઈ) નસ (કુર્આન, હદીષ)થી એકવાર જ સાબિત છે. વારંવાર સઈ તવાફની જેમ વિચારીને જ મશરૂઅ (શરીઅતથી હોવું) ઠરાવી શકાય છે અને અહિંયા (નફલ સઈની બાબતમાં) તવાફની જેમ સઈને ખ્યાલ કરવાની (કયાસ કરવાની) કોઈ આવશ્યક્તા નથી." *(ઈનાયા, પેજ-૪૭૫, ભાગ-૨)*

ઉપરોક્ત વર્ણનથી તવાફે કા'બા તથા સફા મરવાની સઈ વચ્ચેનો ફરક સ્પષ્ટ રીતે જાણી શકાય છે. એ જ રીતનો ફરક સઈ તથા અરફાત, મુઝદલ્ફાના રોકાણ વચ્ચે પણ છે કે અરફાત તથા મુઝદલ્ફાનું રોકાણ (વકૂફે અરફાત, વકૂફે મુઝદલ્ફા) સ્વયં પોતે ઈબાદત છે. આ સિવાય હદીષે નબવીથી આખા અરફાતના મેદાન તથા મુઝદલ્ફાના મેદાનનું વકૂફ (રોકાણ)ની જગ્યા હોવું સાબિત છે. જ્યારે કે સઈના નવા સ્થાનમાં સઈની જગ્યા હોવું કોઈ એક પણ હદીષથી સાબિત નથી.

ઈમામ કુત્બુદ્દીન હન્ફીની લખેલ કિતાબ "અલ્ અઅ્લામમાં" છે : "સફા મરવા દરમ્યાન સઈ કરવી તઅબ્બુદી અહકામમાં (એવા હુકમો જે પોતે ઈબાદત ન હોય. અલ્લાહ તઆલા અથવા નબી ﷺના ફર્માન મુજબ તે ઈબાદત હોય જેમાં બુધ્ધિનો દખલ ન હોય.) એક છે જે અલ્લાહ તઆલાએ આપણી ઉપર વાજિબ કરી છે અને તેનાથી વિરૂદ્ધ કરવું જાઈઝ નથી.

**આ ઈબાદત તે જ જગ્યામાં અદા કરવામાં આવશે જ્યાં અલ્લાહના રસૂલ ﷺએ સઈ ફર્માવી છે."** *(અલ્ અઅ્લામ, પેજ-૧૦૩)*

ઉપરોક્ત વર્ણનથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે આધુનિક નજદી સઈના સ્થાનમાં સઈ કરવી નાજાઈઝ છે અને તવાફે કા'બા તેમજ વકૂફે અરફા તથા વકૂફે મુઝદલ્ફાની જેમ સફા મરવાની સરખામણી (કયાસ) કરવી ખોટુ છે. કેમ કે કા'બાનો તવાફ, અરફાત તથા મુઝદલ્ફાના રોકાણમાં અને સઈમાં ઘણો ફરક છે.

**સઈનું સ્થાન સર્વ સંમતિથી (ઈજમાઅથી) મકાને મઅ્રૂફ (જાહેર પ્રસિધ્ધ સ્થાન) છે :** સઈ કરવી સઈના સ્થાનમાં જ સહીહ તથા દુરૂસ્ત છે અને સઈનું સ્થાન મકાને મઅ્રૂફ (જાણીતી જગ્યા) છે. નબી ﷺ તથા સહાબાના યુગથી લઈને અત્યાર સુધી બરાબર રીતે જે ખાસ જગ્યામાં સઈ કરવામાં આવી રહી છે તે ઉમ્મતે મુસ્લિમોમાં સ્પષ્ટ જાણીતી જગા છે. અવામ તથા ખવાસમાં એક ખાસ માલૂમ સ્થાન છે. અને જે સ્થાન સઈ કરવા માટે સલ્ફ (પૂર્વજો)થી લઈને ખલ્ફ (પાછળથી આવનાર) સુધી જાણીતી તથા ખાસ છે, તે સઈનું જૂનું સ્થાન જ છે. અને નજદી ગર્વમેન્ટ દ્વારા બનાવવામાં આવેલ સઈનું નવુ સ્થાન સલ્ફથી લઈને ખલ્ફ સુધી અજાણ્યુ તથા અપ્રસિધ્ધ રહ્યું છે જે એક રોશન હકીકત છે, જેનો ઈન્કાર હઠધર્મી છે.

**મકાને મારૂફ (સઈ માટે જાણીતા સ્થાન)ની હદબંધી આસપાસની ઈમારતો તથા માપદંડ મુજબ :** હવે સવાલ એ છે કે આ ખાસ જગ્યાની હદ શું છે ? તો અરજ છે કે ઓલમાએ કિરામે તે જાણીતી ખાસ જગ્યાની માપણી (હદબંદી) બે રીતે દર્શાવી છે : એક તો તેની હદ સઈના સ્થાનની આસપાસ આવેલ ઈમારતો દ્વારા રજૂ કરી છે. જેમ કે "શિફાઉલ્ મરામ" વગેરે કિતાબોમાં છે કે **"સઈનું અસલ સ્થાન અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબના મકાનના ગેટથી લઈને ઈબ્ને ઉબાદના મકાન સુધી છે."** અને બીજી હદબંદી (માપણી) માપદંડ મુજબ કરી છે.

"મન્હતુલ્ ખાલિક્" નામની કિતાબના લેખક ઈમામ કુત્બુદ્દીન હન્ફીની લખેલ કિતાબ અખ્બારે મક્કાના હવાલાથી લખે છે : "અહિંયા એક મોટો વાંધો જેની ઉપર મારી દષ્ટિએ કોઈએ પણ ચર્ચા નથી કરી. વાંધો એ છે કે સફા મરવા દરમિયાન સઈ તઅબ્બુદી અહકામમાંથી એક છે. અને ષિક્ાત (ભરોસાપાત્ર રાવીઓ)ના દર્શાવ્યા મુજબ તે (જૂનુ સ્થાન) હરમ શરીફની હદમાં સામેલ થઈ ચૂક્યું છે. અને તેની પહોળાઈ ઈબ્ને ઉબાદના મકાન સુધી થઈ ચૂકી છે. અને આજે જે સ્થાને સઈ કરવામાં આવે છે તેના વિશે તેહકીક નથી કે આજનું સઈનું સ્થાન તે (જૂના સઈના સ્થાન)ની પહોળાઈમાં સામેલ છે કે કેમ ? તો પછી ત્યાં સઈ કરવી કઈ રીતે જાઈઝ તથા સહીહ થશે ? કદાચ તેનો જવાબ એ હોય શકે છે કે સઈનું સ્થાન પહેલાં પહોળાઈમાં ફેલાયેલું હતું. ત્યાર બાદ તે જ જૂના સઈના સ્થાનની પહોળાઈમાં ઘરો બની ગયાં જેથી ખલીફા મેહદીએ તે ઘરોને તોડાવીને થોડાક ભાગને મસ્જિદે હરામમાં સામેલ કરાવી આપ્યો અને થોડાક ભાગને છોડી દીધો. અને સઈના જૂના સ્થાનને તેની જગ્યાએથી ન હટાવ્યું, નહીં તો ઓલમાએ દીન તથા અઈમ્માએ મુજતહેદીન તેનો વિરોધ કરત." *(મન્હતુલ્ ખાલિક્, પેજ-૩૩૪, ભાગ-૨)*

આ લખાણથી કેટલીયે મહત્વની વાતો જાણવા મળી કે :-

**(અ)** સફા તથા મરવા દરમ્યાન (એક) ખાસ જગ્યાનો મતલબ "માલૂમ જાણીતી" જગ્યા છે. અને અહકામે તઅબ્બુદીયાના શબ્દોથી સ્પષ્ટ થાય છે કે તે ખાસ જગ્યામાં સઈનું વાજિબ હોવું માત્ર નબી ﷺના ફર્માન તથા અમલ દ્વારા સાબિત છે.

**(બ)** ખલીફા મેહદીના યુગમાં મસ્આ (સઈ

કરવાની જગ્યા)ને પહોળી કરવામાં આવી, પરંતુ તેને સંપૂર્ણ રીતે હટાવવામાં ન આવ્યું કે જેથી સઈની ખાસ જગ્યાથી હટીને નવી જગ્યામાં મસ્આ (સઈનું સ્થાન) બનાવવામાં આવ્યું હોય. બલ્કે આ (ફેલાવવું, પહોળાઈ) માત્ર થોડોક ફેરફાર કહેવાય, એ રીતે કે જૂના મસ્આ (જૂની સઈની જગ્યા)ની હદમાં લોકોનાં મકાનો હટાવીને ત્યાં સુધી મસ્આને વધારી દેવામાં આવ્યું.

**(ક)** જો આ રીતે (સઈની જગ્યાનું ફેલાવવું) બહારની જગ્યામાં થયું હોત તો તે સમયના ઓલમાએ દીન તથા અઈમ્માએ મુજતહેદીને (આ રીતે સઈની જગ્યાને ફેલાવવા, પહોળી કરવા ઉપર) વિરોધ કર્યો હોત, કેમ કે તે સમયના ઓલમા નીડરતાથી નહીં અનિલ્ મુન્કર (બુરી વાતોથી રોકવું) કરતા હતા.

**(ખ)** ઈમામ કુત્બુદીન رحمۃ اللہ علیہએ આ વાતને યકીન સાથે નથી દર્શાવી બલ્કે ફર્માવ્યું કે શાયદ (કદાચ) જૂનુ મસ્આ પહોળુ કરવા હદ સુધી ફેલાયેલ હતું જે લોકોના મકાનોના કારણે સાંકડુ થઈ ગયું હતું.

પરંતુ હકીકત એ છે કે આ વાતમાં શંકા તથા શકની કોઈ આવશ્યક્તા નથી ખલીફા મેહદીના યુગમાં (સઈની જગ્યાનો) ફેલાવો જૂની સઈ માટેની જગ્યાની હદોમાં થયો હતો જે રસૂલુલ્લાહ ﷺનું મસ્આ (સઈ માટેનું સ્થાન) હતું. તેની દલીલ એ છે કે ખલીફા મેહદીના યુગમાં જ ફેલાવો કરવામાં આવ્યો તે ઈબ્ને ઉબાદના ઘર સુધી કરવામાં આવ્યો હતો અને તે (ઈબ્ને ઉબાદનું મકાન) રસૂલુલ્લાહ ﷺ તથા સહાબાએ કિરામના યુગમાં મસ્આની અંતિમ હદ હતી. જેમ કે બુખારી શરીફમાં છે : "હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે, "સઈ બની ઉબાદના મકાનથી લઈને બનૂ અબી હુસૈનની ગલી સુધી છે." *(બુખારી શરીફ, પેજ-૨૨૩, ભાગ-૧)*

અલ્લામા અબુલ્ વલીદ અહમદ બિન મુહમ્મદ અલ્ અરઝકી પોતાની કિતાબ "અખ્બારે મક્કતુલ્ મુશર્રફા"માં ફર્માવે છે કે : "સફા તથા મરવા દરમ્યાન સાતસો છાસઠ અડધા અને ગજનું અંતર છે. એટલે કે લગભગ ૨૨૯૯ ફૂટ અને તે ઝંડો જે મસ્જિદના દરવાજા ઉપર છે ત્યાંથી લઈને તે ઝંડા સુધી જે તેની સામે અબ્બાસ ઈબ્ને મુત્તલિબના ઘર ઉપર છે, અને તે બંનેની દરમ્યાન મસ્આની પહોળાઈ સાડા છત્રીસ ગજ એટલે ભગભગ ૧૦૯ ફૂટ છે. *(અખ્બારે મક્કા, પેજ-૧૧૯, ભાગ-૨)*

ઉપરોક્ત વર્ણનથી જાણ થાય છે કે મસ્આ (સઈના સ્થાન)ની પહોળાઈ પહેલાં પણ વધારવામાં આવી હતી, પરંતુ સાથે સાથે એ પણ સાબિત થઈ જાય છે કે તે વધારો (પહોળાઈમાં) રસૂલુલ્લાહ ﷺના મસ્આની હદમાં જ હતો અને તેનાથી ક્યારે પણ વિરૂદ્ધ ન થયું. એ જ કારણે જે ઓલમા નીડર બનીને અમ્ર બિલ્ મઅ્રૂફ તથા નહી અનિલ્ મુન્કરની ફરજ બજાવતા હતા તેઓ ચૂપ રહ્યા.

મસ્આ (સઈના સ્થાન)ની પહોળાઈમાં વધારો ઘટાડો થતો રહ્યો, પરંતુ નબી ﷺ તથા સહાબાના યુગની હદોથી ક્યારે પણ આગળ ન વધ્યું. એટલા માટે દરેક યુગમાં તથા દરેક સદીમાં મસ્આ (સઈનું સ્થાન) એક જાણીતી તથા ખાસ જગ્યા જ રહી છે. જેમાં ત્યારથી લઈને આજ સુધી બરાબર સઈ થતી રહી છે. એટલા માટે સઈ તેજ મસ્આમાં વાજિબ છે જે રસૂલુલ્લાહ ﷺની સઈનું સ્થાન છે.

અને **આજના નવા મસ્આ (નવુ સઈના સ્થાન)માં સઈ નાજાઈઝ તથા એક બેકાર કાર્ય છે,** કેમ કે તે શુધ્ધ વહાબીઓ નજદીઓનું મસ્આ (સઈનું સ્થાન) છે જે નિશ્ચિત રીતે **બિદઅત** છે. (ક્રમશઃ)


**સ્કીમ માટે છેલ્લો મહિનો !**

**બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહક થનાર કે રિન્યુ કરનારને **અલ્લાહના હબીબની શાન** ﷺ (પેજીસ-૨૮૫) કિતાબ મફત મળશે.

**લવાજમમાં વધારો**

**નોંધ : ૧-જાન્યુઆરી-૨૦૧૦થી વાર્ષિક લવાજમ પેટે રૂા. ૧૪૫ મોકલવાના રહેશે તેની દરેક વાંચકોએ નોંધ લેવા નમ્ર વિનંતિ છે.** *-તંત્રી*

# મશાઈખે કિરામનાં સોનેરી કથનો

લેખક : મૌલાના સાબિરુલ કાદરી નસીમ બસ્તવી

અનુવાદક : મુહમ્મદ શકીલ–માંકણ
(મુતઅલ્લિમ : દા.ઉ. નૂરે મુહમ્મદી–દયાદરા)

અલ્લાહના મહબૂબ બંદાઓની વાણીમાં તથા કથનોમાં એક રૂહાની આકર્ષણ તથા પ્રભાવ હોય છે જે માણસના દિલ પર અસર કરે છે જેથી એ ઉમ્મીદથી કે વાંચકો બુઝુર્ગાને દીનને ચાહવાનો દાવો કરે છે તો મહાન બુઝુર્ગોનાં કથનોને વાંચીને જરૂર એના પર અમલ કરીને પોતાની દુનિયા તથા આખેરતને આબાદ કરવા કોશિશ કરશે, અત્રે બુઝુર્ગાને દીનનાં કથનો રજૂ કરીએ છીએ :–

**ભારે નેકીઓ** : જે નેકી આજે આપણી ઉપર મુશ્કેલ છે એ જ કાલે મીઝાને અમલમાં ભારે હશે. –*(હઝરત ઈબ્રાહીમ બિન અદ્હમ رحمۃ اللہ علیہ)*

**જેહાદથી અફઝલ** : જે કોઈ માણસ પોતાના અહલો અયાલ (બીવી બચ્ચાં)ની હલાલ રોજીથી પરવરિશ કરે છે તેનું આ કામ જેહાદથી અફઝલ છે. –*(હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ)*

**વધારે ક્રોધ (ગુસ્સો)** : જેનો ક્રોધ વધારે હશે તેના દોસ્ત ઓછા હશે. –*(હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہ)*

**ફાયદા વગરની દોસ્તી** : એવા દોસ્તની સોહબતથી બચો જેનાથી તમને કોઈ ધાર્મિક ફાયદો ન થાય. –*(હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ)*

**મેહબૂબની ફર્માબરદારી** : અય નફસ ! તું અલ્લાહની મહોબ્બતનો દાવેદાર છે અને એની નાફર્માની પણ કરે છે ! જો તું તારી મહોબ્બતમાં સાચો હોય તો તારા રબની ઈતાઅત પણ કર, કે મહોબ્બત કરવાવાળો પોતાના મેહબૂબની ફર્માબરદારી પણ કરે છે. જો આવું નથી તો તું પોતાની મહોબ્બતના દાવામાં જૂઠો છે. –*(હઝરત રાબિઆ બસરી رضی اللہ عنہا)*

**ઈસ્લામની ગરીબીનો જમાનો** : એ જમાનો ઈસ્લામની ગરીબીનો જમાનો છે જેમાં ઓલ્મા દુનિયાના આશિક્ થઈ જશે. –*(હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ)*

**ભૂલી જાવ, માફ કરી દો** : પોતાની નેકી જે કોઈની સાથે કરી હોય અને બુરાઈ જે બીજાએ તમારી સાથે કરી હોય તેને ભૂલી જાવ અને માફ કરી દો. –*(સૈયદુત્તાઈફા હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ)*

**જૂઠા લોકોનું કામ** : ગુનાહોને છોડયા વગર ઝબાનથી કરેલ તૌબા તથા ઈસ્તિગફાર એ જૂઠા લોકોનું કામ છે. –*(હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ)*

**દુનિયાનું તલબ કરવું અને છોડવું** : જો તમે દુનિયાને તલબ કરશો તો દુનિયા તમારા ઉપર ગાલિબ આવી જશે, અને જો તમે દુનિયાને છોડીને એનાથી મોઢું ફેરવી લેશો તો પછી તમે દુનિયા પર ગાલિબ આવશો. –*(હઝરત અબુલહસન ખિર્કાની رحمۃ اللہ علیہ)*

**લાભ વિનાના દોસ્ત** : એવા દોસ્તથી બચો જે તમારી ખુશહાલીનો દોસ્ત હોય અને બુરા સમયમાં તમારા કામ ન આવે. –*(હઝરત ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ)*

**દેશનો બગાડ** : આખા દેશનો બગાડ ત્રણ જમાઅતોના બગડવા પર છે : ૧. હાકિમ જ્યારે અભણ હોય. ૨. આલિમ જ્યારે બે અમલ હોય. ૩. ફકીર અને દુરવેશ જ્યાં ભરોસાપાત્ર ન હોય. –*(હઝરત સૈયદ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ)*

**હકીકત ખુશી અને કામયાબીનો ભેદ** : ખુશ રહેવાનું ચાહો છો તો બીજાને ખુશ રાખવાની કોશિશ કરો. જે પોતાના નફસની તર્બિયત ન કરી શક્તો હોય એ બીજાની તર્બિયત શું કરશે ? હસવાવાળાઓની સાથે ન હસો, ધીમે રડવાવાળાઓની સાથે રડી લો. –*(હઝરત સૈયિદના ગૌષે આ'ઝમ શેખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ)*

**ભેદની હકીકત** : જો તમે ઈચ્છો છો કે દુશ્મન પાસે તમારો ભેદ ન પહોંચે તો તમે દોસ્તને પણ

તમારો ભેદ ન બતાવો. *–(હઝરત શેખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ)*

**મોમિન :** મોમિન નફસની ઈચ્છાનો ગુલામ નથી હોતો. *–(હઝરત શમ્સ તબરેઝી رحمۃ اللہ علیہ)*

**જવાન મર્દ :** જવાન મર્દ એ છે કે જે રંજ અને તકલીફ પહોંચાડવાવાળાને પણ રંજ ન પહોંચાડે. *–(મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ)*

**શ્રેષ્ઠ પરહેઝગાર :** શ્રેષ્ઠ પરહેઝગાર એ છે કે જે મૌતને વધારે યાદ કરે. *–(હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

**સૌથી મોટી નેકી :** આજિઝ લોકોની ફરિયાદને પહોંચવું, મિસ્કીન લોકોની હાજતો પૂરી કરવી, ભૂખ્યાઓને ભોજન આપવું, વસ્ત્ર વિનાના લોકોને વસ્ત્ર આપવું વગેરે. *–(હઝરત ખ્વાજા સુલ્તાનુલહિંદ ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

**રઝા વગર રાજી :** દોસ્તી એ છે કે જે કાંઈ ખુશી કે ગમ દોસ્તની તરફથી પહોંચે એની ઉપર રાજી રહે. *–(હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ)*

**ભીતરની ફિકર :** જેવી રીતે તમે તમારા જાહેરની ફિકર રાખો છો એનાથી વધારે તમારામાં પોતાના ભીતરની ફિકર હોવી જોઈએ. *–(હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

**કમાલ :** મોમિન મર્દમાં ચાર વસ્તુઓથી કમાલ પેદા થાય છે : **૧.** ઓછુ ખાવું **૨.** ઓછુ બોલવું **૩.** ઓછુ સૂવું **૪.** મખલૂક઼ સાથે ઓછી સોહબત રાખવી. *–(હઝરત નિઝામુદ્દીન અવલિયા મેહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ)*

**કુર્આન પાકની તિલાવત :** કુર્આન પાકની તિલાવત અજરો સવાબના સિવાય આંખોની બિમારીના માટે પણ બેહદ ફાયદાકારક છે. તેનાથી આંખોની રોશની સલામત રહે છે. *–(હઝરત શેખ નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ)*

**નેકીની તૌફીક઼ :** કોઈ કામ કરો, કોઈ વાત કરો તો અલ્લાહ તઆલાથી દુઆ કરો કે તમને નેકીની તૌફીક઼ આપે. *–(હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ)*

**ઈસ્તિક઼ામત (અડગ રહેવું) :** કરામતનો કોઈ મતલબ નથી. અસલ વસ્તુ (શરીઅત પર) ઈસ્તિક઼ામત છે. અલ્લાહ તઆલા ઈસ્તિક઼ામતને પસંદ ફર્માવે છે અને લોકો કરામતોની પાછળ પડી રહે છે ! *–(હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદી رحمۃ اللہ علیہ)*

**ગુનાહોનો ઈસ્રાર (અડેલા રહેવું) :** નાના ગુનાહો પર ઈસ્રાર કરવું મોટા ગુનાહો સુધી અને મોટા ગુનાહો પર ઈસ્રાર કરવું કુફ્ર સુધી પહોંચાડી દે છે. *–(હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ)*

---

**લેખ હરીફાઈનું પરિણામ......**

વિષય : **સુન્નતે નબીનું મહત્વ અને આપણે !**

**પ્રથમ નં : અલ્તાફ હુસૈન કુરચનવી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા મુબારકપુર, યુ.પી.)*

**બીજો નં. : મુહમ્મદ સમીર ચિશ્તી કલ્લાવાળા**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા મુબારકપુર, યુ.પી.)*

**ત્રીજો નં. : મુહમ્મદ સઈદ રિફાઈ ભાલેજવાળા**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા મુબારકપુર, યુ.પી.)*

**નમ્ર વિનંતિ :** લેખ હરિફાઈમાં લેખ લખવામાં તલ્બા ખૂબ જ સુસ્તી વર્તે છે એ સારી વાત નથી નિશ્ચિત તારીખ સુધીમાં અવશ્ય લેખ પહોંચાડી આપવા નમ્ર વિનંતિ છે.

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**ખિદમતે દીનમાં મસ્જિદના ઈમામોનો શો રોલ હોવો જોઈએ ?!**

**નોંધ :** વર્તમાનકાળમાં એહલે સુન્નત વ જમાઅતના ઉપર વિવિધ બાતિલ ફિર્ક઼ાઓ તરફથી થઈ રહેલા હુમ્લાઓ તેમજ પશ્ચિમી કલ્ચરની ગંદકીઓથી સમાજને પાક તથા પવિત્ર રાખવા માટે મસ્જિદના ઈમામો શું રોલ ભજવી શકે છે, એનાં અનુસંધાનમાં માર્ગદર્શન આપતું લખાણ બુઝુર્ગોની ખિદમતોના હવાલાથી લખવામાં આવે. મદ્રસાના ઉસ્તાદો તલ્બાને યોગ્ય માર્ગદર્શન આપે એવી વિનંતિ. *–તંત્રી*

**તા. ૧૦-૦૧-૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

## ★ શાદીખાના આબાદી ★

**વોરાસમની :** હાજી મુહમ્મદ યુસુફ પટેલ માસ્તરના નેક ફરઝંદ સરફરાઝની નિકાહખ્વાની તા. ૨૦–૧૦–૨૦૦૯ના રોજ ખોજબલ મુકામે હાજી આદમ હાજી મહમદ તલાટીની નેક દુખ્તર શાહીના સાથે રાખવામાં આવી.

**વાગરા :** હાજી શબ્બીર હાજી અહમદ મુન્શીના નેક ફરઝંદ મુહમ્મદ અઝહરુદ્દીના નિકાહ તા. ૨૯–૧૦–૨૦૦૯ના રોજ વોરાસમની મુકામે ઈકબાલ મુહમ્મદ અક્કુની નેક દુખ્તર મેહફૂઝાબાનુ સાથે રાખવામાં આવ્યા.

**વોરાસમની :** હાજી ઈકબાલ અહમદ દુનિયા (જાંબિયા)ની નેક દુખ્તર અસ્માબાનુની નિકાહખ્વાની તા. ૧૮–૧૦–૨૦૦૯ના રોજ વોરાસમની હાજી યૂનુસ અહમદ દુનિયાના નેક ફરઝંદ હાફિઝ ઈમરાન સાથે, તેમજ મૌલાના હારૂન રશીદ (S/o. દાઊદભાઈ મીઠા)ના નિકાહ અલીભાઈ ગડીમલ (કોલવણા)ની નેક દુખ્તર હાજરાબાનુ સાથે વોરાસમની મસ્જિદમાં શાનો શૌકતથી રાખવામાં આવ્યા જેમાં મૌલાના ઈમ્તિયાઝ દહેગામીએ ક઼િર્અત બાદ નઅત પઢી પછી હઝરત સૈયદ અમીનુદ્દીન માલેગાંવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ શાખા)એ બયાન કર્યું અંતમાં સીરાજુલ ફુક઼હા હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી (સદર મુફ્તી જામિઆ અશ્રફિયા, મુબારકપુર)એ નિકાહ પઢાવી દુઆ ગુજારી છેવટમાં સલાતો સલામ સાથે નિકાહનો પ્રોગ્રામ ખત્મ થયો હતો.

**દયાદરા :** 'બરકાતે ખ્વાજા' (માસિક)ના કમ્પોઝિટર મુહમ્મદ સાદિક઼ (S/o. યાકૂબ મુહમ્મદ બયજી)ની નિકાહખ્વાની તા. ૩૦–૧૦–૨૦૦૯ જુમ્આની નમાઝ બાદ દયાદરા 'નૂરાની મુખ્તારુલ મસાજિદ' મસ્જિદમાં ટંકારીઆ નિવાસી યૂસુફ ગુલામ તલાટીની નેક દુખ્તર આલિમા તસ્લીમાબાનુ સાથે રાખવામાં આવ્યા.

**થામ :** જનાબ સૈયદ નઝીર અહમદ મુહમ્મદ અલી ક઼ાદરીની નેક દુખ્તર આલિમા ફાઝિલા મેહઝબીનબાનુની શાદી તા. ૧૨–૧૦–૨૦૦૯ના રોજ વડોદરાના સૈયદ હાજી વજીહુદ્દીન નાયબ શહેર ક઼ાઝી બરોડાના નેક ફરઝંદ મુહમ્મદ અશ્રફ સાથે રાખવામાં આવી.

**ભરૂચ (વસીલા સોસાયટી) :** જનાબ ખિલજી શૌકત અબ્દુલભાઈ જંત્રાણવાળાની નેક દુખ્તર શબનમબાનુની શાદી તા. ૧૨–૧૦–૨૦૦૯ના રોજ રાજપારડી નિવાસી ગુલામ હુસૈન હાજી ગુલામ ક઼ાદિરના નેક ફરઝંદ સાજિદ હુસૈન સાથે રાખવામાં આવી. સૌને ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

## ★ ઉર્સે સદરુશ્શરીઆ વ નૂરાનીબાબા ★

**બોલ્ટન :** 'જમાઅતે રઝાએ મુસ્તફા' યુ.કે. થકી શનિવાર તા. ...૧૦–૦૯ના રોજ ગૌષિયા મસ્જિદમાં અઝીમુશ્શાન ઉર્સનો પ્રોગ્રામ થયો જેમાં મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવીએ મોહસિને સુન્નિયત હઝરત સૈયદ નૂરાનીબાવા (પેટલાદવાળા) رحمۃ اللہ علیہની હયાતે પાક પર રોશની વેરી, હઝરત મૌલાના મુનવ્વર અતીક઼ે તથા મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમીએ, અલ્લામા સઈદ ઈર્ફાન શાહ સાહબે હુઝૂર સદરુશ્શરીઅહ્ (બહારે શરીઅતના લેખક) અલ્લામા અમજદ અલીખાં આ'ઝમી رحمۃ اللہ علیہ તથા આપની ઔલાદની ખાસ કરીને હઝરત મુહદ્દિષે કબીર સાહબની પ્રશંસામાં બયાનો કર્યા. પ્રોગ્રામમાં અન્ય ઘણા ઉલ્મા તથા હુફ્ફાઝે હાજરી આપી. જેમ કે હઝરત મુમતાઝ અશ્રફ ક઼ાદરી, મૌલાના મુહમ્મદ હનીફ રઝવી, મૌલાના ઈકબાલ મિસ્બાહી, મૌલાના ઈબ્રાહીમ, મૌલાના મોહસિન રઝવી, મૌલાના મક઼સૂદ, મૌલાના શફીઅ, મૌલાના દાઊદ, મૌલાના ઐયૂબ અશ્રફી, મૌલાના સૈયદ શૌકત અલી, મૌલાના ખૈરુદ્દીન, મૌલાના બશીર, મૌલાના યૂનુસ બોલ્ટન, મૌલાના મુહમ્મદ હુસૈન, મૌલાના કલીમ, મૌલાના ખાલિદ, હાફેઝ યાકૂબ, હાફેઝ મેહબૂબ તેમજ ઘણા હુફ્ફાઝ તથા ઈમામોએ હાજરી આપી. ***–રજૂકર્તા :*** *મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી*

## ★ ૨૧ ઉર્સે અઝીમે મિલ્લત ઉજવાયો ★

**વડોદરા :** મસ્લકે આ'લા હઝરતના પરચમધારી હુઝૂર અઝીમે મિલ્લત હઝરત સૈયદ અઝીમુદ્દીનબાવા رحمۃ اللہ علیہનો ૨૧મો ઉર્સ ભારે શાનો શૌકતથી મનાવાયો.

ચાલી આવતી પ્રણાલી પ્રમાણે તા. ૧–૧૦–૨૦૦૯ જુમેરાતે સંદલનું જુલૂસ હઝરત મોઈને મિલ્લતની રહબરીમાં વડોદરા તથા દૂર દૂરથી આવેલા અક઼ીદતમંદો મુરીદો સાથે નીકળ્યું હતું. બીજા દિવસે રાત્રે શેરે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી વગેરેએ હયાતે અઝીમે મિલ્લત પર શાનદાર બયાનો કર્યાં. શનિવારે ૧૦.૩૦થી તકરીરો, નઅતો, મન્કબતોના ક્રમ જારી રહ્યો જેમાં મૌલાના મુહમ્મદ અકબર કેશરપુરીએ ક઼બ્રોમાં અવલિયાની હયાત પર રોશની વેરી. ૧૧.૧૫ના ક઼લમકાર જનાબ ગુલામ મુહ્યુદ્દીન હાફિઝ નબીપુરીએ શાનદાર મન્કબત પેશ કરી. ઉપરાંત ' મેહતાબ' મદોહવી એ શેઅરો રજૂ કર્યા. બાદમાં હઝરત મૌલાના ગુલામ મોહ્યુદ્દીન સુબ્હાનીએ શાને મુસ્તફા ﷺમાં બયાન કરી વહાબિયતની ધજ્જીઓ ઉડાડી મસ્લકે આ'લા હઝરતનો ડંકો બજાવ્યો હતો. છેવટે ' મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ'ના તરાના સાથે પ્રોગ્રામ થયો. ચોથા દિવસે સવારે નવ વાગ્યે કુર્આન ખ્વાની, ઝિક્ર અઝકાર, કુલ શરીફ, છ જોડાંના સમૂહ નિકાહનું આયોજન મોઈને મિલ્લતની રહબરીમાં થયું. ચારેવ દિવસ મૌલાના મુસ્તક઼ીમ નઈમી (ગોંડવી)એ આગવી અદામાં સંભાળ્યું. (રિપોર્ટ ટૂંકાવીને)

**–રજૂકર્તા** *: હાજી ઈબ્રાહીમભાઈ મકરાણી*

**જુનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ્ નૂરિય્યહ્ તરફથી ૧૪–૧૦–૨૦૦૯ના રોઝ હઝરત અમીરે અહલે સુન્નત ખલીફા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત પીર મારફાની સાહબ رحمۃ اللہ علیہનો ૧૧મો ઉર્સ શાનો શૌકતથી રાબેતા મુજબ મનાવાયો. સજ્જાદાનશીન હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી સાહબની સરપરસ્તીમાં મૌલાના ઝાકિર રઝા (સૂરત), મૌલાના ઈદરીસ રઝાખાન અશરફી (બાલાસીનોર) તેમજ અન્ય ઉલમાનાં શાનદાર બયાનો થયાં. તા. ૧૮–૧૦–૨૦૦૯ના રોજ ખાનકાહ તરફથી ફ્રીમાં નૂરી મેડિકલ નિદાન કેમ્પનું આયોજન પણ થયું હતું. *(રજૂકર્તા : હાજી મુહમ્મદ હનીફભાઈ નૂરી)*

**પાલેજ** : તથા દીવી ખાતે તા. ૧૩/૧૪ ઓકટો. ઈશા બાદ જશ્ને હઝરત અલી کرم اللہ وجہہ الکریم મનાવાયો જેમાં હઝરત અલ્લામા અબુલ હક્કાની (બિહાર) સાહબે શાનદાર તકરીરો કરી હતી. હઝરત સૈયદ અબ્દુલ કુદુસ સાહબે દુઆ કરી.

## ★ અમારું અવલોકન ★

કિતાબ : **દીની માલૂમાતકા ગુલદસ્તા** (પેજીસ–૭૮, ભાગ–૫, આવૃત્તિ–૧) કિંમત : રૂા. ૩૦

**લેખક તથા પ્રકાશક** : હાફિઝ ક઼ારી મૌલાના અલ્હાજ અબ્દુલગની મિયાં અહમદ રાજેભાઈ (M.A. L.L.B.)

**સરનામુ** : ૫/૨૦૨૫ આસિફ સોસાયટી, બ્લોક નં. ૫, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર–૩૮૩ ૦૦૧, સાબરકાંઠા ગુજરાત, મો. ૯૯૨૪૭ ૮૦૧૯૧

ખૂબસૂરત ફોરકલર ઉમદા ટાઈટલમાં અનમોલ દીની સવાલો જવાબનો આ ગુલદસ્તો દીની તથા અર્વાચીન વિદ્યાઓથી સજ્જ એવી બાકમાલ હસ્તી જનાબ મૌલાના અબ્દુલગની સાહબની મેહનતનું ફળ છે જેમાં બીમારપુર્સી, દુઆના આદાબ, પયગંબરી ગિઝાઓ (ખોરાક), ઈલ્મ તથા ઉલમાની ફઝીલત, વુઝૂ, કુર્આન શરીફના ફઝાઈલ, મૌત, ક઼બ્ર, હશ્રનું બયાન તથા જનરલ સવાલો તથા તેના જવાબો વાંચનારના ઈલ્મમાં ખૂબ જ વધારો કરે છે. સવાલો ઘણા દિલચસ્પ


**નઅત–બયાનની MP3 CD મેળવો**

✯ **મુફતી મુહમ્મદ આસિફ અબ્દુલ્લાહ ક઼ાદરી** ✯ **મૌલાના ગુલામ બગદાદી** (૩૬ બેહતરીન બયાનો) ✯ **હઝરત મૌલાના શફી ઓકાળવી સાહબ** ✯ **મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમીનાં ક્રાંતિકારી બયાનો** ✯ **હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબનાં બયાનો** ✯ **હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા** (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)નાં બયાનો તથા **અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ** તથા **અન્ય મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીની નઅતની** CD વગેરે માટે સંપર્ક કરો :–

(૧) **બોનાન્ઝા** STD PCO, ઠે. મોટા ચકલા, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૬૫, મો. ૯૪૨૭૪ ૩૭૫૯૦ **(૨)** બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

છે જેમ કે, "ત્રણ દિવસમાં કુર્આન શરીફને ઝેર, ઝબર, પેશ સાથે કોણે લખ્યું ?" તો જવાબ છે કે હઝરત બાબા ફરીદગંજ શકર رحمۃ اللہ علیہના કુટુંબમાંથી એક બુઝુર્ગ હઝરત શૈખ જુનૈદ હિસારી رحمۃ اللہ علیہએ દર્સો તદરીસની સાથે ફક્ત ત્રણ દિવસમાં આ કામ કર્યું ! ખરેખર આ કરામત જ ગણાશે. આપણને કુર્આન પઢીને ખત્મ કરતાં દિવસો થાય છે જ્યારે અહીં ત્રણ દિવસમાં કુર્આન શરીફ લખાય ગયું ! સુબ્હાનલ્લાહ ! આવા અનેક પ્રશ્નો નવયુવાનો, વિદ્યાર્થી વર્ગને તથા વડીલોને પણ ઈલ્મમાં વધારો કરે છે જેથી આ કિતાબ દરેકે મંગાવી પોતે તથા પોતાની ઔલાદને જરૂરથી વંચાવવી જોઈએ તથા "ઈસ્લામી ક્વીઝ ટાઈમ" જેવા સવાલ જવાબોના પ્રોગ્રામોમાં ખૂબ ઉપયોગી થાય તેવી કિતાબ સંપાદન કરવા બદલ નવજવાન આલિમ ફાઝિલ મૌલાના અબ્દુલગની રાજેભાઈ (M.A., L.L.B.) સાહબને ખૂબ ખૂબ મુબારકબાદ ! વાંચકો ! કિતાબ જલ્દીથી મંગાવો ! રહી જશો તો પસ્તાશો !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો ! ★

★ **બીમારપુર્સીની ફઝીલત** (**લેખક** : હઝરત મુફતી મુજીબ અશરફ સાહબ નાગપૂરી, ખલીફા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, **અનુવાદક** : હાફેઝ ઈલ્યાસ જંબુસરવાળા)

★ ***હઝરત ફુઝૈલ બિન અયાઝ*** رحمۃ اللہ علیہ (**લેખક** : હાજી ઉષ્માનભાઈ ખત્રી, તંત્રી : તયબાહ માસિક)

**પ્રકાશક** : ગરીબનવાઝ કમિટી, રેલ્વે કોલોની, ક્વાર્ટર નં. ૯૧–ડી, મુ. હાપા–૩૬૧ ૧૨૦, જિ. જામનગર, મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**પ્રેસ્ટન** : ઈસ્લામિક વેલ્ફેર મિશન તથા સુન્ની દા'વતે ઈસ્લામીના ચાહક જનાબ મુબારકભાઈ ઘંટીવાળા નબીપુરીના વાલિદ સાહબ જનાબ આદમભાઈ ઘંટીવાળાનો ઈન્તેકાલ તા. ૨૮–૧૦–૨૦૦૯ના રોજ થઈ ગયો.

**રોઝાટંકારીઆ** : જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી સાહબના વાલિદે મોહતરમ હસન ઈબ્રાહીમ વલી નાથા તા. ૧૧–૯–૨૦૦૯ રોજ ઈન્તેકાલ કરી


### વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા

**વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ**

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮


### શિફા માટે દુઆની અપીલ

અહલે સુન્નતના મહાન મુબલ્લિગ, મુફક્કિરે ઈસ્લામ, સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન (યુ.કે.) **હઝરત અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાખાં આ'ઝમી** مدظلہ العالیની તબીયત એકદમ ખરાબ હોવાથી હાલ હોસ્પિટલમાં છે. તમામ અહલે સુન્નતને અપીલ છે કે મદ્રસા, મસ્જિદોમાં નમાઝો બાદ દુઆ કરાવશો કે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તેમને શિફાએ કુલ્લિયા આપે સુન્નીઓનાં સરો પર તાદેર આપનો સાયો રહે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### સુન્ની મસ્જિદ માટે અપીલ

**ધંધુકા** : મુકામે ખાનજીવાડા મહોલ્લામાં મસ્જિદનું તા'મીરી કામ (રિનોવેશન) હાલ ચાલુ છે. આર્થિક રીતે કમજોર આ વિસ્તારમાં મસ્જિદનું કામ પૂર્ણ કરવા માટે સખીદાતાઓ પોતાના મર્હૂમોના સવાબ અર્થે ભરપુર સહાય કરે એવી નમ્ર અપીલ છે. **સંપર્ક કરો** : રબ્બાનીમિયાં સૈયદ, વહિવટકર્તા : ખાનજીવાડા મસ્જિદ, ધંધુકા, જિ. અમદાવાદ, પિન. ૩૮૨ ૪૬૦, મો. ૯૨૨૮૨ ૪૪૭૯૩ (SBI A/c. no. 56175002071)

**ખંભાત** : ખાતે નાકરાતની પોળમાં 'મસ્જિદે ચિશ્તિયા'નું કામ ચાલે છે. બે માળ થઈને ૪૨૬૦ સ્કવેર ફૂટમાં બાંધકામનો આશરે ૨૩ લાખ રૂા. ખર્ચ છે. સ્થાનિક લોકો આ ખર્ચને પહોંચી વળે તેમ નથી તો વહેલી તકે સખીદાતા પોતાની સહાય રવાના કરે. સંપર્ક કરો : સૈયદ મુદસ્સિર અલી કાસમઅલી (મો.) ૯૪૨૮૯ ૦૨૮૬૦

ગયા. સુન્નીઓ માટે બોધપાત્ર વાત એ કે તેમની દફનવિધિમાં કોઈપણ વહાબી દેવબંદીને શરીક થવા દેવામાં આવ્યા ન હતા. બદ્‌મઝહબોએ દફનવિધિમાં શરીક ન થવા મૌલાના થકી બાક઼ાયદા એલાન કરવામાં આવ્યુ હતું.

**પેટલાદ** : મોહસિને સુન્નિયત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાબાનાં અહલિયા સાહેબા હબીબુન્નિસાનો તા. ૫–૧૧–૨૦૦૯ના રોજ ગમઅંગેઝ ઈન્તેકાલ થયો. પેટલાદ મુકામે નૂરાનીબાવાની દરગાહ નજીક આપની દફનવિધિ થઈ જેમાં આમોદ, ભરૂચ, ઝંઘાર, વડોદરા, નડિયાદ, ખંભાત, ખેડા, વડોદરા, કરજણ, સાધલી, દયાદરા, થામ, વાગરા, સેગવા.... વગેરે અનેક સ્થળોએથી મોટી સંખ્યામાં ચાહકો મુરીદોએ હાજરી આપી. વિવિધ દારુલ ઉલૂમોના નાઝિમ તથા સભ્યોએ પણ હાજરી આપી હતી. નમાઝે જનાઝા પીરે તરીક઼ત હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાનીએ પઢાવી હતી.

**દયાદરા** : સાંખી જુબેદાબેન અબ્દુલ્લાહનો ઈન્તેકાલ તા. ૩–૧૧–૨૦૦૯ના રોજ થયો તથા દેસાઈ ગુલામ મુહમ્મદનો અચાનક હાર્ટ ફેઈલ થવાથી તા. ૧૩–૧૧–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ થયો.

**બોડેલી** : જનાબ ફઝલભાઈ ક઼ાસમજી દાદા (બત્તીવાળા)નાં વાલિદા સુખીબાનો ઈન્તેકાલ તા. ૧૨–૧૧–૨૦૦૯ના રોજ થયો.

મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સર્વ મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનો, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## વાંકાનેર ખાતે સંપર્ક કરો

**'બરકાતે ખ્વાજા' (માસિક)**ના ગ્રાહક થવા કે રિન્યુ કરાવવા તથા બહારે શરીઅત (સેટ) માટે તથા **'અન્જુમને રઝાએ મુસ્તફા–દયાદરા'**ના મેમ્બર થવા કે ડોનેશન (લિલ્લાહ, ઝકાત, સદક઼ા) તથા **'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'** તથા **'દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ'**ને સહાય પહોંચાડવા સંપર્ક કરો :–

(૧) **ક઼ારી શાહિદ રઝા**, સુકૂન કલોથ સ્ટોર, ઠે. એ.વી. એમ. કોમ્પલેક્ષ, ભમ્મરીયા કૂવા સામે, વાંકાનેર, મો. ૯૯૭૯૦ ૦૯૨૦૮ (૨) **મૌલાના ઝયનુલ આબિદીન મિસ્બાહી**, દારુલ ઉલૂમ ગૌષે સમદાની, પીપળીયા રાજ, તા. વાંકાનેર, મો. ૯૭૩૭૦ ૯૪૩૧૪

## :: રબ તઆલા અતિશય નેઅમતોથી નવાઝે ::

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ની 'હઝરત સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી હુસૈની લાયબ્રેરી' માટે ખૂબ જ અણમોલ તફસીર–હદીષ, ફિક઼્હની ઘણી કિતાબો U.K.થી મોકલવામાં આવી છે જે માટે હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન), હઝરત મૌલાના ઈક઼બાલ મિસ્બાહી (બોલ્ટન), જનાબ હાજી સલીમ ઈસ્માઈલ ખોજબલવાળા, જનાબ શફીકભાઈ અસૂર્યાવાળા તથા એક મુસ્લિમભાઈએ સહાય કરી તથા પાર્સલો ફ્રીમાં લાવનાર હાફેઝ ઐયૂબ કોલવણવાળાને રબ્બે કરીમ બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

*–દુઆગો : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ કમિટી*

## બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન ગ્રાહકો

- જનાબ મુશ્તાક મુન્શી વાગરાવાળા–ભરૂચ
- જનાબ મુશ્તાક દિલાવર કાળાવલીયા–પોરબંદર
- જનાબ ઈબ્રાહીમ આઝાદ થકી ક઼બ્રસ્તાન મસ્જિદ–શિનોર
- જનાબ સોહેલભાઈ કપાસીયાવાળા–ભાવનગર
- જનાબ બટેરી મોહસિન હાજી યૂસુફ–ભરૂચ
- જનાબ ઉષ્માનભાઈ ખત્રી–વડોદરા
- જનાબ મુહમ્મદ શાકિર કાસમાણી–ભાવનગર
- જનાબ શફીભાઈ કાલવા–ભાવનગર
- હાજી યુસુફ ચાંચવેલી–હુસૈનિયા, ભરૂચ

આ સૌ **રૂા. ૧૫૦૦/–** ભરી 'બરકાતે ખ્વાજા (માસિક)'ના **પેટ્રન ગ્રાહક (૧૧ વર્ષ માટે)** થયા છે. આપ પણ **પેટ્રન ફી** અથવા **આજીવન (૨૫ વર્ષ માટે) ફી ૩૫૦૦/–** ભરી સહકાર કરશો. જઝાકલ્લાહ ! *–તંત્રી*

આલમી તેહરીક ''સુન્ની દાવતે ઈસ્લામી''નો ઈલ્મો ઈર્ફાનની વર્ષા વેરતો

# ભરૂચમાં અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો

-કાર્યાલય

લોકોના દિલોમાં ઈમાનની તાજગી પેદા કરવા, સુન્નતોની ખુશ્બુથી મુસલમાનોના જીવનને ખુશ્નુમા બનાવવા, ઈશ્કે નબી ﷺથી દિલોની દુનિયાને મહેકાવવા, અહલે સુન્નતના અક઼ીદાને મજબૂત કરી ગુમરાહીના વાદળોને હટાવવા માટે આલમી તેહરીક 'સુન્ની દાવતે ઈસ્લામી'નો બે દિવસીય અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા તા. ૧૭, ૧૮ ઓક્ટોબર–૨૦૦૯ શનિ–રવિ યોજાયો જેમાં હજારોની સંખ્યામાં નબી પાક ﷺના દીવાનાઓ તથા દીવાનીઓ રહમતો નૂરની વર્ષામાં તરબોળ થવા 'વાદીએ રહમત' સબ જેલ ગ્રાઉન્ડ–ભરૂચ ખાતે ઉમટી પડયાં હતાં. શનિવાર ઝહોરથી ઔરતોનો ઈજતેમા આલે રસૂલ હઝરત સૈયદ અમીનુદ્દીન સાહબ માલેગાંવીની મુબારક દુઆ સાથે શરૂ થયો. ભરૂચ શહેર ઉપરાંત જંબુસર, વાગરા, કરજણ, વડોદરા, આમોદ, નાદોદ, નર્મદા, અંકલેશ્વર વગેરે તાલુકાઓમાંથી હજારોની સંખ્યામાં ઔરતોએ હાજરી આપી. સુન્ની દાવતે ઈસ્લામના મુબલ્લિગો હાફેઝ અબ્દુર્રહીમ, જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાલા, જનાબ સૈયદ અમીન સાહબ માલેગાંવી, રાશિદભાઈ–મુંબઈ વગેરેએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા તથા સ્ત્રીઓની ઈસ્લાહ સંબંધે વલવલા અંગેઝ બયાનો કર્યા. અસર પહેલાં સીરાજુલ ફુક઼હા હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી સાહબને લાઈવ સવાલો જવાબવાળો પ્રોગ્રામ ચાલ્યો જેમાં બહેનોએ દીની દિલચસ્પ પ્રશ્નો પૂછી જાણકારી હાંસલ કરી. અસર બાદ અમીરે સુન્ની દાવતે ઈસ્લામ હઝરત મૌલાના શાકિરઅલી નૂરી રઝવી સાહબે કૌટુંબિક જીવનમાં સુકૂનનો માર્ગ દર્શાવતું કુર્આનની આયતો હદીષોથી સજેલું અસરકારક બયાન કર્યું. મગરિબ બાદ દુઆ ઝિક્ર સાથે ઔરતોનો ઈજતેમા કામયાબીથી પૂર્ણ થયો. રવિવારે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી જનાબ હાફેઝ અબ્દુર્રહીમ થકી 'હાજીઓનો તર્બિયતી કેમ્પ' થયો. ૧૦ વાગ્યાથી મર્દોનો ઈજતેમાં શરૂ થયો જેમાં હાફેઝ અબ્દુર્રહીમ, સુલ્તાન રઝા (વડોદરા), રાશિદભાઈ (મુંબઈ), જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાલા, મૌલાના સાદિક સાબરી દહેગામ થકી નઅતો બયાનનો ક્રમ ચાલુ રહ્યો. સાડા ત્રણ વાગ્યાથી બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં દુરૂદ, દુઆઓ તથા મસાઈલ શ્રોતાઓને શીખવાડયા અને નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. નઅત ખ્વાં જનાબ સૈયદ અહમદે પણ નઅતો પેશ કરી અવામને ઝુમાવી દીધી હતી. અસરથી મગરિબ અને ત્યારબાદ ઈશા અગાઉ સુધી હઝરત ક઼િબ્લા મુફ્તી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી થકી સવાલો જવાબનો પ્રોગ્રામ ચાલ્યો જેમાં અક઼ીદા વિશે તથા હજ્જ સંબંધી તથા અન્ય અટપટા પ્રશ્નો શ્રોતામાંથી આવ્યા જેના સચોટ જવાબો આપી લોકોના ઈલ્મેદીનમાં આપે વધારો કર્યો તથા ઈમાનમાં મજબૂતી પેદા કરી. અંતમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામીએ નવયુવાનોને દીનો સુન્નિયત માટે ઝંઝોળી કાઢતું બયાન કર્યું જેમાં કેટલાય લોકોની આંખોમાં આંસૂં તરી આવતાં હતાં. છેવટે ઝિક્ર દુઆ સાથે ઈજતેમા કામયાબી સાથે ખત્મ થયો.

**અલ્લાહ જ્ઝાએ ખૈર આપે**

**ભરૂચ** : જનાબ મુન્શી મુશ્તાક વાગરાવાળા તરફથી તેમનાં ફરઝંદો (૧) શાહીનબાનુ (**M.C.A. Last Year**) (૨) મુહમ્મદ શોએબ (**E.C. Degree Engr. Last Year**) (૩) શબિસ્તા (**M.B.B.S. 1st Year**)માં અભ્યાસ કરે છે તેની ખુશીમાં રૂા. ૫૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં ઔલાદને દીન તથા દુનિયામાં તરક્કી આપે, બંને જહાનમાં સૌને આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**રાજપારડી** : જનાબ ખત્રી હાજી ઈલ્યાસભાઈ ગુડલક ફાર્મવાળાને ત્યાં પૌત્રનો જન્મ થયો છે, નામ 'મુહમ્મદ' રાખેલ છે તેની ખુશીમાં રૂા. ૧૦૦/– 'બરકાતે ખ્વાજા' (માસિક)ને આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા નવાંગતુકને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પેટલાદ** : જનાબ જાવિદ અલી સૈયદ અસ્ગર અલી થકી મર્હૂમ ગુલામ દસ્તગીર શમસાદ અલી સૈયદ, મર્હૂમ હૈદર અલી ફઝલે અલી સૈયદ તથા મર્હૂમ દોસ્ત મુહમ્મદખાન ઈબ્રાહીમખાનના સવાબ અર્થે રૂા. ૩૫૧/– 'બરકાતે ખ્વાજા' (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"નો

# મુંબઈમાં થયેલો કામયાબ સુન્ની ઈજતેમા

કાર્યાલય

'સુન્ની દા'વતે ઈસ્લામી'નો વાદીએ નૂર–આઝાદ મેદાન મુંબઈ ખાતે થતો સુન્ની ઈજતેમા દર વર્ષે અધિક નિખાર પેદા કરી રહ્યો છે. આ વર્ષે પણ અહલે સુન્નતના ટોચના ઉલમા તથા સ્કોલર્સે પોતાના સીનામાંની ઈલ્મી રૂહાની સુવાસ વડે આવનારાંઓનાં દિલો દિમાગને તરબતર કરી ઈમાનમાં તાજગીની રૂહ ફૂંકી હતી. તા. ૩૦ ઓકટોબર–૨૦૦૯ના જુમ્આની નમાઝ બાદથી ઈશા સુધી ઔરતોનો પર્દાના એહતેમામ સાથે યોજાયેલ ઈજતેમા ખૂબ જ ડિસિપ્લીન સાથે યોજાયો જેમાં લાખોની સંખ્યામાં નબી પાક ﷺની દીવાનીઓ, ઈલ્મે દીનની પ્યાસી બહેનો મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત વગેરેના વિવિધ ઈલાકાઓમાંથી ઉમટી પડી હતી. જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે પોતાની આગવી અદામાં નઅત સાથે ઈસ્લાહી બયાન કરતા રહી ઉમદા રીતે નિઝામત સંભાળી હતી. ઉપરાંત અન્ય મુબલ્લિગો જનાબ સૈયદ અમીન માલેગાંવી, જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળા, જનાબ રાશિદભાઈ વગેરેએ નઅતો બયાન રજૂ કર્યાં. અસરથી મગરિબ સુધી હઝરત કિબ્લા મુફતી નિઝામુદ્દીન સાહબ (સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપુર)નો સવાલો જવાબનો વિભાગ ચાલ્યો જેમાં બહેનોએ રજૂ કરેલા વિવિધ દીની પ્રશ્નો તથા પોતાની સમસ્યાઓનો હલ હઝરતે આસાન રીતે રજૂ કર્યો હતો. મગરિબ પછી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવીએ 'ઝબાનની હિફાઝત' પર અસર અંગેઝ બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ સાથે ઔરતોનો ઈજતેમા ખત્મ થયો હતો. ૩૧–ઓકટો. શનિવાર ફજરથી મર્દોનો ઈજતેમા શરૂ થયો જેમાં મુબલ્લિગ રાશિદ ભાઈએ ચાશત તથા ઈશરાકના નવાફિલની ફઝીલત બતાવી હતી અને મજમામાં હાઝરીને એ નફ્લો પઢયા સાથે વિર્દો વઝાઈફ કર્યા હતા. ત્યારબાદ ક્રમે ક્રમે ઈજતેમા આગળ ચાલ્યો જેમાં નમાઝની તર્બિયત, વિવિધ દુઆઓ તથા જરૂરી મસાઈલની તા'લીમ ચાલતી રહી. ઉલમાએ કિરામનાં બયાનો થયાં જેમાં હઝરત અલ્લામા મૌલાના ઈફતેખાર મિસ્બાહી (મદીના શરીફ) તથા અચ્છે રઝા ! પ્યારે રઝા ! વાળા આશિકે રઝા મૌલાના અન્વાર અહમદ ઈન્દોરી, હઝરત સૈયદ અમીન માલેગાંવી વગેરેનાં લાજવાબ બયાનો થયાં. અસરથી મગરિબ સવાલો જવાબના વિભાગમાં હઝરત મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી સાહબે અવામના પ્રશ્નોના હલ દર્શાવ્યા એ ક્રમ મગરિબ બાદ પણ ચાલુ રહ્યો ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું લાખોના મજમામાં વલવલાઅંગેઝ બયાન થયું. સલાતો સલામ બાદ હલકાઓમાં મુબલ્લિગોએ અવામને નમાઝ, વુઝૂ, સુન્નતો વગેરે વિષયે મસાઈલ શીખવ્યા, ત્યારબાદ પબ્લિકને ત્યાં જ સૂવાડી અને તહજ્જુદની અઝાનથી ત્રીજા દિવસનો ઈજતેમા શરૂ થયો જે ક્રમે ક્રમે ચાલુ રહ્યો. સવારના નવથી ૧૨.૩૦ સુધી 'હાજીઓનો તર્બિયતી પ્રોગ્રામ' અલ્હાજ કારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાજમાં ચલાવ્યો જેમાં હાજરજનોને ભાવવિભોર બનાવી દીધા હતા. ઝહોર બાદ બયાનોનો નઅતોનો ક્રમ ચાલ્યો જેમાં હઝરત મુફતી કુદરતુલ્લાહ, અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી જેવા ટોચના ઉલમાની હાજરીમાં મુફતી અબ્દુસ્સત્તાર જયપૂરી, મૌલાના શમ્સુદ્દીન સાહબ (મકરાના) તથા બ્રિટનથી આવેલ મૌલાના ખાલિદ સાહબ વગેરેનાં બયાનો બાદ જામિઆ ગૌષિયા–મુંબઈ (તેહરીકના દારુલ ઉલૂમ)માંથી ફારિગ થનારા માટે ખત્મે બુખારી મૌલાના ઈફતેખાર મિસ્બાહીએ કરાવી દસ્તારબંદીનો રોનક અફરોઝ મંઝર રચાયો. અસર બાદ સવાલો જવાબનો પ્રોગ્રામ હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી થકી થયો. લાખોના મજમામાંથી અસંખ્ય રસપ્રદ દીની સવાલો આવતા હતા જેનો હલ મુફતી સાહબ કરતા રહ્યા. મગરિબ બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું બયાન 'જમીન પર ફસાદ ન ફેલાવો, તેનો હક્ક અદા કરો !' એ વિષયમાં પુષ્કળ કુર્આની આયતો, હદીષો, બુઝુર્ગોના વાક્યા વર્ણવી હાજરજનોનાં દિલોને હચમચાવી દીધાં હતાં. અંતમાં ઈશા બાદ દુઆ, ઝિક્ર, સલાતો સલામ સાથે ઈજતેમા ખૂબ જ કામયાબી સાથે ઈજતેમા પૂર્ણ થયો.